અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૧ મે ૨૦૨૪, મંગળવાર
વિક્રમ સંવત ૨૦૮૦, વૈશાખ સુદ ૧૩

વર્ષ : ૧૫
અંક : ૨૯૦

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

પશ્ચિમ બંગાળમાં ઘણી જગ્યાએ ઘર્ષણની ઘટના । પશ્ચિમ બંગાળમાં સૌથી વધુ મતદાન નોંધાયું છે, જ્યારે મહારાષ્ટ્રમાં સૌથી ઓછું મતદાન નોંધાયું છે

## લોકસભા ચૂંટણીના પાંચમા તબક્કામાં ૫૬.૬૮ ટકા સરેરાશ મતદાન થયું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।

લોકસભા ૨૦૨૪ની ચૂંટણીના પાંચમાં તબક્કા હેઠળ આજે ૮ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોની ૪૯ સંસદીય બેઠકો માટે મતદાન થયું હતું. આ સાથે ઓડિશા વિધાનસભાના બીજા તબક્કા માટે પણ આજે મતદાન થયું હતું. આજનું મતદાન શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થયું છે. સાંજે ૫ વાગ્યા સુધી ૫૬.૬૮ ટકા મતદાન થયું છે. જેમાં બંગાળમાં સૌથી વધુ ૭૩ ટકા મતદાન થયું છે. લોકસભા ચૂંટણીના પાંચમા તબક્કામાં બપોરે ૫ વાગ્યા સુધી ૫૬.૬૮ ટકા સરેરાશ મતદાન થયું છે. આ સાથે ૮ રાજ્યોના કેટલું મતદાન થયું તેના પણ આંકડા ચૂંટણી પંચે જાહેર કર્યા છે. પશ્ચિમ બંગાળમાં સૌથી વધુ મતદાન નોંધાયું છે. જ્યારે મહારાષ્ટ્રમાં સૌથી ઓછું મતદાન નોંધાયું છે. પૂર્વ ક્રિકેટર અને ચૂંટણીના નેશનલ આઈકોન સચિન તેંડુલકર અને તેમના પુત્ર અર્જુન તેંડુલકરે મુંબઈમાં મતદાન કર્યું હતું.

રાહુલ ગાંધી રાયબરેલીમાં મતદાન મથકનું નિરીક્ષણ કરવા પહોંચ્યા હતા. આ દરમિયાન રાહુલ ગાંધીએ મતદારો સાથે વાતચીત પણ કરી હતી. કોંગ્રેસે સોશિય મીડિયા પોસ્ટ કરીને કહ્યું કે, રાયબરેલીમાં સન્માનિત મતદારોની વચ્ચે પહોંચ્યા



જનનાયક. આ લડાઈ લોકશાહી અને બંધારણને બચાવવાની છે. અમે સાથે મળીને લડીશું અને જીતીશું.' અગાઉ રાહુલ ગાંધીએ રાયબરેલી પહોંચીને સૌથી પહેલા પીપલેશ્વર હનુમાન મંદિરમાં પ્રાર્થના કરી હતી. પશ્ચિમ બંગાળમાં પણ ઘણી જગ્યાએ ઘર્ષણની ઘટનાના અહેવાલ આવ્યા હતા. સાત બેઠકો પર ચાલી રહેલા મતદાન દરમિયાન, હુગલીના આરામબાગમાં ટીએમસીના એક નેતા પર ભાજપના કાર્યકરો દ્વારા કથિત રીતે હુમલો કરવામાં આવ્યો હતો, જેના કારણે તે ગંભીર રીતે ઘાયલ થયા હતા. ખાનકુલમાં પણ કાર્યકર્તાઓ વચ્ચે ઘર્ષણ થયું હતું. હાવડા જિલ્લાના ઉલુબેરિયા અને સાલ્કિયામાં ભાજપ અને ટીએમસીના નેતાઓ વચ્ચે ઘર્ષણ થયું હતું. ઉદ્ધવ ઠાકરેએ મત આપ્યા બાદ કહ્યું કે 'આ વખતે લોકો જુમલેબાજીના વિરુદ્ધમાં છે. લોકો દેશને બચાવવા વોટ આપશે. મને આશા છે કે મતદાનની ટકાવારી વધશે. લોકો મોટી સંખ્યામાં બહાર આવી રહ્યા છે.' આજે ૫માં તબક્કાના મતદાન દરમિયાન ઉત્તર પ્રદેશના મહોબામાં ફરજ પરના એક સીઆરપીએફ જવાનનું મોત થયું છે. તો બીજી તરફ પશ્ચિમ બંગાળના બેરકપુરથી ભાજપના ઉમેદવાર અર્જુન સિંહ અને તૃણમૂલના સમર્થકો વચ્ચે ઘર્ષણ થયું છે. કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલ ઉપરાંત બસપા સુપ્રીમો માયાવતી, સતીશ ચંદ્ર મિશ્રાએ લખનઉમાં મતદાન કર્યું છે. રાહુલ ગાંધી સામે ચૂંટણી લડી રહેલા દિનેશ પ્રતાપ સિંહે રાયબરેલીમાં મતદાન કર્યું હતું. નોંધનીય છે કે ૫૪૩ લોકસભા બેઠકોના ચોથા તબક્કા સુધી ૩૮૦ બેઠકો પર મતદાન થઈ ચૂક્યું છે. આજની બેઠકો સહિત કુલ ૪૨૯ બેઠકો પર મતદાન પૂર્ણ થશે. બાકીના બે તબક્કામાં ૧૧૪ બેઠકો પર મતદાન થશે. આજે પાંચમા તબક્કામાં મુંબઈમાં મતદાન થઈ રહ્યું છે. ત્યારે ફિલ્મી સ્ટાર્સે પણ મતદાનની ફરજ નિભાવી હતી. અભિનેત્રી જાહનવી કપૂર મુંબઈના મતદાન મથક પર આવી હતી. આ દરમિયાન, તેમણે દરેકને મત આપવાની અપીલ કરી હતી. આ સિવાય અભિનેતા ફરહાન અખ્તર અને તેની બહેન ઝોયા અખ્તર મુંબઈના મતદાન મથક પર પહોંચીને મત આપ્યો હતો. બોલિવૂડ અભિનેતા અક્ષય કુમારે પણ આજે સવારે મતા આપ્યો હતો. આ પછી તેમણે કહ્યું કે હું ભારતનો વિકાસ કરવા માંગું છું.

ઝડપાયેલા શંકાસ્પદો પાસેથી અમદાવાદથી ચેન્નઈ જવાની ટિકિટ મળી

## ATS દ્વારા અમદાવાદ એરપોર્ટ પરથી ISISના ૪ આતંકવાદીઓની ધરપકડ

। (એજન્સી) અમદાવાદ, તા.૨૦ ।

ગુજરાત ATS એ અમદાવાદ એરપોર્ટથી ૪ શંકાસ્પદ વ્યક્તિઓને ઝડપાયી પાડ્યા છે. આ તમામ શખ્સો આતંકી સંગઠન ISIS સાથે સંકળાયેલા હોવાની પ્રાથમિક માહિતી મળી હતી. જેના આધારે તેની ATS દ્વારા ઝડપી પાડવામાં આવ્યા છે. જેને લઈને ATS દ્વારા પ્રેસ કોન્ફરન્સ કરીને માહિતી આપવામાં આવી હતી. ૧૮ મેના રોજ ગુજરાત પોલીસના ATS માં ફરજ બજાવતા Dysp હર્ષ ઉપાધ્યાયને એક ખાનગી બાતમીદારથી એવી માહિતી મળી હતી કે, ૪ વ્યક્તિઓ જેના નામ છે, મોહમદ નુસરત, મોહમદ નુફરાલ, મોહમદ ફારીસ અને મોહમદ રજદીન. આ ૪ વ્યક્તિઓ મૂળ શ્રીલંકામાં રહેવાસી છે. આતંકવાદી પ્રતિબંધિત સંસ્થા ઈસ્લામિક સ્ટેટના સક્રિય સભ્યો છે. આ ૪ લોકો સંપૂર્ણપણે ISIS જે વિચારધારા ધરાવી રહ્યા છે. ઝડપાયેલા શંકાસ્પદો પાસેથી અમદાવાદથી ચેન્નઈ જવાની ટિકિટ મળી છે. ભારતમાં કોઈ પણ જગ્યાએ, આતંકવાદી કૃત્ય કરવા માટે આવવાના છે. કદાચ માહિતી મુજબ ૧૮ તારીખે અથવા ૧૯ તારીખે અમદાવાદ આવવાના છે, હવાઈ માર્ગે અથવા રેલ માર્ગે આવશે. આ પ્રકારની માહિતી મળતાની સાથે Dysp હર્ષ ઉપાધ્યાય ATS મા ફરજ બજાવતા વરિષ્ઠ પોલીસ અધિકારીઓ સાથે આ માહિતી શેર કરવામાં આવી અને તેનું એનાલિસિસ કરવામાં આવ્યું અને આ બાતમીના આધારે અલગ અલગ પ્રકારે સ્ટ્રેટજી બનાવવામાં આવી હતી. પ્રાથમિક માહિતીમાં એ લોકો કયા રસ્તે, કેટલા વાગ્યે આવવાના છે. તેવી કોઈ ચોક્કસ માહિતી ન હોવાના કારણે ATSના અલગ અલગ અધિકારી નેતૃત્વમાં અલગ અલગ ટીમ બનાવવામાં આવી હતી. દક્ષિણ તરફથી આવતા તમામ રેલવે અને ફ્લાઈટની વિગતો ઉપલબ્ધ કરવામાં આવી હતી અને તે વિગતમાં તમામ ફ્લાઈટસ્ અને રેલવેના પેસેન્જરોની લિસ્ટનું એનાલિસિસ કરવામાં આવ્યું હતું. આ એનાલિસિસ કરતા એક ટીમને સફળતા મળી છે. આ ૪ લોકોના નામની માહિતી મળી હતી. એક જ PNR માં ચેન્નઈથી અમદાવાદ ઈન્ડિગો ફ્લાઈટ નંબર ૬ ઈ૮૪૮ ના પેસેન્જરના લિસ્ટમાં એ લોકોના નામ મળ્યા હતા. માહિતી મુજબ એ લોકો શ્રીલંકાના હોવાથી અન્ય સિસ્ટર એજન્સીઓની મદદ લઈને કોલંબોથી આ પ્રકારનું વેરિફિકેશન કરવામાં આવ્યું હતું. ત્યાંથી પણ જાણવા મળ્યું કે આ ૪ લોકો એ જ PNR માં કોલંબોથી ચેન્નઈ આવવાના હતા.

માહિતીની પૃષ્ઠી થતા અમદાવાદના ATSના અધિકારીઓની ટીમ બનાવીને ખાનગીમાં વોચ રાખવામાં આવી હતી. આ ૪ લોકો ૧૯ મી તારીખે સવારે ૩ વાગ્યે શ્રીલંકાથી ચેન્નઈ પહોંચ્યા અને ચેન્નઈથી ઈન્ડિગો ફ્લાઈટ નંબર ૬ ઈ૮૪૮માં રવાના થઈ ૧૯ તારીખે સાંજે લગભગ ૮ વાગ્યે અમદાવાદ એરપોર્ટ પહોંચ્યા હતા. આ દરમિયાન ATSના અધિકારીઓ દ્વારા એરપોર્ટેથી જ આ ૪ લોકોની અટકાયત કરવામાં આવી હતી. ધરપકડ બાદ તેઓને ATS લાવવામાં આવ્યા ત્યારે તેમની પાસેથી ૨ મોબાઈલ ફોન, તમામ ૪ લોકોના પાસપોર્ટ અને શ્રીલંકા અને ભારતની ચલણી નોટો મળી આવી હતી. આ સાથે જ તેમની સૂટકેસમાં ISISની ફલેગ પણ મળી આવી હતી. પૂછપરછ દરમિયાન જાણવા મળ્યું કે, આ ૪ લોકો ફેબ્રુઆરી ૨૦૨૪માં મૂળ શ્રીલંકન અને હાલ પાકિસ્તાનમાં રહેતા ISIS ના નેતા અબુના સંપર્કમાં આવ્યા હતા. ત્યારથી લઈને અત્યાર સુધી સોશિયલ મીડિયા મારફતે તેમના સંપર્કમાં રહ્યા હતા. આ બાદ ISISની વિચરધારાથી આ સંપૂર્ણપણે ઓળઘોળ થઈ ગયા હતા અને શ્યૂસાઈડ બોમ્બ સુધીની પણ તૈયારી બતાવી હતી. અબુએ ભારતમાં કોઈ પણ કૃત્ય કરવા માટે પ્રોત્સાહન આપ્યું હતું. આ સમગ્ર કામગીરી કરવા માટે અબુએ શ્રીલંકન કરન્સીમાં ૪ લાખ પણ આપ્યા હતા.

### અમદાવાદ નજીક નાના ચિલોડામાં આ લોકેશન પર હથિયાર ભરેલો પોટલો રાખવામાં આવી



તેમની પાસેથી જે મોબાઈલ ફોન મળી આવ્યા છે તેમાં અનેક પ્રકાર ફોટોઝ અને વીડિયો જોવા મળ્યા છે, જેનાથી કહી શકાય કે તે ISISની વિચારધારા માની રહ્યા હતી અને તેના સક્રિય સભ્ય પણ બની ગયા હતા. જ્યારે વધુ પૂછપરછ કરવામાં આવતા જ અને મોબાઈલની બારીકાઈ ચકાસણી કરવામાં આવતા ગેલેરીમાં અમુક લોકોશન મળ્યા અને સાથે ફોટો પણ મળ્યા હતા. આ અંગે આ શખ્સોને પૂછવામાં આવતા તેમણે જણાવ્યું કે, અમદાવાદ નજીક નાના ચિલોડામાં આ લોકેશન પર હથિયાર ભરેલો પોટલો રાખવામાં આવી છે, જે પાકિસ્તાન સ્થિત લેના લીડરે રાખી છે ત્યારે લેવા માટે પોટલાનો ફોટો પણ આપવામાં આવ્યો હતો. આ વાત સામે આવતા જ ATSની ટીમ દ્વારા આ લોકેશનની તપાસ કરવામાં આવી હતી અને ત્યારે જે રીતે જણાવવામાં આવ્યું હતું તે રીતે પોટલામાં ૩ બટલ પર સ્ટારવાળી પિસ્ટલ મળી આવી હતી અને તેની સાથે ૨૦ કારતુસ પણ મળી આવ્યા છે. આ પિસ્તોલના કાર્તિઝ પર FATA લખેલું છે જેનું આખું નામ Federally Administered Tribal Areas થાય છે, જે પાકિસ્તાનમાં આવેલું છે.

વડાપ્રધાન મોદીએ અફસોસ વ્યક્ત કર્યો

## ઈરાનમાં હેલિકોપ્ટર ક્રેશ થતા રાષ્ટ્રપતિ ઈબ્રાહિમ રાયસીનું મોત

। (એજન્સી) તહેરાન, તા.૨૦ ।

ઈરાન અને ઈઝરાયલ વચ્ચે તણાવ ચાલે છે ત્યારે એક હેલિકોપ્ટર દુર્ઘટનામાં ઈરાનના રાષ્ટ્રપતિ ઈબ્રાહિમ રાયસી અને વિદેશ મંત્રી હોસૈન અમીર-અબ્દોલ્લાહિયનનું મોત નીપજ્યું છે. આ ઘટના એવા સમયે બની છે જ્યારે ઈઝરાયલને પણ શંકાની નજરે જોવામાં આવે છે અને તેમાં કોઈ બહારની તાકાતનો હાથ છે કે નહીં તેવી અટકળો થઈ રહી છે.

અઝરબૈજાન-ઈરાની સરહદ નજીક રવિવારે ક્રેશ થયેલા હેલિકોપ્ટરનો કાટમાળ સોમવારે સવારે મળી આવ્યો હતો. આ ઘટના અંગે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અફસોસ વ્યક્ત કર્યો છે. તપાસ એજન્સીઓએ જણાવ્યા પ્રમાણે હેલિકોપ્ટર ભારે ધુમ્મસમાં પર્વતીય પ્રદેશને પાર કરી રહ્યું હતું ત્યારે અચાનક તૂટી પડ્યું હતું. ઈરાનના પ્રેસિડન્ટ રાયસી, વિદેશ પ્રધાન અને અન્ય અધિકારીઓ ઈરાનના ઉત્તર-પશ્ચિમમાં અઝરબૈજાન સાથેની સરહદની મુલાકાતથી પાછા ફરી રહ્યા હતા. ન્યૂઝ એજન્સીના જણાવ્યા અનુસાર હેલિકોપ્ટલ દુર્ઘટનામાં સવાર તમામ મુસાફરોના મોત થયા છે. ઈરાનના રાષ્ટ્રપતિને સાંકળતી આ દુર્ઘટનામાં હેલિકોપ્ટર સંપૂર્ણપણે બળીને ખાખ થયું છે. ઘટનાના ૧૬ કલાક બાદ હેલિકોપ્ટરનો કાટમાળ મળી આવ્યો હતો. તુર્કીના એક ડ્રોને ઘટના સ્થળે તપાસ કર્યા બાદ બચાવ ટીમ ત્યાં પહોંચી હતી.

પડોશી દેશ તુર્કી પણ બચાવકાર્યમાં સામેલ છે. તુર્કીએ ૭ વાહનો અને ૩૨ પર્વતારોહકો અને બચાવ કાર્યકરોને ઈરાન મોકલ્યા છે. ઉત્તર-પશ્ચિમ ઈરાનમાં રવિવારે હેલિકોપ્ટર ક્રેશ થયું તેમાં ત્રણ અધિકારીઓ, એક ઈમામ અને હેલિકોપ્ટર ક્રૂ અને સુરક્ષા ટીમના સભ્યો સહિત નવ લોકો સવાર હતા તેવી મમાહિતી મળી છે. ઈબ્રાહિમ રઈસી ઈરાનના પૂર્વમાં આવેલા અઝરબૈજાન પ્રાંતમાં મુસાફરી કરી રહ્યા હતા. આ અકસ્માત ઈરાનની રાજધાની તેહરાનથી ૬૦૦ કિમી દૂજોલ્ફા વિસ્તાર નજીક થયો હતો.

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઈરાનના પ્રેસિડન્ટના મૃત્યુ પર અફસોસ વ્યક્ત કરતા કહ્યું કે તેમણે ભારત-ઈરાનના સંબંધોને મજબૂતી આપવા માટે જે યોગદાન આપ્યું તેને યાદ રાખવામાં આવશે. ઈરાન અને ઈરાનના લોકો પ્રત્યે હું મારી સંવેદના વ્યક્ત કરું છું.

દરમિયાન ઈરાનમાં મોહમ્મદ મોખબેરને વચગાળાના રાષ્ટ્રપતિ બનાવવામાં આવશે તેવી જાહેરાત થઈ છે. ઈરાનના બંધારણ પ્રમાણે રાષ્ટ્રપતિનું ચાલુ ટર્મમાં મૃત્યુ થાય તો ફર્સ્ટ વાઈસ પ્રેસિડન્ટના હોદ્દા પર રહેલી વ્યક્તિને કામચલાઉ ધોરણે રાષટ્રપતિ બનાવવામાં આવે છે. ત્યાર પછી ૫૦ દિવસની અંદર નવા રાષ્ટ્રપતિ માટે એક કાઉન્સિલ દ્વારા નિર્ણય લેવામાં આવશે. બચાવકર્તાઓ સ્થળ પર પહોંચવાનો પ્રયાસ કરી રહ્યા હતા. પરંતુ ખરાબ હવામાનના કારણે તેઓને અવરોધનો સામનો કરવો પડી રહ્યો છે. પવન સાથે ભારે વરસાદ અને ધુમ્મસનો સામનો કરવો પડી રહ્યો છે.



હેલિકોપ્ટર ધુમ્મસમાં પર્વતીય પ્રદેશને પાર કરી રહ્યું હતું ત્યારે અચાનક તૂટી પડ્યું હતું : વિદેશમંત્રીનું પણ મોત

### બોલિવુડ અક્ષય કુમારે કર્યું પ્રથમ વખત મતદાન

। (એજન્સી) મુંબઈ, તા.૨૦ ।

આજે દેશભરમાં લોકસભા ચૂંટણી ૨૦૨૪ના ૫મા તબક્કામાંનું મતદાન થઈ રહ્યું છે. જેમાં ૮ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની ૪૯ લોકસભા બેઠકો માટે જનતા તેમના પ્રતિનિધિની નિમણૂક કરવા આતુર જણાઈ રહયા છે. પાંચમા તબક્કામાં મહારાષ્ટ્રની ૧૩, ઉત્તર પ્રદેશની ૧૪, પશ્ચિમ બંગાળની ૭, બિહારની ૫, ઝારખંડની ૩ અને ઓડિશાની ૫ બેઠકો પર મતદાન થઈ રહ્યું છે. સાથે જ આ તબક્કામાં જમ્મુ-કાશ્મીર અને લદ્દાખમાં એક-એક સીટ પર મતદાન થઈ રહ્યું છે. દરમિયાનમાં આજે મહારાષ્ટ્રમાં મતદાન થઈ રહ્યું હોવાથી બોલિવૂડની જાણીતી અનેક ખ્યાતનામ હસ્તીઓએ પણ પોતાનો મત નોંધાવ્યો અને જાહેર જનતાને પણ મત આપવા અપીલ કરી છે.

૪૮ કલાકથી રહેણાંકમાં ધામા નાખતા સ્થાનિકોમાં ફફડાટ

## કોડિનારના રેવન્યુ વિસ્તારમાં વિફરેલી સિંહણે આતંક મચાવ્યો

### ગ્રામજનો એક જ માંગ કરી રહ્યા છે કે, તાત્કાલિક આ સિંહ પરિવારને વન વિભાગ પકડે એટલે અમને રાહતનો શ્વાસ મળે

। (એજન્સી) કોડિનાર,તા.૨૦ ।

ગીર સોમનાથમાં કોડીનારના રેવન્યુ વિસ્તાર અને નવાગામની વાડી વિસ્તારમાં પરિવાર સાથે વિફરેલી સિંહણે આતંક મચાવ્યો છે, સિંહણે માનવ હુમલો કરતા લોકોમાં ફફટાડ ફેલાયો છે,સિંહ પરિવારના આતંકને કારણે ગીર સોમનાથ જીલ્લાનું નવાગામ અને આસપાસનો વિસ્તાર થરથર કાપી રહ્યો છે,આસપાસનાં ગામો પણ આ વિફરેલી સિંહણનાં ભયના ઓથાર તળે જોવા મળે છે. ત્યારે ગ્રામજનો એક જ માંગ કરી રહ્યા છે કે, તાત્કાલિક આ સિંહ પરિવારને વન વિભાગ પકડે એટલે અમને રાહતનો શ્વાસ મળે. ગીર સોમનાથ જિલ્લાનાં કોડીનાર તાલુકાના રેવન્યુ વિસ્તારમાં અને નવાગામના વાડી વિસ્તારમાં પરિવાર સાથે વિફરેલી સિંહણે આતંક મચાવ્યો છે. છેલ્લી ૪૮ કલાકમાં ૧ માનવ હુમલો અને રેસીડેન્સીયલ કોલોનીમાં ઘૂસી જતા લોકો ભયભીત બન્યા છે. સિંહ પરિવારનાં આતંકને કારણે ગીર સોમનાથ જીલ્લાનું નવાગામ અને આસપાસનો વિસ્તાર થરથર કાપી રહ્યો છે.આસપાસનાં ગામો પણ આ વિફરેલી સિંહણનાં ભયના ઓથાર તળે જોવા મળે છે. ત્યારે ગ્રામજનો એક જ માંગ કરી રહ્યા છે કે,તાત્કાલિક આ સિંહ પરિવારને વન વિભાગ અહીંથી પકડી અને જંગલમાં મુક્ત કરે. જોકે આ સિંહ પરિવારને પકડવા વન વિભાગની ટીમો બે દિવસથી જહેમત ઉઠાવી રહી છે.પણ સફળતા નથી મળી. હાલમાં ભીષણ ગરમી તેનુ અસલી સ્વરૂપ બતાવી રહી છે ત્યારે ગરમી અને ઉકળાટથી વન્ય પ્રાણીઓ પણ ત્રાહિમામ પોકારી ગયા હોય તેવું લાગી રહ્યું છે.

ગીર જંગલ વિસ્તારમાંથી પાણી અને ખોરાકની શોધમાં સિંહો ગીર જંગલ છોડી ગીર બોર્ડર વિસ્તારના ગામોમાં આવી ચડે છે. હવે સિંહોએ રેવન્યુ વિસ્તારમાં ધામા નાખતા લોકોમાં ભારે ભય ફેલાયો છે.

ગત તારીખ ૧૬ના રોજ વહેલી સવારે કોડીનાર ખાનગી કોલોની સિમેન્ટ કંપની કોલોનીમાં સિંહ પરિવાર ઘૂસ્યો હતો અને પોતાના બચ્ચાને કોલોનીમાં એકલા મૂકી સિંહણ જતી રહી હતી. જેને વનવિભાગે ૧૨ કલાકની ભારે જહેમત બાદ સિંહ,સિંહણ અને ૩ બચ્ચાંઓનું મિલન કરાવ્યું હતુ.

### આપને ૨૦૧૪થી ૨૦૨૨ દરમિયાન ૭.૦૮ કરોડ રૂપિયાનું વિદેશી ફન્ડ પ્રાપ્ત થયું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।

નવી દિલ્હીના શરાબ નીતિ કૌભાંડમાં ફસાયેલી આમ આદમી પાર્ટીની મુશ્કેલીઓ ઘટવાનું નામ લઈ રહી નથી. કોર્ટમાં ચાલી રહેલા કેસની વચ્ચે હવે ઈડી આમ આદમી પાર્ટીના વિદેશ ફન્ડને લઈને મોટો ખુલાસો કર્યો છે. પ્રાપ્ત માહિતી મુજબ ઈડીએ કેન્દ્રીય ગૃહ મંત્રાલયને જણાવ્યું કે આપને ૨૦૧૪થી ૨૦૨૨ દરમિયાન ૭.૦૮ કરોડ રૂપિયાનું વિદેશી ફન્ડ પ્રાપ્ત થયું છે. તપાસ એજન્સીએ પાર્ટ પર આ વિદેશ ફન્ડમાંથી પ્રાપ્ત એફસીઆરએ, આરપીએ અને આઈપીસીનું ઉલ્લંઘન કરવાનો આરોપ લગાવ્યો છે. આ ફન્ડને પ્રાપ્ત કરવા માટે વિદેશી દાનદાતાઓની ઓળખ અને રાષ્ટ્રીયતાની સાથે-સાથે ઘણા અન્ય તથ્યોને છુપાવવા જેવા આરોપ ઈડીએ તેના રિપોર્ટમાં લગાવ્યા છે.

ઇબ્રાહિમ રઇસીના મોત બાદ નિર્ણય લેવાયો

## ઇરાનના કાર્યકારી રાષ્ટ્રપતિ બન્યા મોહમ્મદ મોખબર

ઈરાનના રાષ્ટ્રપતિ ઈબ્રાહિમ રઇસીનું હેલિકોપ્ટર અઝરબૈજાનથી પરત ફરતી વખતે દુર્ઘટનાગ્રસ્ત થયું હતું

। (એજન્સી) તહેરાન, તા.૨૦ ।

ઈરાનના રાષ્ટ્રપતિ ઈબ્રાહિમ રઈસીનું હેલિકોપ્ટર ક્રેશમા મોત થયું હતું. ઈબ્રાહિમ રઈસીના મોત બાદ મોહમ્મદ મોખબર ઈરાનના કાર્યકારી રાષ્ટ્રપતિ બન્યા હતા. નોંધનીય છે કે ઈરાનના રાષ્ટ્રપતિ ઈબ્રાહિમ રઈસીનું હેલિકોપ્ટર અઝરબૈજાનથી પરત ફરતી વખતે દુર્ઘટનાગ્રસ્ત થયું હતું. ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લાહ અલી ખમેનીએ સોમવારે આ અંગેની જાહેરાત કરી હતી. રઈસી, ઈરાનના વિદેશ પ્રધાન હુસેન અમીર-અબ્દુલ્લાહયાન, પૂર્વ અઝરબૈજાન પ્રાંતના ગવર્નર માલેક રહમતી અને પૂર્વ અઝરબૈજાનમાં ઈરાનના સર્વોચ્ચ નેતાના પ્રતિનિધિ



અયાતુલ્લાહ મોહમ્મદ અલી આલે હાશેમ પણ સવાર હતા. રઈસીના મોત બાદ શોક સંદેશમાં ખમેનીએ જાહેરાત કરી હતી કે ઉપરાષ્ટ્રપતિ વચગાળાની ફરજો સંભાળશે. ઈરાનના સર્વોચ્ચ નેતાએ પણ સંદેશમાં પાંચ દિવસના શોકની જાહેરાત કરી હતી. ખમેનીએ કહ્યું કે "બંધારણના અનુચ્છેદ ૧૩૧ અનુસાર, મોખબર કાર્યકારી શાખાના નેતૃત્વનો હવાલો સંભાળે છે.



મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સૌજન્ય મુલાકાત ગુજરાત કેડરમાં ફાળવાયેલા ૨૦૨૩ની બેચના ૮ પ્રોબેશનરી IAS અધિકારીઓએ ગાંધીનગરમાં લીધી હતી.

### આયુષ્યમાન યોજના હેઠળ બાળકોને ખોટી રીતે દાખલ કરતો

# રાજકોટના ડોક્ટર પર અઢી કરોડના કૌભાંડનો આરોપ

## નિહિત બેબીકેર હોસ્પિટલમાં બાળકો સ્વસ્થ હોવા છતા પણ તેમને ખોટી રીતે દાખલ કરવામાં આવતા હતા

। (એજન્સી) રાજકોટ, તા.૨૦ ।

રાજકોટમાં આયુષ્યમાન કાર્ડ યોજનાનો ગેરલાભ ઉઠાવવાના ષડયંત્રનો પર્દાફાશ થયો હતો. તંદુરસ્ત નવજાતને ગંભીર બીમારી બતાવી ડોકટરે આઠ મહિનામાં આયુષ્યમાન યોજના હેઠળ અઢી કરોડ રૂપિયા પડાવ્યા હતા. મળતી જાણકારી અનુસાર, ડોક્ટર પર આરોપ છે કે લક્ષ્મી નગર મેઈન રોડ પર નિહિત બેબીકેર હોસ્પિટલમાં બાળકો સ્વસ્થ હોવા છતા ખોટી રીતે દાખલ કરવામાં આવતા હતા અને આ માટે ખોટા રિપોર્ટ બનાવ્યા હતા.

જોકે એક કથિત ઓડિયો વાઈરલ થયા બાદ ડોકટર હિરેન મશરૂના કાળા કરતૂતો બહાર આવ્યા હતા. રાજકોટના તબીબ હિરેન મશરૂએ આયુષ્માન કાર્ડ યોજનાનો ગેરલાભ




ઉઠાવી અઢી કરોડ રૂપિયાનું કૌભાંડ આચર્યાનો ખુલાસો થયો હતો. તંદુરસ્ત નવજાતને ગંભીર બિમારી બતાવી અઢી કરોડ પડાવ્યા હતા. નિહિત બેબીકેર હોસ્પિટલમાં ખોટી રીતે બાળકોને દાખલ કરવામાં આવતા હતા. ડોક્ટર હિરેન ખોટા રિપોર્ટ બનાવી કરોડોની કમાણી કરતો હતો. ડોક્ટર મશરૂનો આયુષ્માન યોજનામાંથી પરવાનો રદ કરાયો હતો

આરોગ્ય વિભાગે અનેક રિપોર્ટ જપ્ત કર્યા હતા. નિહિત બેબીકેર હોસ્પિટલના ડો.મશરૂનો આયુષ્યમાન યોજનામાંથી પરવાનો પણ રદ કરવામાં આવ્યો હતો. ડો.હિરેન મશરૂએ કાળા કરતૂતો કબૂલ્યા હોવાની પણ માહિતી છે. તો લેબોરેટરીના સંચાલકોએ કહ્યું કે જે સેમ્પલ આવ્યા તેના બધા રિપોર્ટ ડોક્ટરને ઈમેલ કરી દેતા હતા. રિપોર્ટમાં ડોક્ટર જ ચેડા કરી અને બાળકોના માતા-પિતાને કહેતો બાળકોને દાખલ કરવા પડશે.

ગાંધીનગર ટીમ પણ ડો.મશરૂના કારસ્તાનથી ચોકી ઉઠી હતી. જિલ્લા આરોગ્ય વિભાગ અને ગાંધીનગર આરોગ્ય વિભાગે તપાસ શરૂ કરી હતી. હાલ હોસ્પિટલમાં ત્રણ બાળકો દાખલ છે.

### ગુજરાત સરકાર પોતાના ખર્ચે વિદેશ તાલીમ આપશે

# વર્ગ-૧ના કર્મચારીઓને ખાસ વિદેશ તાલીમ અપાશે

## જે તાલીમ નહીં લે તેવા અધિકારી કે કર્મચારીને પ્રમોશન નહીં મળે, રાજ્યના સામાન્ય વહીવટી વિભાગનો આદેશ

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૦ ।

ગુજરાત સરકાર દ્વારા કર્મચારીઓની કાર્યક્ષમતા અને કાર્યદક્ષતા વધારવા માટે થઈને ફરજિયાત તાલીમ આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. જેમાં સ્પર્ધાત્મક પરીક્ષા અને સીધી ભરતીથી લેવાયેલા કર્મચારીઓ અધિકારીએ પ્રમોશન લેતાં પહેલાં આ તાલીમ ફરજિયાત પણે લેવી પડશે. સરકારે આ તાલીમ માટે બે સપ્તાહ અને ત્રણ દિવસના મોડ્યુલ નક્કી કર્યા છે. તેમને તાલીમ આપવા માટે ખાનગી સંસ્થાઓ પણ આવશે અને પર્સનાલિટી ડેવલપમેન્ટથી માંડીને કોમ્યુનિકેશન સ્કીલ સહિતની બાબતોની ટ્રેનિંગ આપવામા આવશે. હવે ગુજરાત સરકાર વર્ગ ૧ના અધિકારીઓને વિદેશ તાલીમ માટે મોકલશે. અત્યાર સુધી માત્ર સનદી અધિકારીઓને જ આવી વિદેશ તાલીમ માટે મોકલવામાં આવતા હતા. રાજ્ય સરકાર અત્યાર સુધી ભવિષ્યની નીતિઓ નક્કી કરવા અને કામગીરીમાં નવી પદ્ધતિઓના અમલીકરણ કરવા માટે આઈએએસ અધિકારીઓને ચિંતન શિબિર થકી તાલીમ આપતી હતી. હવે અન્ય અધિકારીઓ અને કર્મચારીઓની કાર્યક્ષમતા વધારવા વર્ગ ૧થી ૪ના અધિકારીઓ-કર્મચારીઓને પણ તાલીમ આપવામાં આવશે. અગાઉની ચિંતન શિબિરમાં તમામ સરકારી કર્મચારીઓની ક્ષમતા નિર્માણ કરવાના મુદ્દે કરાયેલી ચર્ચા સંદર્ભે જે સૂચનો આવ્યા તેનો અમલ કરવાનું નક્કી કરાયું છે. જેના ભાગરૂપે સરકારે કર્મચારીઓને વિવિધ તબક્કાની તાલીમ આપવાનો નિર્ણય



લીધો છે. અધિકારીઓએ તેમની નોકરીના અજમાયશી સમય દરમિયાન કોમન કાઉન્ડેશન કોર્ષ કરવાનો રહેશે. ઉપરાંત ફરજ પરના વર્ગ-૧ અને વર્ગ-૨ના અધિકારીઓને પણ સાત દિવસની નિવાસી તાલીમ લેવાની રહેશે. આ સિવાય દર વર્ષે વર્ગ-૧થી વર્ગ-૩ના અધિકારીઓએ ૨૦ કલાકની માત્ર ઓનલાઈન તાલીમ લેવાની રહેશે અને આ તાલીમ માટે તેમની વાર્ષિક કામગીરીના મૂલ્યાંકનમાં ૨ માર્ક ઉમેરાશે. વર્ગ ૧અને ૨ના અધિકારીઓ માટે નક્કી -કરાયેલી તાલીમના બે અઠવાડિયા પૈકી એક સપ્તાહ તેઓની ઓનલાઈન તાલીમ રહેશે. આ ઉપરાંત વર્ગ ૩ના કર્મચારીઓએ દર વર્ષે ૨૦ કલાકની ઓનલાઈન તાલીમ લેવાની રહેશે. કલાસ વન અધિકારીઓને સરકારી ખર્ચે વિદેશની નામાંકિત સંસ્થાઓમાં પણ તાલીમ માટે મોકલવાનું નક્કી કરવામાં આવ્યું છે.

## પતિના અન્ય સ્ત્રી સાથેના સંબંધોથી કંટાળીને પરણિતાએ આપઘાત કર્યો

। અમદાવાદ, તા.૨૦ ।

વટવામાં રહેતા પતિના અન્ય સ્ત્રી સાથેના સંબંધ થી કંટાળી પત્નીએ સાસરીમાં ગળેફાંસો ખાઈને આપઘાત કરી લીધો છે. પ્રેમ લગ્ન બાદ થોડા સમય સુધી પરણિતા જોડે સાસરીમાં સારી રીતે વર્તન કરવામાં આવ્યું હતું. બાદમાં પરણીતાને માનસિક ત્રાસ આપવામાં આવતો હતો.ઉપરાંત મહિલાનો પતિ અન્ય સ્ત્રી સાથે સંબંધ રાખતો હોવાની જાણ પત્નીને થઈ ગઈ હતી. જે મામલે ટકોર કરવા છતાં પતિએ અન્ય સ્ત્રી સાથે સંબંધ રાખતો હતો.આ મામલે પરણિતાએ તેના સાસુ તથા સસરા ને વાત કરી તો તે લોકો પણ પુત્રવધુને માર માર્યો હતો.આખરે કંટાળીને પરણિતા ગત ૧૬ મે ના રોજ સાસરીમાં ગળેફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. આ મામલે મૃતકના માતાએ વટવા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે મહિલાને પતિ જીગ્નેશ તથા તેના સસરા ચંદુ ભાઈ વિરુદ્ધ દુષ્પ્રેરણાનો ગુનો નોંધીને કાર્યવાહી હાથ ધરી છે. દાણીલીમડામાં આવેલી આલીશાન સોસાયટીમાં રહેતા મીનાબેન ઉ.વ ૪૦ તેમના પરિવાર સાથે રહે છે.


### આગામી શૈક્ષણિક સત્રથી ભણાવવા આયોજન

# ધોરણ ૬થી ૮માં શ્રીમદ ભગવત ગીતાના પાઠ ભણાવવા સરકાર તૈયાર

## શૈક્ષણિક સત્ર દરમિયાન તમામ વિદ્યાર્થીઓને સમયસર પુસ્તકો પહોંચાડવા માટેની કામગીરી પૂર્ણતાને આરે છે

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૦ ।

શ્રીમદ ભગવદ ગીતાના પાઠ શિક્ષણમાં સામેલ કરવાની અગાઉ રાજ્ય સરકારે જાહેરાત કરી હતી. હવે એ જાહેરાતના અમલીકરણની દિશામાં રાજ્ય સરકારે કામગીરી પૂર્ણ કરી છે. આ જાહેરાતનો આગામી શૈક્ષણિક સત્રમાં સંપૂર્ણ અમલ જોવા મળશે. ગુજરાત સરકાર દ્વારા આગામી શૈક્ષણિક સત્ર દરમિયાન તમામ વિદ્યાર્થીઓને સમયસર પુસ્તકો પહોંચાડવા માટેની કામગીરી પૂર્ણતાને આરે છે. ૩૦મી મે સુધીમાં શાળામાં પુસ્તકો પહોંચી જાય તેવી વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. ગુજરાતમાં નાનાથી



માંડીને મોટા શહેરોમાં ટ્રાફિકની સમસ્યાને ધ્યાનમાં રાખીને નવી પેઢીને ટ્રાફિકના પાઠ ભણાવવા, તેમજ શ્રીમદ્ ભગવદ્ ગીતાનો તબક્કા વાર અભ્યાસક્રમ કરાવવાની દિશામાં સરકારે કામગીરી પૂર્ણ કરી દીધી છે. સંસ્કૃત માધ્યમને પ્રોત્સાહન આપવા માટે ૬૦ જેટલી સંસ્કૃત પાઠશાળા શરૂ કરવામાં આવી છે. આ શૈક્ષણિક સત્રથી સંસ્કૃત માધ્યમના વિવિધ છ જેટલા નવા અભ્યાસક્રમ અમલી બનાવવામાં આવશે. રાજ્યમાં જૂન મહિનામાં શાળા પ્રવેશોત્સવ યોજાય તે પહેલા રાજ્યની તમામ શાળાઓમાં પાઠ્યપુસ્તક સમયસર મળી રહે તે માટે થઈને અત્યારથી કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. મે મહિનાના અંત સુધીમાં રાજ્યની શાળામાં ૫.૮૬ કરોડના પાઠ્યપુસ્તક પહોંચાડવામાં આવશે. આગામી શૈક્ષણિક સત્રમાં ધોરણ ૧થી ૧૨માં ૧૬ જેટલી નવી ટેક્સ બુક દાખલ કરવામાં આવી છે. પ્રથમ વખત રોડ સેફ્ટી પ્રાકૃતિક, ખેતી, દ્વિભાષીય પાઠ્યપુસ્તકો તેમજ એનસીઆરટીના પાઠ્યપુસ્તકોનો સમાવેશ કરાયો છે.

### ઉનાળાની ગરમીને કારણે વધ્યો હાર્ટ એટેકનો ખતરો

# વડોદરામાં ૨૪ કલાકમાં હાર્ટ એટેકથી ૧૦ લોકોનાં મોત થયા

। (એજન્સી) વડોદરા, તા.૨૦ ।

કાળઝાળ અને અંગ દઝાડતી આ ગરમીને કારણે ગુજરાતવાસીઓ ગરમીથી પરેશાન છે જોકે તંત્ર દ્વારા પણ ગરમીને લઈને ગાઈડલાઈન જાહેર કરી છે અને બાર થી ત્રણના સમયમાં ઘરની બહાર ન નીકળવાની સલાહ આપી.

ઠંડાપીણા અથવા તો ગરમી માટે બચવાના ઉપાયોની પણ તંત્રએ સલાહ આપી છે ત્યારે આવી કાળજાળ ગરમીમાં પણ લોકોને કામ અર્થે બહાર નીકળવું પડતું હોય છે મુસાફરી પણ કરવી પડતી હોય છે અને જેને લીધે ગરમીનો અનુભવ લોકોને થતો હોય છે. જે પ્રકારે ગરમીનું પ્રમાણ જોતા શહેરો અને ગામડાઓમાં બારથી ચારના સમયમાં રસ્તાઓ સૂમસામ ભાસે છે. આ વચ્ચે વડોદરામાં સ્થિતિ વણસી છે.

ગરમીનાં પ્રકોપ વચ્ચે SSG હોસ્પિ. સુપ્રિન્ટેન્ડેન્ટનું નિવેદન સામે આવ્યું છે જે ગરમીને લઈ ચોંકાવનારું છે. ભર ઉનાળે વડોદરામાં ૨૪ કલાકમાં હાર્ટ એટેકથી ૧૦ લોકોનાં મોત થયા હોવાનું સામે આવ્યું છે. મેડિકલ સુપ્રિન્ટેન્ડેન્ટ ડો. રંજન ઐયરની લોકોને અપીલ કરી અને જણાવ્યું કે, વૃદ્ધો અને બાળકો ગરમીમાં બહાર નિકળવાનું ટાળે. જીન્સ ને બદલે સુતરાઉ અને ખુલ્લાં કપડાં પહેરવાં જણાવ્યું છે. સિનિયર સીટીઝન અને અન્ય બિમારીથી પીડિત લોકોએ સવારે ૧૦.૩૦ થી સાંજે ૬.૩૦ વાગ્યા સુધી બહાર ન નિકળવું તેમ જણાવવામાં આવ્યું છે. દર કલાકે ૮૦૦ મિ.લી. પાણી કે પીણું પીવું જોઈએ તેમ જણાવ્યું છે. જેથી કરી શરીરમાં તાપમાન અને પાણીનું સંતુલન જળવાઈ રહે.

સાથે કોઈ પણ વ્યક્તિને હૃદયને લગતી તકલીફ જણાય તો નજીકના ડોકટરનો તાત્કાલિક સંપર્ક કરવા સલાહ આપવામાં આવી છે.

# રાજ્યની તમામ RTOમાં હવે AI વીડિયો એનાલિસિસ ડ્રાઇવિંગ ટેસ્ટ

## ગુજરાત રાજ્યની દરેક આરટીઓ કચેરીમાં હવે ડ્રાઇવિંગ ટેસ્ટ માટે એઆઈ વીડિયો એનાલિસિસ કરવામાં આવશે

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૦ ।

ગુજરાત રાજ્યની દરેક આરટીઓ કચેરીમાં હવે ડ્રાઈવિંગ ટેસ્ટ માટે એઆઈ વીડિયો એનાલિસિસ કરવામાં આવશે. છેલ્લા કેટલાક સમયથી રાજ્યમાં ડ્રાઈવિંગ લાઈસન્સની સમસ્યાને લઈને વારંવાર ટેક્નોલોજીની ખામીના કારણે ટેસ્ટ આપનાર નાપાસ થતા હોય તેવું બન્યું હતું. જેમાં ગ્રાઉન્ડ સેન્સર બેઝડ ટેકનોલોજીનો ઉપયોગ જોઈએ તેટલો સફળકારક નહીં રહેતા હવે વીડિયો અને એનાલિટિક ટેકનોલોજીનો ઉપયોગ કરાશે. હાલ આ ટેકનોલોજીનો ઉપયોગ દિલ્હી, પુણે અને ચંદીગઢ જેવા શહેરોમાં થઈ રહ્યો છે. જેનો હવે ગુજરાતની તમામ આરટીઓ કચેરીમાં અમલ કરાશે. જેના માટે ડ્રાઈવિંગ ટ્રેક પર ૧૮ કેમેરા રહેશે અને તેના પર રિવર્સ મુવમેન્ટ પણ જોઈ શકાશે. રાજ્યમાં છેલ્લા ઘણાં સમયથી ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેક બંધ રહેવાના કિસ્સાઓ અવારનવાર સાંભળવા મળે છે.

આરટીઓમાં વાહન ટેસ્ટ આપવા આવતાં લોકોને સર્વરમાં ખામીને કારણે અનેક સમસ્યાઓનો સામનો કરવો પડતો હોય છે. હાલમાં ડ્રાઈવિંગ ટેસ્ટ માટે 'ગ્રાઉન્ડ સેન્સર્સ બેઝ્ડ ટેકનોલોજી' ઉપયોગમાં લેવાય છે. પરંતુ હવે 'વીડિયો એનાલિટિક ટેકનોલોજી' ઉપયોગમાં લેવાશે. હાલમાં લોકોને ટેકનોલોજીમાં ખામીને કારણે નાપાસ કરાય છે. ગ્રાઉન્ડ સેન્સર્સ બગડી જાય તો પણ ટ્રેકની કામગીરી બંધ રહેતી હોય છે, ટેસ્ટમાં એન્ટ્રી બાદ અધવચ્ચેથી જ સર્વર બંધ થઈ જતાં નાપાસ ગણી ફરી ટેસ્ટ આપવા બોલાવાય છે.હાલમાં જે ટેકનોલોજી છે તેમાં ફોરવર્ડ ડાયરેક્શનમાં જ જોઈ શકાય છે. રિવર્સ ડાયરેક્શન ડિટેક્ટ થતું નથી, પરંતુ હવે નવી ટેકનોલોજીમાં વ્હિકલની દરેક મૂવમેન્ટ્સ ડિટેક્ટ થશે. હાલ દેશના દિલ્હી, પૂણે, ચંદીગઢ વગેરે જેવા શહેરોમાં આ ટેકનોલોજી કાર્યરત છે. આ નવી એઆઈ ટેકનોલોજી માટે ટેન્ડરો બહાર પાડવામાં આવ્યા હતા પરંતુ રાજ્યમાં ચૂંટણીની આચાર સંહિતાના કારણે આ કામગીરી થઈ શકી નથી.

## વિશેષ

### પરિવારજનો મૃતદેહ મૂકી જાય છે

# કેનેડામાં લોકોને અંતિમ વિધિનો ખર્ચ નથી પોસાતો

## અંતિમ ક્રિયાનો ખર્ચ વધીને ૮૮૦૦ ડોલર થઈ ગયો અંતિમવિધિનો ખર્ચ બેફામ વધી જતા લોકો પરેશાન

। (એજન્સી) ઓટાવા, તા.૨૦ ।

કેનેડા દુનિયાના સૌથી આધુનિક અને ધનાઢ્ય દેશોમાં એક ગણાય છે. પરંતુ આ દેશોમાં લોકોને એક તકલીફ છે. અહીં કોઈ વ્યક્તિનું મૃત્યુ થયા પછી તેની અંતિમ ક્રિયાનો ખર્ચ એટલો બધો છે કે ઘણા લોકોને આ ખર્ચ કરવો પોસાતો નથી. તેના કારણે હોસ્પિટલમાં મૃતદેહોને કોઈ લેવા જ ન આવે તેવું બને છે. આવા કિસ્સા વધ્યા છે અને હોસ્પિટલોમાં ક્લેમ વગરના મૃતદેહની સંખ્યા વધી છે. આવા કિસ્સામાં પછી સરકાર દ્વારા સાદાઈથી અંતિમવિધિ કરી દેવામાં આવે છે. કેનેડામાં દરેક ચીજ મોંઘી થઈ તેની સાથે અંતિમ ક્રિયાનો ખર્ચ પણ અત્યંત વધી ગયો છે. રૂપિયાના હિસાબે ગણવામાં આવે તો વ્યવસ્થિત અંતિમવિધિ કરવાનો ખર્ચ સાડા સાત લાખ રૂપિયા જેટલો આવે છે. તે પોસાતો ન હોવાથી કેનેડાના કેટલાક પ્રદેશોમાં તો પરિવારજનો શબને કબ્રસ્તાન પર મુકીને ચાલ્યાં જાય છે. તેના કારણે મ્યુનિસિપલ કર્મચારીઓને શબની દફનવિધિ હાથ ધરવી પડે છે. દફનવિધિ માટે જમીન ખરીદવી પોસાય તેમ નથી. ટોરેન્ટો જેવા મોટા શહેરોમાં આવેલા કબ્રસ્તાનોમાં કબર માટેની જગ્યાનો ભાવ આસમાને પહોંચી ગયા છે. અહીં અંતિમ ક્રિયાનો ખર્ચ જે ૧૯૯૮માં ૬૦૦૦ ડોલર આવતો હતો તે હવે ૮૮૦૦ ડોલર સુધી પહોંચ્યો છે. જે રૂપિયાના સંદર્ભમાં જોઈએ તો લગભગ સાડા સાત લાખ રૂપિયા જેટલો થાય છે. આથી મૃતકનાં કુટુમ્બીજનો મૃતદેહને લઈ જવાનો ક્લેમ જ નથી કરતા.

કેનેડાના સૌથી વધુ વસ્તી ધરાવતા ઓન્ટોરિયો પ્રોવિન્સમાં આવા 'બિનવારસી' મૃતદેહોની સંખ્યા જે ૨૦૧૩માં ૨૪૨ હતી તે ૨૦૨૩માં વધીને ૧૧૮૩ થઈ હતી. તેમ પ્રાંતના ચીફ કોરોનર ડર્ક હયુરે જણાવ્યું હતું. ટકાવારીમાં આ ખર્ચનો વધારો જોઈએ તો તે ૨૦૨૨માં ૨૦ ટકા જેટલો થયો હતો. જ્યારે ૨૦૨૩માં તે વધીને ૨૪ ટકા રહ્યો. ઓન્ટોરિયોમાં કોઈપણ મૃતદેહ ૨૪ કલાક સુધી પડ્યો રહે અને તેને ક્લેમ કરવા માટે કોઈ ન આવે ત્યાર પછી તે 'લાવારિસ' ગણાય છે. આમ છતાં સરકારી અધિકારીઓ એક સપ્તાહ સુધી મૃતકના સગાને શોધે છે. દરમિયાન સ્થાનિક મ્યુનિસીપાલિટી તે મૃતદેહની સાદી દફનવિધિ કરી નાખે છે. ઘણીવાર તેઓ મૃતદેહને 'મોર્ગ'માં એટલે કે શબઘરમાં રખાવી દે છે. કેટલીક વખત પરિવારજનો જ મૃતદેહને શબઘરમાં રખાવે છે અને પછી જરૂર પૂરતી રકમ ભેગી કરી કુટુમ્બીજનો તેમના પ્રિયજનના મૃતદેહની દફનવિધિ કરે છે.

ક્યુબેકમાં ૨૦૧૩માં ૬૬ લાવારિસ મૃતદેહો હતા જે સંખ્યા ૨૦૨૩માં વધીને ૧૮૩ પહોંચી હતી. અમેરિકામાં પણ અંતિમ ક્રિયાનો ખર્ચ ઘણો મોંઘો છે. અમેરિકામાં 'ફયુનરલ હોમ'માં રેફ્રીજરેશન ફેઈલ થતાં ૧૧૧૫ મૃતદેહો સડી ગયા હતા.

કેટલીક જગ્યાએ હોસ્પિટલોમાં આવી રીતે શબ રાખવા માટેની જગ્યા ન હોવાના કારણે હોસ્પિટલની બહાર એક પર્મેનન્ટ સ્ટોરેજ યુનિટ બાંધવાની વાત ચાલે છે જેથી ક્લેમ કરવામાં આવ્યો ન હોય તેવા ડેડ બોડીની સમસ્યા ઉકેલી શકાય. ન્યુ ડેમોક્રેટિક પાર્ટીના એક નેતાએ કહ્યું કે કેનેડામાં મોંઘવારી એટલી વધી ગઈ છે કે લોકો કોઈ ડેડ બોડીને ક્લેમ કરવા નથી આવતા. કારણ કે તેમને ખબર છે કે તેઓ દફનવિધિનો ખર્ચ ઉઠાવી નહીં શકે. તેઓ કહે છે કે મોટા સ્ટોરેજ યુનિટ બાંધવાથી પ્રશ્ન નહીં ઉકેલાય. લોકોની સન્માનજનક રીતે દફનવિધિ કરવામાં આવે તે જરૂરી છે અને તેમાં જે અવરોધો હોય તે દૂર થવા જોઈએ. કારણ કે હવે મૃતદેહોનો ભરાવો ઘણો વધી ગયો છે.

ઉદાહરણ તરીકે માઉન્ટ પ્લેઝન્ટ ગ્રૂપમાં એડલ્ટ વ્યક્તિ માટેની કબરનો ખર્ચ ૨૮૦૦ ડોલર આવે છે પરંતુ મિડટાઉન ટોરંટોમાં એપ્રિલ મહિનામાં આ ચાર્જ વધીને ૩૪,૦૦૦ ડોલર થઈ ગયો હતો. કેનેડામાં ફ્યુનરલ અને ક્રિમેશન સર્વિસ પૂરા પાડતી કંપનીઓ હોય છે અને તેની વેબસાઈટ પર ખર્ચ અને બીજી વિગતો હોય છે. આ ઉપરાંત કબર ઢાંકવાનો, તેના પર તકતી મૂકાવવાનો વગેરેનો ખર્ચ અલગ આવે છે અને તે ટેક્સપાત્ર હોય છે.

કેનેડા ફ્યુનરલ સર્વિસિસ એસોસિયેશનના વડા કહે છે કે અગાઉ ૧૮૦૦ ડોલરથી ૮૦૦૦ કેનેડિયન ડોલરના ખર્ચમાં આખી અંતિમવિધિ થઈ જતી હતી પરંતુ હવે તેનો ખર્ચ ૨૦૦૦ ડોલરથી લઈને ૧૨,૦૦૦ ડોલર સુધી પહોંચી ગયો છે. ઘણા લોકો પોતાની જાતે અંતિમવિધિ કરાવી ન શકે ત્યારે ગો ફંડ મી જેવી ક્રાઉડ ફંડિંગ સાઈટ પરથી નાણાં એકત્ર કરતા હોય છે. ગો ફંડ મી પર આવી અરજીઓની સંખ્યામાં મોટો ઉછાળો આવ્યો છે. ૨૦૧૩માં માત્ર ૩૬ લોકોએ દફનવિધિ માટે લોકો આગળ હાથ લંબાવ્યો હતો જ્યારે હાલમાં ૧૦,૨૫૭ લોકો સોશિયલ મીડિયા પરથી ફંડ માગી રહ્યા છે જેથી પોતાના સ્વજનોની અંતિમ વિધિ થઈ શકે. લોકોની અંતિમવિધિમાં સરકાર પણ સપોર્ટ કરે છે પરંતુ ફ્યુનરલનો ખર્ચ એટલો વધી ગયો છે કે સરકારી સહાય અપૂરતી છે. કેનેડા પેન્શન પ્લાન હેઠળ ૨૫૦૦ ડોલરની સહાય મળે છે અને તેમાં વધુ ૨૫૦૦ ડોલરનું ટોપ અપ આપવામાં આવ્યું છે. છતાં કુલ ખર્ચની સામે આ રકમ નાની છે. રાજકારણીઓ પણ સ્વીકારે છે કે મોટી ઉંમરે લાઈફ પાર્ટનર ગુમાવવા એ બહુ આઘાતજનક હોય છે.

આ ઉપરાંત તેમાં બહુ નાણાકીય બોજ પણ વધી જતો હોય છે. કોઈ એવું નથી ઈચ્છતું કે પોતાના સગાના મૃતદેહો મુર્દાઘરમાં પડ્યા રહે. પરંતુ જ્યારે અંતિમવિધિનો ખર્ચ જ એટલો બધો વધારે હોય ત્યારે લોકો શું કરી શકે.
















લેહ-લદ્દાખમાં ડિસ્ટ્રિક્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ એજ્યુકેશન એન્ડ ટ્રેઈનિંગ ખાતે, સરકારી કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળા અને લદ્દાખની સરકારી મિડલ સ્કૂલમાં લોકસભા ચૂંટણી-૨૦૨૪ના પાંચમાં તબક્કાનું મતદાન થયું હતું. તે દરમિયાન મતદાન મથક પર મતદાન કર્યા પછી સેલ્ફી પોઈન્ટ પર મતદારો અને લદ્દાખના લેફ્ટનન્ટ ગવર્નર શ્રી બી. ડી. મિશ્રા શાહીનું ચિહ્ન દર્શાવતા જોવા મળ્યા.

### ઢેંકનાલથી વડાપ્રધાન મોદીએ કર્યો મોટો દાવો

# ઓડિશામાં ૧૦મી જૂને ડબલ એન્જિન સરકાર બનશે : પીએમ નરેન્દ્ર મોદી

## મોદીએ પહેલા પુરીમાં ભગવાન જગન્નાથ મંદિરમાં પૂજા કરી હતી : પુરીમાં સંબિત પાત્રા માટે રોડ શો કર્યો હતો

। (એજન્સી) ઢેંકનાલ, તા.૨૦ ।

લોકસભા ૨૦૨૪ની ચૂંટણી માટે પાંચમા તબક્કાનું મતદાન ચાલી રહ્યું છે ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી રેલી કરવા ઓડિશાના ઢેંકનાલ પહોંચ્યા હતા. અહીં જનસભાને સંબોધિત કરતા વડાપ્રધાન મોદીએ રાજ્યની બીજુ જનતા દળ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. ઉલ્લેખનીય છે કે લોકસભાની ચૂંટણી માટે સાત તબક્કામાં મતદાન યોજાઈ રહ્યું છે જેમાં ચાર તબક્કાનું મતદાન પહેલા થઈ ચૂક્યું છે. લોકસભા ચૂંટણી ૨૦૨૪ હવે તેના અંત તરફ આગળ વધી રહી છે. વડાપ્રધાન મોદી દેશના વિવિધ રાજ્યોમાં જઈને ભારતીય જનતા પાર્ટી માટે રેલીઓ પણ કરી રહ્યા છે. ત્યારે આજે પીએમ મોદી ઓડિશા પહોંચ્યા હતા. જ્યાં તેમણે સૌથી પહેલા પુરીમાં ભગવાન જગન્નાથ મંદિરમાં પૂજા કરી હતી. આ પછી પુરીમાં સંબિત પાત્રા માટે રોડ શો કર્યો હતો. ત્યારબાદ પીએમ મોદી રેલી કરવા ઓડિશાના



ઢેંકનાલ પહોંચ્યા હતા. અહીં જનસભાને સંબોધિત કરતા પીએમ મોદીએ રાજ્યની બીજુ જનતા દળ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. આ દરમિયાન વડાપ્રધાન મોદીએ એવો પણ દાવો કર્યો કે આ વખતે ઓડિશામાં ડબલ એન્જિનની સરકાર બનશે. વડાપ્રધાન મોદીએ પોતાની રેલીની શરૂઆત જય જગન્નાથ અને જય શ્રી રામના નારા લગાવીને કરી હતી. વડાપ્રધાને બીજેડી સરકાર પર પ્રહાર કરતા લોકોને કહ્યું હતું કે 'તમે ૨૫ વર્ષ સુધી બીજેડી સરકાર પર ભરોસો મૂક્યો. પરંતુ આજે લોકો વિચારી રહ્યા છે.

## ન્યૂઝ બ્રિફ

### છત્તીસગઢના કબીરધામ જિલ્લાનામાં એક મોટો અકસ્માત થયો



। (એજન્સી) કબીરધામ, તા.૨૦ ।

છત્તીસગઢના કબીરધામ જિલ્લાના કુક દરવાજા પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક મોટો અકસ્માત થયો છે. અહીં બાહપાણી વિસ્તારમાં તેંદુના પાન તોડીને પરત ફરી રહેલ પીકઅપ વાહન ઉંડી ખાઈમાં પડી ગયું હતું. પીકઅપમાં સવાર ૧૫ લોકો નાળામાં પડી જવાથી અવસાન થયા છે. આ દુર્ઘટનામાં ૧૦ લોકો ઘાયલ થયા હોવાનું પણ કહેવાય છે. કબીરધામના પોલીસ અધિક્ષક ડો. અભિષેક પલ્લવે ઘટનાની પુષ્ટિ કરી છે. તેમણે કહ્યું કે આ અકસ્માતમાં ૧૫ લોકોના મોત થયા છે, જ્યારે ૧૦ લોકો ઘાયલ હોવાનું કહેવાય છે. પોલીસના વાહનોમાં સવાર ઘાયલ લોકોને સારવાર માટે હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા છે. ઘટના સ્થળ જંગલ વિસ્તાર હોવાનું કહેવાય છે. પ્રાપ્ત માહિતી અનુસાર, તમામ લોકો પીકઅપમાં મુસાફરી કરી રહ્યા હતા. આ તમામ લોકો બાહપાણી વિસ્તારમાં તેંદુના પાન તોડીને પરત ફરી રહ્યા હતા. દરમિયાન અચાનક પીકઅપ કાબુ બહાર જઈને ખાડામાં પલટી ગઈ હતી. અકસ્માત બાદ સ્થળ પર હોબાળો મચી ગયો હતો. આ ઘટનામાં ૧૫ લોકોના મોત થયા છે, જ્યારે ૧૦ લોકો ઘાયલ થયા છે. મૃતકોમાં ૧૪ મહિલાઓનો સમાવેશ થાય છે, જ્યારે એક પુરૂષનું મોત થયું છે. તમામ મૃતકો સેમરાહ ગામના રહેવાસી છે.

### ધાર્મિક પ્રથા પણ ગોપનીયતાના અધિકરનો એક ભાગ : મદ્રાસ હાઈકોર્ટ



। (એજન્સી) મદ્રાસ, તા.૨૦ ।

મદ્રાસ હાઈકોર્ટે ઐતિહાસિક નિર્ણય લીધો છે. અંગપ્રદક્ષિણા પરંપરાની ઉજવણી પર વર્ષોથી લાદવામાં આવેલો પ્રતિબંધ હટાવી લેવામાં આવ્યો છે. આ દરમિયાન, કોર્ટે કહ્યું છે કે, જો ગોપનીયતાના અધિકારમાં કોઈની પસંદગી સામેલ હોય, તો તે વ્યક્તિના આધ્યાત્મિક વલણને પણ સમાવી શકે છે. કોઈપણ વ્યક્તિને ધાર્મિક આચરણ કરવાનો મૂળભૂત અધિકાર છે. કોઈપણ વ્યક્તિને પોતાની પસંદગી અનુસાર ધાર્મિક આચરણ કરવાની છૂટ આપવામાં આવશે જો તે કોઈના અધિકારો અને સ્વતંત્રતાઓને નુકસાન ન પહોંચાડે. કોર્ટે કહ્યું કે, બંધારણની કલમ ૧૯(૧)(d) મુજબ, તમામ નાગરિકોને ભારતના સમગ્ર પ્રદેશમાં મુક્તપણે અવરજવર કરવાનો અધિકાર છે. આ અધિકાર માત્ર બંધારણની કલમ ૧૯(૫) હેઠળ સમાવિષ્ટ વાજબી પ્રતિબંધોને આધીન છે.

### ગરમીએ દિલ્હીમાં તમામ રેકોર્ડ તોડી નાખ્યા

# ભારતીય હવામાન વિભાગે આગામી ૭ દિવસ માટે હીટવેવ એલર્ટ જાહેર કર્યું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।

દિલ્હીનામાં મહત્તમ તાપમાન ૪૫ થી ૪૭ ડિગ્રી સેલ્સિયસ વચ્ચે નોંધાયું હતું, જે સામાન્ય કરતાં ૪થી ૬ ડિગ્રી વધારે છે. નજફગઢ દેશનો સૌથી ગરમ વિસ્તાર હતો. અહીંનું તાપમાન ૪૭.૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. રાજધાની દિલ્હીમાં પણ ગરમી વધી રહી છે. રવિવારે અહીંનું મહત્તમ તાપમાન ૪૪.૪ ડિગ્રી સેલ્સિયસ પર પહોંચી ગયું હતું, જે આ સિઝનમાં અત્યાર સુધીનું સૌથી વધુ છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી એક સપ્તાહ સુધી ગરમીમાંથી રાહત મળવાની કોઈ આશા નથી, કારણ કે રાજસ્થાન તરફથી આવતા ગરમ પવનો દિલ્હીને વધુ સળગાવી દેશે. દિલ્હીના મુખ્ય હવામાન કેન્દ્ર સફદરજંગ વેધશાળામાં મહત્તમ તાપમાન ૪૪.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે સામાન્ય કરતાં ચાર ડિગ્રી વધારે છે. જ્યારે લઘુત્તમ તાપમાન ૨૮.૨ ડિગ્રી સેલ્સિયસ હતું જે સામાન્ય કરતાં



બે ડિગ્રી વધુ છે. દિલ્હીનું નજફગઢ દેશમાં સૌથી ગરમ હતું, જોકે, દિલ્હીના મોટાભાગના વિસ્તારોમાં મહત્તમ તાપમાન ૪૫ થી ૪૭ ડિગ્રી સેલ્સિયસ વચ્ચે નોંધાયું હતું, જે સામાન્ય કરતાં ચારથી છ ડિગ્રી વધારે છે. નજફગઢ રાષ્ટ્રીય રાજધાનીનો સૌથી ગરમ વિસ્તાર હતો, જ્યાં મહત્તમ તાપમાન ૪૭.૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. નજફગઢનું મહત્તમ તાપમાન પણ દેશમાં સૌથી વધુ હતું. મુંગેશપુર અને પિતામપુરામાં તાપમાન ૪૭.૭ ડિગ્રી સેલ્સિયસ પર પહોંચ્યું હતું. આયાનગરમાં મહત્તમ તાપમાન ૪૬.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જ્યારે પાલમ અને રિજમાં અનુક્રમે ૪૫.૧ ડિગ્રી સેલ્સિયસ અને ૪૫.૯ ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન નોંધાયું હતું. ભારત હવામાન વિભાગ (IMD) એ દિલ્હીના ઘણા વિસ્તારોમાં ગરમીના મોજાની આગાહી કરી છે અને લાલ ચેતવણી જારી કરી છે. વિભાગે અંશતઃ વાદળછાયું આકાશ અને ૨૫ થી ૩૫ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ભારે પવનની પણ આગાહી કરી છે. હવામાન અધિકારીઓએ લોકોને સાવચેત રહેવા ચેતવણી આપી છે અને બાળકો, વૃદ્ધો અને ક્રોનિક રોગોવાળા લોકો સહિત સંવેદનશીલ લોકોને વધારાની કાળજી લેવા જણાવ્યું છે. હવામાન વિભાગે હાઈડ્રેટેડ રહેવા માટે પૂરતું પાણી પીવા અને ORS અથવા ઘરે બનાવેલી લસ્સી, તોરાની (ચોખાનું પાણી), લીંબુનું શરબત અને છાશનો ઉપયોગ કરવાનું સૂચન કર્યું છે.

### આઈટીની રેડમાં કુલ ૫૩ કરોડ રૂપિયાની કેશ જપ્ત

# આગ્રામાં શુઝનાં કારોબારીઓનાં ઠેકાણાઓ પર ઈન્કમટેક્સની રેડ

। (એજન્સી) આગ્રા, તા.૨૦ ।

ઉત્તરપ્રદેશનાં આગ્રામાં શુઝનાં કારોબારીઓનાં ઠેકાણાઓ પર ઈક્રમ ટેક્સની રેડ ત્રણ દિવસ સુધી ચાલી છે. કારોબારીઓએ પલંગ, ગાદલા અને ચંપલના ડબ્બાઓમાં કેશને છુપાઈને રાખી હતી. આઈટીની રેડમાં કુલ ૫૩ કરોડ રૂપિયાની કેશ જપ્ત કરવામાં આવી છે. ઈક્રમ ટેક્સ વિભાગની રેડમાં સૌથી મોટો ખુલાસો થયો છે, તે ખુલાસો ચિઠ્ઠીથી કારોબાર કરવાનો છે. વિશ્વમાં જાણીતા આગ્રમાં ચંપલનો કારોબાર લગભગ ૨૦ હજાર કરોડ રૂપિયાનો છે. આ કારોબારમાં નોટની જગ્યાએ ચિઠ્ઠીથી મોટી લેવડદેવડ થાય છે. તેમાં મોટા કારોબારીઓ સામાન્ય કમીશન કાપીને ચિઠ્ઠીથી કરોડો રૂપિયાની ચુકવણી કરે છે. ઘરેલુ ચંપલનો કારોબાર ઉધાર પર વધુ નિર્ભર કરે છે. ટ્રેડર્સ અને મોટા કારીબારીઓ



નાના કારોબારીઓને તાત્કાલિક ચુકવણી કરવાની જગ્યાએ ચિઠ્ઠી બનાવીને આપી દે છે. તેની પર તારીખ અને સમયગાળો લખેલો હોય છે. નિયત તારીખ પર ચિઠ્ઠી આપનાર મોટા કારોબારીઓ પાસેથી નાના કારોબારીઓ પેમેન્ટ પ્રાપ્ત કરી લે છે. આ કામ બે નંબરમાં ચાલે છે. તેના પગલે એક તરફ વેપારમાં કેશ જોવા મળતી જ નથી તો બીજી તરફ મોટા પાયે ટેક્સમાં પણ હેરાફેરી થઈ જાય છે. ચિઠ્ઠીઓનો આ ખેલ ૧૦૦થી વધુ મોટા કારોબારીઓની સાખ પર ચાલે છે.

### એચડી રેવન્નાને વચગાળાના જામીન આપ્યા

# યૌન શોષણ કેસ મામલે JDS નેતા એચ.ડી. રેવન્નાને મોટી રાહત

। (એજન્સી) બેંગ્લોર, તા.૨૦ ।

સેક્સ સ્કેન્ડલમાં ફસાયેલા JDS નેતા અને MLA એચડી રેવન્નાને બેંગ્લોર કોર્ટે જામીન આપી દીધા છે. હાલ તે વચગાળાના જામીન પર જેલની બહાર છે. તેના પર અને તેના પુત્ર પ્રજ્વલ રેવન્ના પર સેંકડો મહિલાઓનું યૌન શોષણ કરવાનો આરોપ છે. આ કૌભાંડ બહાર આવ્યાના બીજા જ દિવસે પ્રજ્વલ વિદેશ ભાગી ગયો હતો. કહેવામાં આવી રહ્યું છે કે તે હાલમાં જર્મનીમાં છે. ૪૨મી એડિશનલ ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ કોર્ટે અગાઉ જેડીએસના ૬૬ વર્ષીય એચડી રેવન્નાને વચગાળાના જામીન આપ્યા હતા. ન્યાયાધીશ પ્રીત જે એ SITની દલીલ સંભાળવાનો ઈનકાર કરીને જામીનનો આદેશ આપ્યો હતો. એચડી રેવન્નાની ૪ મેના રોજ ધરપકડ કરવામાં આવી હતી. ચાર દિવસની પોલીસ કસ્ટડીમાં મોકલી આપ્યા બાદ



તેને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યા હતા. ૨૮ એપ્રિલે એચડી રેવન્ના અને તેમના પુત્ર પ્રજ્વલ રેવન્ના વિરુદ્ધ કર્ણાટકના હોલેના રસીપુરા ટાઉન પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો હતો. જેના એક દિવસ પહેલા ૨૭મી એપ્રિલે પ્રજ્વલ રેવન્ના જર્મની ભાગી ગયો હતો. આ કેસમાં તેની સામે ધરપકડ વોરંટ પણ જારી કરવામાં આવ્યું છે. સીબીઆઈની અપીલ પર ઈન્ટરપોલે પ્રજ્વલ વિરુદ્ધ બ્લુ કોર્નર નોટિસ પણ જારી કરી છે.

## CBIની ટીમે CBIના જ અધિકારીઓની કરી ધરપકડ




। (એજન્સી) ભોપાલ, તા.૨૦ ।

દિલ્હીથી સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (CBI)ની ટીમે ભોપાલ સીબીઆઈના ચાર અધિકારીઓની ધરપકડ કરી છે. આ ઉપરાંત લાંચ આપનાર મેડિકલ કોલેજના ચેરમેનની પણ ધરપકડ કરવામાં આવી છે. વાસ્તવમાં છેલ્લા બે વર્ષથી હાઈકોર્ટના આદેશ પર સીબીઆઈ મધ્યપ્રદેશમાં નર્સિંગ કૌભાંડની તપાસ કરી રહી છે. દિલ્હીથી આવેલા સીબીઆઈના અધિકારીઓએ મેડિકલ કોલેજના અધિકારીઓ પાસેથી લાંચ લેવાના આરોપમાં ભોપાલ સીબીઆઈના ચાર અધિકારીઓની ધરપકડ કરી હતી. ધરપકડ કરાયેલા લોકોમાંથી એક સીબીઆઈ ઈન્સ્પેક્ટર છે, જ્યારે અન્ય બે એમપી પોલીસ અધિકારીઓ છે જેઓ હાલમાં ડેપ્યુટેશન પર સીબીઆઈમાં સેવા આપી રહ્યા છે. આ સિવાય ખાનગી નર્સિંગ કોલેજના ચેરમેન, પ્રિન્સિપાલ અને એક વચેટિયાની પણ લાંચ આપવાના આરોપમાં ધરપકડ કરવામાં આવી છે. ધરપકડ કરાયેલા આરોપીઓને રવિવારે રાત્રે જ ભોપાલની વિશેષ સીબીઆઈ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા, જ્યાંથી તેમને ૨૯ મે સુધીના રિમાન્ડ પર મોકલવામાં આવ્યા છે. મળતી માહિતી મુજબ, મધ્યપ્રદેશ હાઈકોર્ટે સીબીઆઈને આ કેસમાં કાર્યવાહી કરવાનો નિર્દેશ આપ્યો હતો. આ પછી સીબીઆઈની ટીમે ભોપાલ, ઈન્દોર અને રતલામ શહેરમાં ઝડપી કાર્યવાહી કરી. મળતી માહિતી મુજબ, નર્સિંગ કોલેજ કૌભાંડમાં સીબીઆઈ ઈન્સ્પેક્ટર રાહુલ રાજ પર કોલેજને બચાવવા માટે રિપોર્ટ બનાવવા માટે લાંચ માંગવાનો આરોપ છે. આ દરમિયાન ટીમે ભોપાલના સીબીઆઈ ઈન્સ્પેક્ટરને પ્રોફેસર કોલોની સ્થિત તેમના ઘરેથી પકડી લીધા હતા. આ સાથે સીબીઆઈએ ભોપાલની મલય કોલેજ ઓફ નર્સિંગના અધ્યક્ષ અનિલ ભાસ્કરન, પ્રિન્સિપાલ સુમા ભાસ્કરન અને લાંચ આપનાર દલાલ સચિન જૈનની પણ ધરપકડ કરી છે. તપાસ દરમિયાન CBIને રાહુલ રાજના ઘરેથી બે સોનાના બિસ્કિટ અને લગભગ ૮ લાખ રૂપિયા રોકડા મળ્યા છે.





નવી દિલ્હી ખાતે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી જે.પી. નડ્ડાની અધ્યક્ષતામાં ભાજપ મુખ્યાલય 6A DDU માર્ગ ખાતે ભાજપ ચૂંટણી વ્યવસ્થાપન સમિતિની બેઠક યોજવામાં આવી.

### ઉત્તર પ્રદેશમાં યુવક સામે ફરિયાદ દાખલ

# ૮-૮ વાર મતદાન કરનાર છોકરો આખરે ઝડપાયો

। (એજન્સી) લખનૌ, તા.૨૦ ।

દેશભરમાં હાલ લોકસભાની ચૂંટણીઓ ચાલી રહી છે. ત્યારે આજે દેશના ૬ રાજ્યો અને ૨ કેન્દ્રશાસિત પ્રદેશોમાં મતદાનનો પાંચમો રાઉન્ડ થઈ રહ્યો છે. લોકસભાની ૪૯ બેઠકો પર અનેક દિગ્ગજોનું ભાવિ દાવ પર લાગેલું છે. જેમાં યુપીની અમેઠી અને રાયબરેલી સીટ પણ સામેલ છે. રાયબરેલીથી રાહુલ ગાંધી પોતે મેદાનમાં છે. બિહાર અને મહારાષ્ટ્રમાં પણ કેટલીક હાઈપ્રોફાઈલ સીટો છે. ઉત્તર પ્રદેશમાં યુવક સામે ફરિયાદ દાખલ કરવામાં આવી છે. યુવકે ભાજપના ઉમેદવારને ૮ વખત મત




આપ્યાં હતાં. એટલું જ નહીં આ મતદાનનો વીડિયો પણ સોશિયલ મીડિયા પર ખુબ વાયરલ થઈ રહ્યો છે. તેણે જુદા જુદા મતદારના નામે મતદાન કર્યા હતા. જેને કારણે ચૂંટણી પંચે કડક કાર્યવાહી હાથ ધરી છે. એ યુવકને હાલ ઝડપી લેવામાં આવ્યો છે. ત્યારે વિપક્ષનો આક્ષેપ છેકે, ચૂંટણીમાં હાર ભાળી ગયેલી ભાજપ બૂથ કેપ્ચરિંગ પર ઉતરી આવી છે.

## તંત્રી લેખ...

# પોતાની ભલાઈમાં જે બીજાઓની ભલાઈ જુએ છે, તે 'વિશ્વમાનવ'

વિશ્વભાવનાનો વિચાર ભારતીય સંસ્કૃતિની ઉદાત્ત ભાવનાઓનું જ એક અંગ છે. વસુધૈવ કુટુંબકમ્ (સમસ્ત વસુધા જ પરિવાર છે) અને સર્વે ભવન્તુ સુખિન: (બધા લોકો સુખી થાય)ની કામના અને ભાવના આપણે ત્યાં સનાતન કાળથી જ રહી છે. આપણા બધાનું જીવન, આપણો સ્વભાવ અને કાર્ય-વ્યવહાર બધામાં બધા માટે સુખ, શાંતિ, પ્રેમ અને સદ્ભાવનાનું હોવું માનવીય ચરિત્રનું જ દ્યોતક છે. તારું-મારું, પોતાનું-પારકું અને આનું-તેનું જેવી સ્વાર્થની ભાવનાઓથી આપણે ઉપર ઉઠીને અને બધાના કલ્યાણ અને સુખ-શાંતિની કામના કરતાં જીવનને આગળ વધારતા જઈએ. તેનાથી જ્યાં પોતાનું પણ ભલું થાય છે, ત્યાં બીજાઓનું પણ કલ્યાણ થતું જાય છે. બધા જ ધર્મગ્રંથો અને દર્શનોમાં વિશ્વ કલ્યાણની વાત કહેવામાં આવી છે. ધર્મ એ જ છે, જેનાથી બધાનું ભલું થાય છે. પોતાની ભલાઈમાં જે બીજાઓની ભલાઈ જુએ છે, તે 'વિશ્વમાનવ' બની જાય છે. તેના માટે પોતાના-પારકા અને સ્વાર્થની ભાવના કોઈપણ સ્તર પર નથી હોતી. એ જ તો મનુષ્યનું કર્તવ્ય અને કર્મ હોવું જોઈએ કે ફક્ત પોતાના વિશે જ ન વિચારે, બલ્કે બધા વિશે સારું વિચારે અને સારું કરવાનો સ્વભાવ બનાવે. જેમ કે બ્રહ્મમાં તમામ વિશ્વ એક માળાની જેમ એકાકાર થઈ જાય છે, એવી જ રીતે આપણી મનની આંખોમાં તમામ માનવ સમાજ પોતાના સહોદર જેવો બની જાય, તો જીવનનો સાચો મકસદ પૂરો થઈ જાય છે. આ શુભતા, વિશ્વભાવનાની ધારાનો આધાર છે. આપણે રોજ ઈશ્વરને પ્રાર્થના કરીએ કે હે ઈશ્વર અમારો સ્વભાવ, કર્મ વ્યવહાર અને બુદ્ધિ ક્યારેય સ્વાર્થથી પ્રેરિત થઈને એકાંગી ન બને. આપણા રોમ-રોમમાં પરોપકારની વિશ્વભાવના દરેક પળે બની રહે. આપણી દરેક ઈન્દ્રિય ઉત્તમ ધારામાં કાર્ય કરનારી હોય. જેવી રીતે આપણે પરિવારના સભ્યો પ્રત્યે હંમેશાં કૃતજ્ઞતા અને શુચિતાનો ભાવ બનાવી રાખીએ છીએ, એવો જ ભાવ આપણે વિશ્વના પ્રત્યેક વ્યક્તિ પ્રત્યે બનાવી રાખીએ. તેનાથી હૃદયમાં દરેક પળે પવિત્રતાનો ભાવ બની રહેશે. કોઈ સાથે નફરતની ભાવના નહીં હોય અને ના કોઈ સાથે જૂઠું બોલવું પડશે. કરુણા, દયા, પ્રેમ, સહિષ્ણુતા અને સદાશયતાની ભાવના પણ સતત વધતી જશે. આખું જીવન સદ્ગુણોથી ભરાયેલું થઈ જશે. કહેવાનું તાત્પર્ય એ છે કે આપણો સતત વિસ્તાર થતો જશે. 'હું'ની જગ્યાએ 'આપણે'ની ભાવના જાગૃત થતી જશે. એવી ભાવના આપણે સાધના દ્વારા હાંસલ કરી શકીએ છીએ.

## અરાજકતાની વચ્ચે આંતરિક શાંતિ કેવી રીતે પુનઃસ્થાપિત કરવી?



જીવન વિશેની સમજનો અને સ્પષ્ટતાનો અભાવ આપણી યુવા પેઢીને આત્યંતિક પસંદગી તરફ દોરીને લઈ જઈ રહી છે. યુવાઓ ઘણી ઊંચાઈઓ હાંસલ કરે છે અને ઘણી પડતી પણ અનુભવે છે. તેમને ત્વરિત નિરાકરણ, ત્વરિત પરિણામ જોઈતા હોય છે. તેમને એવું હોય છે કે બધું અત્યારે, આ ક્ષણે, જ થવું જોઈએ! જો યુવાઓ પોતાની આવશ્યકતા અને મહત્વકાંક્ષાને કેવી રીતે પહોંચી વળવું એ નહીં શીખે તો તેઓ ખોટી પસંદગીઓ કે જે અલ્પકાલીન રોમાંચની ખાતરી આપે છે તે માટે લલચાઈ જશે. આજે યુવાઓ માનસિક બીમારીઓ, હતાશા અને આત્મહત્યાની વૃત્તિથી પહેલા ક્યારેય નહોતું જોવા મળ્યું એટલા પીડાઈ રહ્યા છે. જે સંખ્યામાં યુવા હિંસા અને અપરાધ આચરી રહ્યા છે તે ભયજનક છે અને જે પ્રમાણમાં તેઓ ધુમ્રપાન, મદ્યપાન અને નશીલી દવાઓના તાબે થઈ રહ્યા છે તેનો દર અત્યારે સૌથી ઊંચો છે. યુવાઓને ઉત્સાહ વધતો રહે એવું જોઈતું હોય છે. આધ્યાત્મિકતા એવી ચાવી છે જે ઉત્સાહને જન્માવે છે, નિભાવે છે અને વધારે છે. આપણા યુવાઓએ એ જાણવું જરૂરી છે કે તેઓ જે માનવતા સાથે જન્મ્યા છે તેને ગુમાવ્યા વગર સર્જનાત્મક અને ઉત્પાદક થઈ શકે છે. તેઓએ એ પણ જાણવું જોઈએ કે તેમનામાં ઘણી ક્ષમતા અને તાકાત છે જેનાથી તેઓ જે ઈચ્છે તે ઉપલબ્ધ કરી શકે છે. તેઓ ભૌતિક સમૃધ્ધિ અને અનુકૂલનની એટલી પરાકાષ્ઠા અનુભવે છે કે જીવન ઉત્તેજનાથી સંતૃપ્ત થઈ ગયું છે. માત્ર ભૌતિક વસ્તુઓ કે આરામદાયક બાબતો વ્યક્તિને ખરેખર અનુકૂળતામાં નથી રાખતી. દરેક વ્યક્તિ જીહજીક નિર્મળતા, સ્થિરતા,આંતરિક શાંતિ અને નિષ્કપટ પ્રેમ ઝંખે છે. આધ્યાત્મિકતા આ તમામ આપી શકે છે. ભારતીય આધ્યાત્મિકતાના મુખ્ય અભિગમમાંનો એક છે સેવા. યુવાઓમાં તાકીદની જરૂરીયાતના સમયે સેવા કરવા માટે પૂરતી ઊર્જા હોય છે. જો વ્યક્તિ સેવાને જીવનનો એક માત્ર ઉદ્દેશ બનાવે છે તો તેનાથી તેના ભય દૂર થાય છે, મનમાં એકાગ્રતા આવે છે, કાર્ય હેતુલક્ષી બને છે અને દીર્ઘકાલીન આનંદ પ્રાપ્ત થાય છે. આપણા યુવાઓને જે ભય અને હતાશા પાછા પાડે છે તે નાબુદ કરવા આધ્યાત્મિકતામાંનો સેવાનો અભિગમ અપનાવવો જોઈએ. સેવાથી હંમેશા મોટા ફાયદા મળે છે. તે હતાશા સામે સૌથી અસરકારક ઉપાય છે. જે દિવસે તમને નિરાશાજનક, ત્રાસજનક અને વધારે ખરાબ લાગે ત્યારે પોતાના રુમમાંથી બહાર નીકળો અને લોકોને પૂછો, "હું તમારા માટે શું કરી શકું છું?". તમે જે સેવા કરશો તે તમારામાં ક્રાંતિ સર્જશે. જ્યારે તમે અન્યોને સહાયરૂપ થવામાં વ્યસ્ત થાવ છો ત્યારે તમને સમજાશે કે ઈશ્વર તમારી બહુ સરસ રીતે સંભાળ લઈ રહ્યા છે અને નિરાશા પ્રેમ અને કૃતજ્ઞતામાં પરિવર્તિત થાય છે. એનાથી વિરુદ્ધ, જ્યારે તમે આવા પ્રશ્નો પૂછો છો કે "શા માટે હું?" અથવા "મારું શું થશે?"તો તમે હતાશા તરફ ધકેલાવ છો. આજે આપણા યુવાઓમાં રુકાવટ એ સૌથી મોટી સમસ્યા છે. લોકો તેમના વિશે શું વિચારશે તે વિશે તેઓ બહુ ચિંતા કરે છે. એનાથી તેમની નિર્ણય શક્તિ પર ઘણી પ્રતિકૂળ અસર થાય છે. કયા કપડા પહેરવા, કયો મોબાઈલ ખરીદવો જેવા સાવ નાના નિર્ણયોથી લઈને કઈ કારકિર્દી પસંદ કરવી જેવા ખૂબ અગત્યના નિર્ણયોમાંથી મોટા ભાગના નિર્ણયો સમજદારી અને તાર્કિક પસંદગીના બદલે બીજા તેમને વિશે શું વિચારશે.

---

**વિષ્ણુના આ ચોથા અવતાર નૃસિંહના મંદિરો પણ બંધાયા છે, અને ભગવાનને એ સમયે એટલો બધો ક્રોધ આવી ગયો હતો**


# વિષ્ણુનાં આ ચોથા અવતાર નૃસિંહને એ સમયે એટલો ક્રોધ આવ્યો હતો કે, એને ચંદનનો લેપ કરવો પડ્યો!



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**શાસ્ત્રો અનુસાર વિષ્ણુના ૨૪ અવતારની વાત માનવામાં આવી છે, નૃસિંહ અવતાર પોતાના ભક્તને મદદ કરવા માટે અવતાર લીધો હોય એવું આ કથાનક છે, વિષ્ણુ અવતારની આગળના આવતારોમાં શ્રીરામ અને શ્રીકૃષ્ણએ બંને મનુષ્ય રૂપે જન્મ લીધો હતો.**

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ.આજે વૈશાખ સુદ ચૌદસ એટલે કે વિષ્ણુના ચોથા અવતાર એવા નૃસિંહ અવતારની જયંતિ છે. આપણે હમણાં વૈશાખ મહિનો વિષ્ણુનો છે અને વિષ્ણુ આપણા પાલન કર્તા પરમાત્મા હોવાથી એને વર્તમાન તરીકે સ્વીકારીને ચિંતન કરી રહ્યા છીએ. શાસ્ત્રો અનુસાર વિષ્ણુના ૨૪ અવતારની વાત માનવામાં આવી છે, નૃસિંહ અવતાર પોતાના ભક્તને મદદ કરવા માટે અવતાર લીધો હોય એવું આ કથાનક છે. વિષ્ણુ અવતારની આગળના આવતારોમાં શ્રીરામ અને શ્રીકૃષ્ણ એ બંને મનુષ્ય રૂપે જન્મ લીધો હતો અને મનુષ્યની મર્યાદામાં અધર્મનો નાશ કરી ધર્મની પુનઃ સ્થાપના કરી હતી. યુગો પહેલા હિરણ્ય કશ્યપું નામનો એક દાનવ રાજ થઈ ગયો, અને તેને તેના બળનો બહુ અહંકાર હતો. થયું એવું કે હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુ બંને ભાઈઓ હતા અને હિરણ્યાક્ષ નો ભગવાન વિષ્ણુ એ વધ કર્યો એટલે હિરણ્યકશિપુ ભગવાન વિષ્ણુને પોતાના દુશ્મન સમજવા લાગ્યો! એણે બદલો લેવા ખૂબ આકરું તપ કર્યું. તેને વરદાન આપવામાં આવ્યું હતું કે, તેને કોઈપણ નર અથવા પશુ મારી નહીં શકે. ઘર અથવા બહાર મારી નહીં શકે. શસ્ત્ર અથવા અસ્ત્રથી કે, દિવસે અથવા રાત્રે પણ મારી નહીં કરી શકે. આ વરદાન મેળવી હિરણ્યકશ્યપ સ્વયંને ભગવાન માનવા લાગ્યો હતો અને ત્રણેય લોકના વાસીઓ પર અત્યાચાર કરવાનો શરૂ કરી દીધો હતો. દેવતાઓ પણ ડરવા લાગ્યા હતા, જેથી દેવતાઓએ ભગવાન વિષ્ણુને આ સંકટમાંથી બહાર લાવવા માટે પ્રાર્થના કરી. ભગવાન વિષ્ણુએ આ અત્યાચારમાંથી મુક્તિ અપાવવા માટેનું આશ્વાસન આપ્યું હતું. પોતાના રાજ્યમા સૌએ તેની જ પૂજા કરવાની જ્યારે તેનો જ પુત્ર પ્રહલાદ ભગવાન વિષ્ણુનો ભક્ત હતો, અને તેની ઉંમરના અન્યને પણ વિષ્ણુ ભક્તિ વિશે પ્રેરિત કરતો. માનીતી અને અણમાનીતી રાણીઓની પહેલાના સમયમાં પ્રથા હતી, અને પ્રહલાદની માતા અણમાનીતી રાણી હતી. સુનીતિ સાથે જ પ્રહલાદ નારદના મુખે ભગવાન વિષ્ણુના ગુણદાન સાંભળે છે, અને તેઓ પોતાની માતા માટે ભગવાન વિષ્ણુની તપ સાધના કરે છે, અને આ રીતે તે વિષ્ણુમય બની ગયા. પોતાનાં પિતા એવા હિરણ્ય કશ્યપુથી આ બધું જોયું જ હતું નહોતું, અને તેનો અહંકાર એટલો ઘવાયો કે તે પોતાના જ પુત્રનો જીવ લેવા તત્પર બન્યા. અને આવા કેટલાય પ્રયોગો નિષ્ફળ ગયાં ત્યારે એમણે પ્રહલાદને



કહ્યું કે, જો તારો ભગવાન કણકણમાં વ્યાપ્ત હોય તો તું એ સાબિત કરી દે, અને થાંભલા માંથી નર અને સિંહ બંને સંલગ્ન હોય એવું એક સ્વરૂપ બહાર આવ્યું, જે હિરણ્યકશિપુ ને ઘરના ઉંબર સુધી ઢસડીને લાવે છે અને તેની છાતી ચીરી નાખે છે. આપણે પણ પરમાત્મા વ્યાપ્ત છે એ કહીએ છીએ, છતાં અહમ તો આપણે પણ છોડી શકતા નથી, બસ આપણો અહમ હિરણ્યકશિપુ બની આપણને બધે પરમાત્મા ના દર્શન કરવા દેતો નથી. આમ થાંભલા માંથી નૃસિંહ ભગવાન પ્રગટ થયા એ દિવસે વૈશાખ સુદ ચૌદસ હતી, અને ત્યારથી આ દિવસ નૃસિંહ જયંતિ તરીકે ઉજવવામાં આવે છે. આમ જુઓ તો એક ભક્તની ભગવાન પ્રત્યેની અતૂટ શ્રદ્ધાનું આ પરિણામ છે, અને એ પણ કેટલી નાની ઉંમરે!: જોકે નાના હોય ત્યારે અમુક વાત વગર તર્ક સ્વીકારી લેતા હોઈએ છીએ, અને અહમ પણ એટલો બળવાન હોતો નથી. વિષ્ણુના આ ચોથા અવતાર નૃસિંહના મંદિરો પણ બંધાયા છે, અને ભગવાનને એ સમયે એટલો બધો ક્રોધ આવી ગયો હતો, કે તેનું પોતાનું મુખ પણ સળગવા લાગ્યું હતું, અને તેને શાંત કરવા માટે ચંદનનો લેપ લગાડ્યો હતો! તો ત્યારથી નૃસિંહ ભગવાનનાં મંદિરોમાં એની મૂર્તિ ને ચંદનનો લેપ કરવામાં આવે છે. અક્ષય તૃતીયાને દિવસે આ ચંદનનો લેપ હટાવવામાં આવે છે અને ત્યારથી તે ચૌદસ એટલે કે ૧૧ દિવસ સુધી ભક્તોને નૃસિંહ સ્વરૂપના દર્શન થાય છે, બાકી તો ચંદન આવરીત જ તેની મૂર્તિ હોય છે. પુરાણોમાં આલેખ્યા મુજબ પ્રહલાદ ભક્ત હતા અને એ જ રીતે કળિયુગમાં નરસિંહ પણ ભક્ત છે. પ્રહલાદ માટે અવતરેલા નૃસિંહ એક એવું સ્વરૂપ છે કે જે વિકરાળ છે, પણ વૈશાખ સુદ પૂનમ ને દિવસે નરસિંહ મહેતા જન્મ જયંતી છે, અને નામ એક હોવા છતાં બંનેમા એક વિષ્ણુ તત્વને બાદ કરતાં કોઈ સામાન્યતા નથી. આ નરસિંહ વિશે વિગતવાર વાત તો આવતી કાલે કરીશું પણ મુખ્ય વાત એ છે કે આ નરસિંહ વિકરાળ બિલકુલ નથી, સ્વભાવે એકદમ રાંક છે, પણ નામની સંધિ છૂટી પાડીએ તો નર સિંહ એટલે કે આ એવો નર છે, જે સિંહ સમાન કાળનો જ કોળિયો કરી ગયો, અને કળિયુગમાં જન્મ હોવા છતાં દ્વાપરનાં એ કૃષ્ણ કામણગારાને ભક્તિ થકી સાક્ષાત પામી ગયાં. એટલે એમ કહી શકાય કે પૌરાણિક આવી કથા પરથી આપણને કલ્પના આવે કે હિરણ્યકશિપુ કેવો હશે? કે જે પોતાના જ દિકરાને મારવા તુલ્યો!! પણ અહંકાર એવી બલા છે કે જે સાચાં ખોટાં નું મુલ્યાંકન કરવા દેતી નથી. અને આવાં કોઈ ને કોઈ મનોવિકાર ને કારણે જ આપણે ઈશ્વર તત્વને પામી શકતા નથી! બાકી હિરણ્યકશિપુ જેવો દાનવ તપ કરીને વરદાન પ્રાપ્ત કરી શકે તો શું આપણે એનાથી પણ ઉતરતી કક્ષાના છીએ?? ક્યારેક જવાબ હા લાગે! અને ક્યારેક જવાબ ના લાગે! કારણકે આપણે દાનવ નથી માનવ છીએ! અને દેવ તો છીએ જ નહીં! એટલે થોડાં બેખબર રહીએ તો આપણે માનવ માંથી દાનવ બની શકીએ! અને થોડા જાગૃત રહીએ તો માનવ માંથી ઉપર પણ ઉઠી શકીએ! દેવ શબ્દ મને એટલો ગમતો નથી કારણ કે પુરાણોમાં એનાં સ્વાર્થ અને શોખ આલેખ્યા છે જે મારી માનસિકતા ને રુચિકર નથી, પણ જાગૃતિ માનવ માંથી આપણને માનવી બનાવી શકે, એ નિતાંત સત્ય છે. જાગૃતિ એટલે જાગરણ શું શું કરાવી શકે એ નરસિંહ થી વિશેષ કોણ કહી શકે! તો નૃસિંહ અને નરસિંહ બંને અવતાર પુરુષ છે અને ઈતિહાસ તેને કાયમ આ રીતે યાદ રાખશે. યુગ ગમે તે હોય! પણ ભક્ત માટે ભગવાન આવે છે! આવે છે! અને આવે છે! બસ ક્યારેક ભગવાન કસોટી કરે છે, એ આપણે ભક્ત પ્રહલાદ અને ભક્ત નરસિંહ પરના જનતા ના અત્યાચાર પરથી જોઈ શકીએ છીએ.તો ભક્ત પ્રહલાદ માટે વિષ્ણુ એ નૃસિંહ અવતાર લીધો, નરસિંહ મહેતા માટે વિષ્ણુના પૂર્ણાવતાર કહેવાતા ભગવાન કૃષ્ણ સ્વયં એની મદદે આવ્યા. આપણે સૌ પણ આપણી ભક્તિની પરાકાષ્ઠા સુધી ભગવાનનું ભજન કરીએ, અને આપણી આધિ વ્યાધિ અને ઉપાધિ એને સોંપી નરસિંહની જેવા ભક્ત બની શકીએ એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું ફરી મળીશું નવા ચિંતન મનન સાથે તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

---

**ધ્યાન કરતાં મન ચંચળ બને અને સંસારના વિષયો દેખાય ત્યારે પરમાત્માના નામનું વારંવાર કીર્તન કરો**

# વાણી કીર્તન કરે અને આંખ દર્શન કરે તો મન શુદ્ધ થાય છે, મન શુદ્ધ થતાં પરમાત્માની શક્તિ તમારામાં આવશે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**મન શુદ્ધ થતાં પરમાત્માની શક્તિ તમારામાં આવશે, મનની શુદ્ધિ દાનથી કે સ્નાનથી થતી નથી, તીર્થસ્નાનથી શરીર શુદ્ધ થાય છે, મન શુદ્ધ થતું નથી, સંસારનું ચિંતન કરવાથી બગડેલું મન જ્યાં સુધી ઈશ્વરનું સતત ચિંતન કરે ત્યાં સુધી સુધરશે નહીં.**

ધ્યાનમાં સંસારના કોઈ પદાર્થનું ચિંતન ન કરો,કોઈ જીવનું ધ્યાન ન કરો,કોઈ જડ વસ્તુનું ધ્યાન ન કરો, ધ્યાન કરવું હોય તો શ્રીકૃષ્ણનું ધ્યાન કરો. અનેક જન્મથી આ મન ને રખડવાની ટેવ પડી છે. ધ્યાન કરતાં મન ચંચળ બને અને સંસારના વિષયો દેખાય ત્યારે પરમાત્મા ના નામનું વારંવાર કીર્તન કરો. ઉચ્ચ સ્વરથી કીર્તન કરો. શ્રીકૃષ્ણ કીર્તનથી જગતનું વિસ્મરણ થાય છે. પરમાત્માના મંગલમય સ્વરૂપને નિહાળતાં નિહાળતાં તેના નામનું કીર્તન કરો. વાણી કીર્તન કરે અને આંખ દર્શન કરે તો મન શુદ્ધ થાય છે. મન શુદ્ધ થતાં પરમાત્માની શક્તિ તમારામાં આવશે. મનની શુદ્ધિ દાનથી કે સ્નાનથી થતી નથી. તીર્થસ્નાનથી શરીર શુદ્ધ થાય છે, મન શુદ્ધ થતું નથી. સંસારનું ચિંતન કરવાથી બગડેલું મન જ્યાં સુધી ઈશ્વરનું સતત ચિંતન કરે ત્યાં સુધી સુધરશે નહીં. આ શરીર ગંદુ છે. આ શરીરથી ઈશ્વરને મળી શકાતું નથી. શરીરનું બીજ અપવિત્ર છે. ઠાકોરજીને તનથી મળવાનું છે. ધ્યાન વગર મનોમિલન થતું નથી. ધ્યાન કરવાથી જીવ-ઈશ્વરનું મિલન થાય છે. ધ્યાન વિના બ્રહ્મસંબંધ થતો નથી.ધ્યાનની પરિપક્વ દશા એ જ સમાધિ છે. તે જ જીવનમુક્તિ. સમાધિ અધિક વખત ટકે એટલે જ્ઞાનીઓને જીવતાં જ મુક્તિનો આનંદ મળે છે. ભાગવત ફરી ફરી કહે છે: ધ્યાન કરો, જપ કરો. એકએક ચરિત્રમાં આ સિદ્ધાંત વર્ણવ્યો છે. પુનરુક્તિ એ દોષ નથી.એક સિદ્ધાંતને બરાબર બુદ્ધિમાં ઠસાવવો હોય તો તેને વારંવાર કહેવો પડે છે. ભાગવતના પ્રત્યેક સ્કંધમાં આ જપ-ધ્યાનની કથા આવશે. જ્ઞાનીઓ સાધનમાર્ગનો આશ્રય લઈ મુક્ત બને છે. જ્ઞાનથી ભેદને દૂર કરવો એ જ્ઞાનમાર્ગનું લક્ષ્ય છે. ભક્તિથી ભેદને દૂર કરવો એ ભક્તિનું લક્ષ્ય છે. બંનેનું લક્ષ્ય એક જ છે. માર્ગ જુદા જુદા છે. સાધનામાં. ભેદ છે. ધ્યાન એક જ છે. તેથી સગુણ-નિર્ગુણ બંનેની જરૂર છે. ઈશ્વર અરૂપ છે પણ વૈષ્ણવો જે રૂપની ભાવનાથી તન્મય બને છે તેવું સ્વરૂપ પ્રભુ ધારણ કરે છે. સગુણ-નિર્ગુણ બંને સ્વરૂપોનું ભાગવતમાં વર્ણન કર્યું છે. નિર્ગુણરૂપે પ્રભુ સર્વત્ર છે અને સગુણરૂપે મારા શ્રીકૃષ્ણ ગોલોકમાં બિરાજેલા છે.ઈષ્ટદેવમાં પૂર્ણ વિશ્વાસ રાખી જગતના જડચેતન પદાર્થોમાં પ્રભુ રહેલા છે તેવો દૃઢ વિશ્વાસ રાખો. ક્રિયા અને લીલામાં તફાવત છે. પરમાત્મા જે કરે તેનું નામ લીલા અને જીવ જે કરે તેનું નામ ક્રિયા. ક્રિયા બંધનરૂપ છે, કારણ તેની પાછળ કર્તાનો આસક્તિ, સ્વાર્થ તથા અહંકાર હોય છે.ઈશ્વરની લીલા બંધનમાંથી છોડાવે છે, કારણ ઈશ્વરને સ્વાર્થ તથા અભિમાનનો સ્પર્શ થતો નથી. જે કાર્યમાં કર્તૃત્વ નું અભિમાન નથી તે લીલા કેવળ જીવોને પરમાનંદનું દાન કરવા માટે પ્રભુ લીલા કરે છે, તેથી વ્યાસજી માખણચોરી,રસ સર્વને લીલા નામથી સંબોધે છે. શ્રીકૃષ્ણ માખણની ચોરી કરે તે મિત્રો માટે, પોતા માટે નહીં. દૈવીજીનું કલ્યાણ કરવા માટે જ ભગવાન



લૌકિક જીવોની જેમ લીલા કરે છે. જગતની ઉત્પત્તિ એ લીલા છે, સ્થિતિ એ પણ લીલા છે, અને વિનાશ એ પણ લીલા છે. વિનાશમાં પણ આનંદ છે. સર્વનો દૃષ્ટા હું છું. આ 'હું'નો નાશ થતો નથી. જ્ઞાની પુરુષ તેને લીલા કહે છે 'હું' ઈશ્વરનો અંશ છું, પણ આ 'હું 'અહંકારમાં પરિણમવું ન જોઈએ. ગાંધારીને શ્રીકૃષ્ણ મળવા આવે છે ત્યારે ગાંધારી શ્રાપ આપે છે કે, મારા વંશમાં તેં કોઈને રહેવા દીધો નહીં, તો જા, તારા વંશમાં પણ કોઈ રહેશે નહીં. શ્રીકૃષ્ણ તો શ્રાપ સાંભળી ખુશ થાય છે, ને કહે કે, મા, હું વિચાર કરતો હતો કે આ બધાનો વિનાશ કેવી રીતે કરવો. સારું થયું કે તમે શ્રાપ આપ્યો! પરમાત્મા તો શાંતાકાર છે અને ભુજંગ ઉપર શયન કરવાવાળા છે. લોકોને પલંગ-શયન કરવા મળે તો પણ શાંતિ નથી. એટલે લય એ પણ ભગવાનની લીલા છે. જીવને ઉત્પત્તિ અને સ્થિતિ ગમે છે, પરંતુ લય ગમતો નથી. ગાંધારી સમજી ગઈકે લોકો આને ભગવાન કહે છે તે સાચું છે. જે પ્રભુએ બ્રહ્માજીને વેદતત્ત્વનું જ્ઞાન આપ્યું તે જગતની ઉત્પત્તિ, સ્થિતિ, સંહાર કરનાર પરમાત્માનું અમે ધ્યાન કરીએ છીએ. આદિકવયે બ્રહ્માને જે દિવ્યજ્ઞાન નારાયણે આપ્યું છે તેનું વર્ણન કરીએ છીએ. ભગવાનના ધ્યાનમાં તન્મયતા નહીં થાય, તો સંસારનું ધ્યાન થશે. તે છોડવાનો પ્રયત્ન કરો. ધ્યાનથી શરૂઆતમાં સંસાર દેખાય છે. પ્રત્યેક સાધકને એવો અનુભવ થાય છે. ઈશ્વરનું ધ્યાન ન થાય તો હરકત નથી પણ સંસારને તો ધ્યાનમાં લાવશો નહીં. ઠાકોરજીના દર્શન કર્યા પછી પણ ધ્યાનની જરૂર છે.મંદિરના ઓટલા પર બેસવાનો રિવાજ જગતની વાતો કરવા માટે નહીં,પણ ધ્યાન કરવા માટે છે.મંદિરમાં જે સ્વરૂપ નાં દર્શન કર્યા હોય તે સ્વરૂપનું ઓટલા ઉપર બેસી ધ્યાન,ચિંતન કરવાનું છે. પરમાત્માનું ધ્યાન કરવાથી વિઘ્નનો નાશ થાય છે. વ્યાસજીએ મંગલાચરણમાં લખ્યું છે કે, સત્યં પરમ ધીમહિ.સત્ય સ્વરૂપ પરમાત્માનું અમે ધ્યાન કરીએ છીએ.વ્યાસજીએ શ્રીકૃષ્ણ નું ધ્યાન કરું છું એમ કેમ ન લખ્યું? અને સત્ય સ્વરૂપ પરમાત્માનું ધ્યાન કરું છું એમ કેમ લખ્યું? શ્રીકૃષ્ણનું ધ્યાન કરું છું એમ લખ્યું હોય તો શિવભક્તો, દત્તાત્રેય ભક્તો, દેવીના ભક્તો વગેરેને થાયકે ભાગવત તોશ્રીકૃષ્ણ ભક્તો માટેનો જ ગ્રંથ છે.એટલે વ્યાસજી એ કોઈનું વિશિષ્ટ રીતે નામ ન આપી ધ્યાન કરવાનું કહ્યું નથી, પણ સત્ય સ્વરૂપ પરમાત્માનું ધ્યાન કરવાનું કહ્યું છે. જેને જે સ્વરૂપ ગમે તેનું તેણે ધ્યાન કરવું. લોકોની રુચિ જુદી જુદી હોય છે. કોઈ એક શાસ્ત્રને માને,કોઈબીજા શાસ્ત્રને માને.બધા કહે છે કે, અમારું શાસ્ત્ર શ્રેષ્ઠ છે,પરંતુ બધા શાસ્ત્રોનું લક્ષ્ય એક જ છે. જેમ બધી નદીઓનું લક્ષ્ય સમુદ્ર છે તેમ. તેથી પરમાત્મા શિવ, ગણેશ, રામ, દત્તાત્રેય વગેરેનાં સ્વરૂપો ધરે છે. સત્ય અખંડ છે, અવિનાશી છે, અબાધિત છે. સત્યનો કદી વિનાશ થતો નથી. સત્યના સ્વરૂપમાં કાંઈ પરિવર્તન થતું નથી. સુખ, દુ:ખ, લાભ હાનિમાં પરમેશ્વરનું સ્વરૂપ બદલાતું નથી. ગીતાજીમાં ભગવાન કહે છે કે, દુ:ખમાં જેને ઉદ્વેગ નથી અને સુખમાં જેને સ્પૃહા નથીએ સ્થિત પ્રજ્ઞ, શ્રીકૃષ્ણ જેવું બોલે છે તેવું જીવનમાં આચરી પણ બતાવે છે. રામચંદ્રજીને રાજ્યાભિષેક વખતે અને વનવાસ વખતે એક સરખો જ આનંદ છે. શ્રીકૃષ્ણને સોળ હજાર રાણીઓ અને સોનાની દ્વારિકા, ત્યારે પણ આનંદ અને એ સર્વનો વિનાશ ત્યારે પણ આનંદ. શ્રીકૃષ્ણ ઉદ્ધવને કહે છે કે,ઉદ્ધવ, આ બધું ખોટું છે.હું જ એક સાચો છું. જગત અસત્ય છે, પરમાત્મા સત્ય છે.ભૂત,ભવિષ્ય અને વર્તમાનમાં જે એક સ્વરૂપે રહે તે સત્ય.તેથી વ્યાસજી કહે છે કે, સત્યનું અમે ધ્યાન કરીએ છીએ તેથી સુખી થવું હોય તો સત્ય પરમાત્મા સાથે પ્રેમ કરો.જગત અસત્ય છે. જગતના પદાર્થો દુ:ખ રૂપ છે.વ્યવહારમાં જગત સત્ય જેવું ભાસે છે,પણ તત્ત્વદષ્ટિથી જગત સત્ય નથી.તે જ્ઞાની પુરુષો જગત અનિત્ય છે, અસત્ય છે, માયા છે, માત્ર ભાસ છે, તેમ વારં-વાર ચિંતન કરે છે. સ્વપ્રમાંથી જાગ્યા પછી સ્વપ્ર જેમ મિથ્યા લાગે છે,તેમ ભગવાન ના સાક્ષાત્કારથી જગત મિથ્યા લાગે છે. ઈશ્વર સદા-સર્વદા એક સ્વરૂપ છે. એને કામ, ક્રોધ, લોભ વગેરેની અસર થતી નથી. એ પોતે આનંદ રૂપ છે. રૂપિયો ખોટો હોય તો તેના ઉપર મોહ થતો નથી તેમ આ ખોટા, અસત્ય જગત ઉપર મોહ ન કરવો. મિલનમાં સુખ થાય છે, પણ વિયોગમાં અતિશય દુ:ખ થાય છે. માટે વિયોગ અવશ્ય છે એમ સમજી જગતના જીવો ઉપર પ્રેમ ન કરો. અંધારામાં પડેલું દોરડું સર્પરૂપે ભાસે છે, પરંતુ પ્રકાશ આવતાં જ્ઞાન થતાં તેના યથાર્થ સ્વરૂપનું જ્ઞાન થાય છે.તેમ આ સંસાર અસત્ય હોવા છતાં માનવીને અજ્ઞાનને કારણે તે સત્ય હોય એમ ભાસે છે. આ દૃશ્ય જગત અસત્ય છે, ભ્રમરૂપ છે, ખોટું છે. તેમ છતાં સત્યરૂપ પરમેશ્વરના આધારે તે રહેલું હોવાથી તે સત્ય જેવું ભાસે છે.રાજાએ ખોટા મોતીનો હાર પહેર્યો હોય,તો પણ તેનીપ્રતિષ્ઠાને કારણે લોકો માનશે કે રાજાએ સાચાં મોતીનો હાર પહેર્યો છે. ગરીબ માણસે સાચાં મોતીનો હાર પહેર્યો હોય,તો પણ તેની ગરીબીને કારણે લોકો એમ માનશે કે, તેણે ખોટાં મોતીનો હાર પહેરેલો છે. તે પ્રમાણે જગતરૂપી બનાવટી મોતી ની કંઠી પરમાત્માએ પોતાના ડોક માં રાખી છે.

# જીવનસાથીના મૃત્યુથી દુઃખી હતા તેથી કરી આત્મહત્યા!

દક્ષિણ ટીવી ઈન્ડસ્ટ્રીને વધુ એક મોટો આંચકો લાગ્યો છે. તેલુગુ અભિનેતા ચંદ્રકાંતના નિધનના સમાચાર સામે આવ્યા છે. કહેવામાં આવી રહ્યું છે કે અભિનેતાએ આત્મહત્યા કરી લીધી છે. હૈદરાબાદના અલકાપુરમાં તેમના ઘરમાંથી તેમની લાશ મળી આવી હતી. જો કે હાલ પોલીસે આ કેસને શંકાસ્પદ સંજોગોમાં મોત તરીકે નોંધ્યો છે. પરંતુ જો આપણે તેની સોશિયલ મીડિયા પોસ્ટ્સ પર નજર કરીએ તો, અભિનેતાએ તેના જીવનસાથી પવિત્ર જયરામના મૃત્યુથી દુઃખી થઈને આ પગલું ભર્યું હતું. પવિત્રાનું થોડા દિવસ પહેલા કાર અકસ્માતમાં મૃત્યુ થયું હતું. તેલુગુ ઈન્ડસ્ટ્રીના લોકપ્રિય સ્ટારે હવે હંમેશા માટે આંખો બંધ કરી લીધી છે.





શુક્રવારે, ૧૭ મેના રોજ, અભિનેતાની ડેડ બોડી હૈદરાબાદમાં તેના ફ્લેટમાંથી મળી આવી હતી. તેલંગાણાના મહબૂબનગરમાં કાર અકસ્માતમાં મૃત્યુ પામેલા અભિનેતાના જીવનસાથી પવિત્ર જયરામના મૃત્યુના થોડા દિવસો બાદ જ આ આઘાતજનક સમાચાર આવ્યા છે. તે અલકાપુરના ફ્લેટમાં પવિત્રા સાથે રહેતો હતો. અહેવાલો અનુસાર, ૩૯ વર્ષના ચંદ્રકાંતે ફાંસી લગાવીને આત્મહત્યા કરી લીધી છે. જીવન સાથીના મૃત્યુ બાદ તે ડિપ્રેશનથી પીડાતો હતો. નરસિંહ પોલીસે જણાવ્યું કે ચંદ્રકાંતના મિત્રો અને ચોકીદારે તેમને ફોન કરીને આ અંગે જાણ કરી હતી. હાલમાં, પોલીસે કલમ ૧૭૪ સીઆરપીસી એટલે કે શંકાસ્પદ સંજોગોમાં મૃત્યુનો કેસ નોંધ્યો છે. છેલ્લા કેટલાક દિવસોથી ચંદ્રકાંત સોશિયલ મીડિયા પર ડિપ્રેશન વિશે પણ પોસ્ટ કરી રહ્યો હતો. તે પોસ્ટ દ્વારા જણાવી રહ્યો હતો કે તે પવિત્રાને કેટલી મિસ કરી રહ્યો છે.

### ભૂમિ કહે છે કે લોકોએ તેને અમુક બીબાંમાં બાંધવાની કોશિશ કરી

# સુંદરતાના ચોકઠાંમાં બંધ બેસવાની ચિંતામાં આત્મવિશ્વાસ ગુમાવ્યો હતોઃ ભૂમિ પેડનેકર

## હું એક યુવાન, આત્મવિશ્વાસુ ભારતીય સ્ત્રી છું જે પોતાની જાતને ફેશન દ્વારા વ્યક્ત કરવા માગું છે

ભૂમિ પેડનેકરનું નામ પ્રાયોગિક ફિલ્મો કરવા માટે જેટલું જાણીતું છે એટલું જ જાણીતું ફેશનની દુનિયામાં વિવિધ પ્રયોગો કરવા માટે પણ છે. દરેક હિરોઈન ગ્લેમરસ રોલમાં બોલિવૂડમાં એન્ટ્રી કરવા માગતી હોય છે, ત્યારે ભૂમિએ એક કદાવર કલાકાર તરીકે એન્ટ્રી કરવાની હિંમત કરી હતી. ત્યાર પછી તે જ્યારે ગ્લેમરસ અવતારમાં લોકો સમક્ષ આવી તો તેઓ આશ્ચર્યમાં મુકાઈ ગયા હતાં. પરંતુ ભૂમિ કબૂલે છે કે, એક વખત હતો જ્યારે તેણે લોકોના બંધ બેસાડેલાં સુંદરતાનાં ચોકઠાંઓને કારણે આત્મવિશ્વાસ ગુમાવી દીધો હતો. આ અંગે એક ઈન્ટરવ્યૂમાં ભૂમિએ જણાવ્યું કે, "હું જ્યારે યુવાનીમાં હતી અને કેટલાંક રૂઢિવાદી સુંદરતાનાં નિયમોને કારણે મારામાં આત્મવિશ્વાસનો અભાવ હતો ત્યારે મારી જાતને ફરી શોધવા માટે હું ફેશનનો સહારો લેતી હતી." ભૂમિએ આગળ કહ્યું કે, "જેમ જેમ હું મોટી થઈ તેમ મારો સુંદરતા અને ફેશન સાથેનો સંબંધ અને સમજ બંને વિકસતાં ગયાં. હવે સારાં લાગવું એટલે માત્ર સુંદર દેખાવું કે ટ્રેન્ડ ફોલો કરવા એમ નહીં, પરંતુ મારા વિશેષ વ્યક્તિત્વનું સન્માન કરવું, હું જેવી છું તે દર્શાવવું, હું જે રીતે અલગ છું તેની ઉજવણી કરવી. આજે ફેશન અને બ્યૂટી મારી જાતને વ્યક્ત કરવાના સાધન બની ગયા છે, જે મારી ભાવનાઓનો કેન્વાસ છે અને મારા મનની સ્થિતિ છે." અલગ પ્રકારના કપડામાં તેની કેટલી મજા આવે છે તે અંગે ભૂમિએ જણાવ્યું કે, "મને નવા નવા પ્રયોગ કરવા બહુ ગમે છે. મારે બસ ફેશન સાથે મજા કરવી છે અને મને લાગે છે કે તે હું બહુ જ દિલથી કરું છું તેથી જ લોકો મારી ફેશન ફોરવર્ડ સેન્સને આટલી વખાણે છે. હું સર્વસ્વીકૃત અને પ્રોયાગિક બંને પ્રકારની ફેશન સાથે કામ કરી શકું છું તે સારી જ બાબત છે." ભૂમિ કહે છે કે લોકોએ તેને અમુક બીબાંમાં બાંધવાની કોશિશ કરી. પોતાની આ સફર વિશે ભૂમિ જણાવે છે કે, "લોકો અન્યોને બીબાંમાં બાંધવાની કોશિશ કરે છે અને એ મારી સાથે પણ થયું છે. મેં જેટલી ફિલ્મો કરી છે તેમાંથી મોટા ભાગના રોલ મેં નાના શહેરની છોકરીના કર્યાં છે, તેનાથી એવી પૂર્વધારણા બંધાય છે કે હું તામારી આસપડોષમાં રહેતી સામાન્ય છોકરી જેવી જ દેખાવી જોઈએ." "મને ગમે છે કે લોકોને મને એ રીતે જોવી ગમે છે. પરંતુ હું જ્યારે ફેશન ફોરવર્ડ બનું છું ત્યારે હું પૂર્વધારણાઓને તોડવા માગું છું અને લોકોને બતાવવા માગું છું કે હું ખરેખર કેવી છું અને મને કેવું દેખાવું ગમે છે. હું એક યુવાન, આત્મવિશ્વાસુ ભારતીય સ્ત્રી છું જે પોતાની જાતને ફેશન દ્વારા વ્યક્ત કરવા માગે છે અને મારા એ દેખાવને જે પ્રેમ મળે છે તેનાથી મને આનંદ થાય છે."





### ફિલ્મની રિલીઝ ડેટ અંગે ઓફિશિયલ એનાઉન્સમેન્ટ

# સૂર્યા અને બોબી દેઓલનો એક્શન સીક્વન્સ

## બાહુબલિને ટક્કર મારે તેવી 'કાંગુવા'માં બે અલગ-અલગ સમયનો ઈતિહાસ રજૂ થશે

સાઉથની ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં હિસ્ટ્રી અને માઈથોલોજીનું કોમ્બિનેશન કરવાની અનોખી આવડત છે, જેના શ્રેષ્ઠ ઉદાહરણ તરીકે 'બાહુબલિ'નું નામ લેવાય છે. ઈતિહાસ અને ધર્મ સાથે સંકળાયેલા વિષય પર બોલિવૂડમાં ફિલ્મ બને તો તેની હાલત 'આદિપુરુષ' જેવી થાય છે. સાઉથમાં હિસ્ટ્રી અને માઈથોલોજીના આધારે 'બાહુબલિ'ને પણ ટક્કર મારે તેવી ફિલ્મ બનાવવાનો પ્રયાસ થયો છે. સૂર્યા અને બોબી દેઓલને લીડ રોલમાં દર્શાવતી 'કાંગુવા'માં યુદ્ધના દૃશ્યોમાં વાસ્તવિકતા લાવવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ થયો છે. આ ફિલ્મના એક્શન સીક્વન્સ માટે બોબી અને સૂર્યાએ ૧૦,૦૦૦ કલાકારો સાથે શૂટિંગ કર્યું હોવાનું કહેવાય છે. 'કાંગુવા'માં ઓરિજિનલ કન્ટેન્ટ, થ્રિલિંગ બેકગ્રાઉન્ડ અને મ્યૂઝિક જેવા પાસાથી નવી દુનિયાની ઝલક આપવાનો પ્રયાસ થયો છે. ફિલ્મને ઈન્ટરનેશનલ ક્વોલિટીની બનાવવા માટે દરેક સીનમાં ખાસ ધ્યાન રખાયું છે. કાંગુવામાં ઈતિહાસના બે અલગ-અલગ સમયગાળાને દર્શાવાયા છે. એક સમય તો પ્રાગ-ઐતિહાસિક સમયનો છે. આ બંને સમયગાળાને અનુરૂપ ફિલ્મના સેટ અને એક્ટર્સના દેખાવ તૈયાર કરાયા છે. આ ઉપરાંત બંને સમયગાળામાં દિલધડક યુદ્ધના દૃશ્યો પણ છે. વોર-થીમનો રીયલ એક્સપિરિયન્સ મળી રહે તે માટે બંને સમયના યોદ્ધાઓ પાસે અલગ-અલગ પ્રકારના હથિયાર પણ રખાયા છે. ફિલ્મના પ્રોડક્શન સાથે સંકળાયેલા સૂત્રોએ વોર સીક્વન્સ અંગે જણાવ્યું હતું કે, આ ફિલ્મમાં મુખ્ય આકર્ષણ મહા યુદ્ધનું છે. ભારતીય ફિલ્મ જગતમાં કદાચ પહેલી વાર ૧૦,૦૦૦થી વધુ આર્ટિસ્ટ સાથેનો વોર સીક્વન્સ આ ફિલ્મમાં જોવા મળશે. બોબી દેઓલ અને સૂર્યાને ૧૦,૦૦૦ લોકો સાથે લડતા જોઈ શકાશે. એક્શન અને સ્ટન્ટને વધારે અસરકારક રીતે દર્શાવવા ઈન્ટરનેશનલ એક્સપર્ટ્સની મદદ પણ લેવામાં આવી છે. આ ફિલ્મને સમગ્ર વિશ્વમાં રિલીઝ કરવા માટે ટોપ ડિસ્ટ્રિબ્યુશન હાઉસ સાથે કરાર થયા છે. ફિલ્મની રિલીઝ ડેટ અંગે ઓફિશિયલ એનાઉન્સમેન્ટ જૂન મહિનામાં થઈ શકે છે.



# કંગના રનૌત પદ્મશ્રી બાદ શ્રેષ્ઠ સાંસદનો એવોર્ડ જીતવા માંગે છે

બોલિવૂડની કટ્ટર ક્વીન કંગના રનૌત હવે ફિલ્મોમાં ધમાલ મચાવ્યા બાદ રાજકારણમાં આવી ગઈ છે. આ વખતે ભારતીય જનતા પાટીએ હિમાચલ પ્રદેશની મંડી લોકસભા સીટ પરથી કંગના રનૌતને ટિકિટ આપી છે. કંગના આ દિવસોમાં પ્રચારમાં વ્યસ્ત છે. કંગનાને આશા છે કે તે ચૂંટણીમાં જીતનો ઝંડો ફરકાવશે. કંગના રનૌતનું નામ બોલિવૂડની તેજસ્વી અને પ્રતિભાશાળી અભિનેત્રીઓમાં ગણવામાં આવે છે, તેણીને રાષ્ટ્રીય સિનેમા પુરસ્કાર અને પદ્મશ્રી જેવા પ્રતિષ્ઠિત પુરસ્કારોથી સન્માનિત કરવામાં આવી છે. પરંતુ હવે રાજકારણમાં આવ્યા બાદ અભિનેત્રી બેસ્ટ સાંસદનો એવોર્ડ જીતવા માંગે છે. આ ઈચ્છા વ્યક્ત કરતા કંગના રનૌતે કહ્યું, મને લાગે છે કે મેં જે પણ એવોર્ડ જીત્યા છે, પછી તે નેશનલ એવોર્ડ હોય કે પદ્મશ્રી એવોર્ડ, પરંતુ જો આવનારા સમયમાં મને 'એમપી ઓફ ધ યર એવોર્ડ' મળે તો મને ખૂબ જ આનંદ થશે. અમારી પાટીમાં કે વચનોમાં પીએમ મોદીની ગેરંટીઓને ખૂબ ગંભીરતાથી લેવામાં આવે છે. મને નથી લાગતું કે અન્ય પક્ષો પાસે આપણા જેવા કડક પ્રોટોકોલ છે. કંગનાની ફિલ્મોની વાત કરીએ તો તે ટૂંક સમયમાં જ ફિલ્મ ઈમરજન્સીમાં જોવા મળશે. અગાઉ આ ફિલ્મ ૧૪ જૂન, ૨૦૨૪ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થવાની હતી, પરંતુ ચૂંટણીને કારણે તાજેતરમાં અભિનેત્રીએ ફિલ્મની રિલીઝ ડેટ મોકૂફ રાખવાની જાહેરાત કરી હતી. અભિનેત્રીની ટીમે ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ શેર કરી અને લખ્યું- અમારું દિલ પ્રેમથી ભરેલું છે, આજના સમયમાં કંગના રનૌતને જે પ્રકારનો પ્રેમ મળી રહ્યો છે.



# એનટીઆર અને પ્રશાંત નીલે કરણ જોહર પાસેથી 'ડ્રેગન' નામ લઈ લીધું

હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં કરણ જોહર પ્રથમ એ વ્યક્તિ હતી, જેણે દેશભરનાં વિવિધ ભાષાઓના ફિલ્મ મેકર્સ સાથે કોલબરેટ કર્યુ છે.'આરઆરઆર' રિલીઝ થઈ એ પહેલાં કરણ જોહર એનટીઆર જુનિયર સાથે તેમની 'બ્રહ્માસ્ત્ર ૨'માં દેવના પાત્રમાં કાસ્ટિંગ સહિતના વિવિધ પ્રોજેક્ટ વિશે ચર્ચામાં હતો. આ જોડી હવે ફાઈનલી 'દેવરા'માં એકસાથે કામ કરશે. કરણ જોહર કોરતલા શિવાની આ ફિલ્મની હિન્દી રીમેક બનાવશે. સૂત્રોના જણાવ્યા અનુસાર પ્રશાંત નીલ અને જુનિયર એનટીઆર એક ફિલ્મ બનાવી રહ્યા છે, જેને 'ડ્રેગન' નામ આપવામાં આવ્યું છે. તેમને આ નામ તેલુગુ, તમિલ, કન્નડ અને મલયાલમમાં આ નામ મળી ગયું, પરંતુ હિન્દીમાં આ નામ કરણ જોહરના નામે રજિસ્ટર હતું. કરણ સાથે માત્ર બે જ મિનિટની વાતચીતમાં તેણે આ નામ આપવા માટે મંજૂરી આપી દીધી હતી. આ જ સૂત્રના જણાવ્યા અનુસાર કરણ જોહરે એક મૈત્રી સંબંધે આ નામની મંજૂરી આપી દીધી છે, આ નામ માટે કરોડો રૂપિયા મળી શકે તેમ હોવા છતાં, તેમાં કોઈ નાણાકીય વ્યવહાર થશે નહીં. ૨૦૧૪માં કરણે બ્રહ્માસ્ત્ર ફિલ્મ માટેડ્રેગન નામ વિચાર્યુ હતું, પરંતુ સમય જતાં સ્ટોરી આગળ વધતાં કોઈ પૌરાણિક નામ રાખવાનું નક્કી થતાં આ નામ બદલાઈ ગયું હતું.





હોટસ્ટાર અને અપ્લાઉઝ પ્રોડક્શનના ઇન્સ્ટાગ્રામ સહિતના સોશિયલ મીડિયા પેજ પર એક વીડિયો

# પંકજ ત્રિપાઠીનાં 'ક્રિમિનલ જસ્ટિસ'ની ચોથી સીઝન ટૂંક સમયમાં આવશે

પંકજ ત્રિપાઠીની ઘણી લોકપ્રિય વેબ સિરીઝમાંની એક 'ક્રિમિનલ જસ્ટિસ' છે. અત્યાર સુધીમાં તેની ત્રણ સીઝન આવી ચૂકી છે. દર્શકો તેની ચોથી સીઝન માટે ઘણા લાંબા સમયથી રાહી જોઈ રહ્યાં હતાં. ત્યારે શોના મેકર્સ દ્વારા તેની ચોથી સીઝનની જાહેરાત કરાઈ છે. હોટસ્ટાર અને અપ્લાઉઝ પ્રોડક્શનના ઈન્સ્ટાગ્રામ સહિતના સોશિયલ મીડિયા પેજ પર એક વીડિયો પોસ્ટ કરીને આ ચોથી સીઝન અંગે જાહેરાત કરવામાં આવી છે. આ વીડિયોમાં કોર્ટરૂમનું દૃશ્ય બતાવવામાં આવ્યું છે, જેમાં એક કેસ ચાલી રહ્યો છે. પંકજ ત્રિપાઠી આ કેસ લડતા દેખાય છે, જેમાં તે બોલે છે,"યોર ઓનર, એક પ્રખ્યાત ડૉક્ટર" ત્યાર બાદ તે કૅમેરા સામે આવીને કહે છે કે, "એ..પ્લીઝ.. શશશ..કોર્ટ ચાલે છે, તમે અહીંથી નીકળો. જાઓ." ત્યાર બાદ તે કૅમેરા સામે આવીને કહે છે કે, "અમે બહુ જલદીથી પાછા આવી રહ્યા છીએ, તમને મળીશું. હવે પ્લીઝ અહીંથી જાઓ." હોટ્સ્ટારના શો 'ક્રિમિનલ જસ્ટિસ નવી સીઝન ટૂંક સમયમાં' આવી એક સ્લેટ સાથે આ વીડિયો અટકે છે. આ વીડિયો સાથેની કેપ્શનમાં લખ્યું હતું કે, "કોર્ટ જારી હે, ઔર નયે સીઝન કી તૈયારી ભી, આ રહે હે માધવ મિશ્રા, હોટસ્ટાર સ્પેશિયલ્સ ક્રિમિનલ જસ્ટિસ કે નયે સીઝન કે સાથ!" આ પોસ્ટ પર ફૅન્સ દ્વારા ખૂબ ઉત્સુકતા અને ઉત્સાહભર્યા પ્રતિસાદ આપવામાં આવ્યો હતો. આ સિરીઝની પહેલી, બીજી અને ત્રીજી સીઝન ૨૦૧૯, ૨૦૨૦ અને ૨૦૨૨માં આવી હતી. ૨૦૨૨ની સીઝન પહેલાં સિરીઝના ડિરેક્ટર સમીર નાયરે જણાવ્યું હતું કે, "આ નવો શો અને નવી સ્ટોરી છે. તેથી પડકાર તો પહેલી સીઝન જેટલાં જ દરેક સીઝનમાં હોય છે. તમે અપેક્ષાઓના ભાર તળે દબાઈ ન જાઓ અને દર્શકોને ઓછા આંકવાની કોશિશ ન કરો." આ જ ઈન્ટરવ્યુ દરમિયાન તેમણે ચોથી સીઝનન ખાતરી પણ આપી હતી.




### જાસ્મીન કામ વિશે ખૂબ સકારાત્મક-રક્ષણાત્મક છે

# જાસ્મીન ભસીન મહેલ જેવા મકાનમાં રહે છે અને જેની કિંમત કરોડોમાં છે

## જાસ્મિન ઘણીવાર તેના વ્લોગમાં કહે છે કે તેને મોંઘી બેગનો ખૂબ શોખ છે, આ વખતે તેણે પોતાની હોમ ટુર કરાવી લીધી

સૌથી સુંદર જાસ્મીન ભસીન. જાસ્મીન ટીવીની ગ્લેમરસ અને સુંદર અભિનેત્રીઓમાંની એક છે. છેલ્લા કેટલાક વષોમાં તે ચાહકોમાં ખૂબ જ લોકપ્રિય બની છે. જાસ્મિન ઘણીવાર તેના વ્લોગમાં કહે છે કે તેને મોંઘી બેગનો ખૂબ શોખ છે. આ વખતે તેણે પોતાની હોમ ટુર કરાવી લીધી છે. આવો જોઈએ અભિનેત્રીનું ઘર અંદરથી કેવું લાગે છે. જાસ્મીન ભસીન ટેલિવિઝનની સૌથી લોકપ્રિય અભિનેત્રીઓમાંની એક છે. તે ટશન-એ-ઈશ્ક, 'દિલ સે દિલ તક' અને 'નાગિન' જેવા ટીવી શો માટે જાણીતો છે. જાસ્મિને પોતાના કરિયરની શરૂઆત તમિલ ફિલ્મોથી કરી હતી. આ પછી તે ટીવી તરફ વળ્યો અને સિરિયલો દ્વારા પોતાની ઓળખ બનાવી. આજે અભિનેત્રી માત્ર શાનદાર જીવન જીવે છે એટલું જ નહીં, કરોડોના ઘરની માલિક પણ છે. ચાલો જોઈએ જાસ્મીનનું ઘર અંદરથી કેવું લાગે છે. સૌથી સુંદર જાસ્મીન ભસીન. જાસ્મીન ટીવીની ગ્લેમરસ અને સુંદર અભિનેત્રીઓમાંની એક છે. અભિનેત્રીનું ઘર અંદરથી એકદમ રંગીન છે. તેણી કહે છે કે તેણીને ટ્રોપિકલ વાઈબ ખૂબ ગમે છે.



### ૪૨૫ કરોડની વર્લ્ડવાઈડ આવક | આ ફિલ્મમાં રિતિકની સાથે જુનિયર એનટીઆર મહત્ત્વના રોલમાં છે

# રણબીર કપૂર અને રિતિક રોશન પહેલી ફિલ્મમાં સાથે

રિતિક રોશન અને રણબીર કપૂર પહેલી વખત કોઈ ફિલ્મમાં સાથે જોવા મળશે. રણબીર કપૂર હાલ રામાયણના શૂટિંગમાં બિઝી છે અને સાથે તેમની બ્લોકબસ્ટર ફિલ્મ બ્રહ્માસ્ત્રની સીક્વલની તૈયારી પણ ચાલી રહી છે. રિતિક રોશનની વોર ૨નું શૂટિંગ પણ પૂર જોશમાં ચાલી રહ્યું છે. આ ફિલ્મમાં રિતિકની સાથે જુનિયર એનટીઆર મહત્ત્વના રોલમાં છે. રિતિક અને રણબીર હાથ પરની ફિલ્મનું શૂટિંગ પૂરું કર્યા પછી એક પ્રોજેક્ટ પર સાથે કામ કરવાના છે. આ પ્રોજેક્ટ એટલે રણબીર કપૂરની બ્લોકબસ્ટર ફિલ્મ બ્રહ્માસ્ત્રની સીક્વલ. વર્ષ ૨૦૨૨માં રણબીર કપૂરની 'બ્રહ્માસ્ત્ર' રિલીઝ થઈ હતી. ફિલ્મના વીએફએક્સ, મ્યૂઝિક, કાસ્ટિંગ અને બજેટે દરેકનું ધ્યાન ખેંચ્યુ હતું. બોયકોટ ટ્રેન્ડ પૂરા જોરમાં હોવા છતાં આ ફિલ્મ ચાલી હતી. 'બ્રહ્માસ્ત્ર'માં આલિયા અને રણબીરે પહેરી વાર સાથે કામ કર્યું હતું. બે વર્ષ પહેલાં રૂ.૪૦૦ કરોડના બજેટમાં બનેલી આ ફિલ્મે રૂ.૪૨૫ કરોડની વર્લ્ડવાઈડ આવક મેળવી હતી. 'બ્રહ્માસ્ત્ર'ની રિલીઝ સાથે જ તેની સીક્વલ ફાઈનલ થઈ હતી. કરણ જોહરના પ્રોડક્શન બેનર હેઠળ અયાન મુખરજીએ ડાયરેક્ટ કરેલી આ ફિલ્મની સીક્વલનો સંકેત ક્લાઈમેક્સમાં જ અપાઈ ગયો હતો. ફિલ્મમાં રણબીરની માતાના રોલમાં દીપિકા પાદુકોણનો કેમિયો હતો, પરંતુ તેના પિતા ક્યાંય દેખાયા ન હતા. રિપોર્ટ્સ મુજબ, શિવાના પિતાના રોલમાં રિતિક રોશન જોવા મળે તેવી શક્યતા છે. ફિલ્મના મેકર્સે દીપિકા અથવા રિતિકના સમાવેશ અંગે ઓફિશિયલ એનાઉન્સમેન્ટ કરી નથી. જો કે 'ફાઈટર' બાદ રિતિક-દીપિકા ફરી એક વાર સાથે કામ કરે તેવી શક્યતા છે. રિતિક રોશનની હાથ પરની ફિલ્મ 'વોર ૨'ને અયાન મુખરજી ડાયરેક્ટ કરી રહ્યા છે. 'બ્રહ્માસ્ત્ર ૨'ના ડાયરેક્ટર પણ અયાન જ છે. જો કે રણબીર કપૂરે ઘણી બધી ફિલ્મો સાઈન કરેલી છે અને તેથી રણબીરને નવરાશ મળ્યા પછી 'બ્રહ્માસ્ત્ર ૨' આગળ વધી શકે તેમ છે. જુનિયર એનટીઆરની પ્રશાંત નીલ સાથેની આગામી ફિલ્મ આ ઓગસ્ટમાં ફ્લોર પર જશે; ચાહકોને આશ્ચર્ય થાય છે.

## 'બ્રહ્માસ્ત્ર' ફિલ્મની રિલીઝ સાથે જ તેની સીક્વલ ફાઈનલ થઈ હતી





# ગુજરાતમાં ૯ લાખથી વધુ ખેડૂતોએ પ્રાકૃતિક ખેતી પદ્ધતિ અપનાવી : ગુજરાતની રાહ પર સંપૂર્ણ ભારતમાં પ્રાકૃતિક ખેતી પદ્ધતિ પ્રત્યે જાગૃતિ કેળવાય એ જરૂરી છે

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૦ ।

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, ગ્લોબલ વૉર્મિંગ અને જલવાયુ પરિવર્તનને કારણે અસહ્ય ગરમી અને અનેક કુદરતી આફતોનો સામનો કરવો પડે છે. પ્રાકૃતિક સંપદાના માનવ સર્જિત ક્ષયને કારણે જ આવી આફતો આવી છે, એટલે પ્રકૃતિને પૂર્વવત્ કરવાની ક્ષમતા પણ મનુષ્ય પાસે જ છે. ઉદ્યોગ સાહસિકોએ પોતાના ઉદ્યોગનો વિકાસ કરતાં કરતાં પર્યાવરણના સંરક્ષણ અને સંવર્ધનની કાળજી પણ લેવી જોઈએ.

મહારાષ્ટ્રના છત્રપતિ સંભાજીનગરમાં મરાઠવાડા એસોસિએશન ઓફ સ્મોલ સ્કેલ ઈન્ડસ્ટ્રીઝ એન્ડ એગ્રીકલ્ચર તથા ચેમ્બર ઓફ મરાઠવાડા ઈન્ડસ્ટ્રીઝ એન્ડ એગ્રીકલ્ચરના સંયુક્ત ઉપક્રમે આયોજિત સમારોહમાં યુવાન ઉદ્યોગ સાહસિકો અને મહિલા ઉદ્યોગ સાહસિકો સાથે સંવાદ કરતાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે, ઉદ્યોગ એ નફો રળવાનું સાધન માત્ર નથી, તે સમાજના વિકાસમાં યોગદાન આપવાનું માધ્યમ પણ છે. દેશની પ્રગતિ અને સર્વાંગી વિકાસમાં ઉદ્યોગ સાહસિકોની ભૂમિકા અત્યંત મહત્વની છે. ઉદ્યોગગૃહો લાખો-કરોડો હાથોને કામ આપે છે. રોજગારીની તકો વધે છે, જેનાથી જીડીપીમાં વૃદ્ધિ થાય છે અને દેશનો વિકાસ થાય છે. તેમણે યુવાનોને સફળ ઉદ્યોગ સાહસિક બનીને વધુને વધુ લોકો માટે રોજગારીની તકોનું નિર્માણ કરવાનો અનુરોધ કર્યો હતો.

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે, યુવાનોની પ્રતિભા અને ઊર્જાનો ઉચિત ઉપયોગ થાય એવા અવસરો ઊભા કરવાની જવાબદારી સમાજની છે. યુવાનોના કૌશલ્યનો વિકાસ થશે તો ભારતની આત્મનિર્ભરતા વધશે. તેમણે યુવાનોને સારા સ્વાસ્થ્ય માટે સજાગ અને સક્રિય રહેવા કહ્યું હતું. સકારાત્મક અને સર્જનાત્મક અભિગમ તથા સારા સ્વાસ્થ્યથી ઉજ્વળ ભવિષ્યનું નિર્માણ શક્ય બને છે. ગુજરાતમાં ૯, ૨૦, ૦૦૦ થી વધુ ખેડૂતોએ પ્રાકૃતિક ખેતી પદ્ધતિ અપનાવી છે. એમ કહીને રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવરતજીએ કહ્યું હતું કે, ગુજરાતની રાહ પર સંપૂર્ણ ભારતમાં પ્રાકૃતિક ખેતી પદ્ધતિ પ્રત્યે જાગૃતિ કેળવાય એ જરૂરી છે. તેમણે પ્રાકૃતિક ખેતી પદ્ધતિ વિશે વિસ્તૃત સમજણ આપી હતી. મરાઠવાડા એસોસિએશન ઓફ સ્મોલ સ્કેલ ઈન્ડસ્ટ્રીઝ એન્ડ એગ્રીકલ્ચર તથા ચેમ્બર ઓફ મરાઠવાડા ઈન્ડસ્ટ્રીઝ એન્ડ એગ્રીકલ્ચરને આ આયોજન માટે અભિનંદન આપતાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, યુવાન ઉદ્યોગ સાહસિકો અને ખાસ કરીને મહિલા ઉદ્યોગ સાહસિકોના વિકાસ માટે ઉદ્યોગ સંગઠનો જે રીતે પ્રયત્નશીલ છે એ અત્યંત પ્રશંસનીય છે. તેમણે સમૃદ્ધ ઐતિહાસિક વારસો ધરાવતા છત્રપતિ સંભાજીનગરની મુલાકાત બદલ પ્રસન્નતા વ્યક્ત કરી હતી.

મરાઠવાડા એસોસિએશન ઓફ સ્મોલ સ્કેલ ઈન્ડસ્ટ્રીઝ એન્ડ એગ્રીકલ્ચરના અધ્યક્ષ શ્રી ચેતન રાઉતે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી અને છત્રપતિ સંભાજીનગરના ઉદ્યોગ, વ્યવસાય, ઔદ્યોગિક વિકાસ અને શૈક્ષણિક સુવિધાઓ વિશે જાણકારી આપી હતી. ઉપાધ્યક્ષ શ્રી મનીષ અગ્રવાલે કહ્યું હતું કે, રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી હંમેશા શિક્ષા, સ્વાસ્થ્ય અને સંસ્કારને સમર્પિત રહીને સમાજ જીવનમાં સક્રિય રહ્યા છે. ઉપાધ્યક્ષ શ્રી અર્જુન ગાયકવાડે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીનો પરિચય આપ્યો હતો. આ સમારોહમાં વિભિન્ન ક્ષેત્રોના પ્રતિષ્ઠિત નાગરિકો, ઉદ્યોગ સાહસિકો, ઉદ્યોગ સંઘોના પ્રતિનિધિઓ, વરિષ્ઠ અધિકારીઓ અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. અંતમાં ચેમ્બર ઓફ મરાઠવાડા ઈન્ડસ્ટ્રીઝ એન્ડ એગ્રીકલ્ચરના સચિવ શ્રી ઉત્સવ મછારે આભારવિધિ કરી હતી.




તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

ઝાલોદ તાલુકાના લીલવાઠાકોર ગામે ગુજરાત રાજ્ય યોગ અને બાર્ડ રમત ગમત. યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ અંતર્ગત સમર યોગ કેમ્પ.નુ આયોજન કરવામા આવ્યું જેમા લીલવાઠાકોર ગ્રામ પંચાયત ના ઉપ સરપંચ શ્રી મુકેશભાઈ ખાંગુડા મુકેશભાઈ પ્રજાપતિ. વસંતભાઈ પટેલ. તેમજ અન્ય ઉપસ્થિત રહ્યા.

# સ્મિમેર હોસ્પિટલના ડોક્ટરે જ ડોક્ટર સાથે કરી પાંચ કરોડની ઠગાઈ

। (એજન્સી) અમદાવાદ, તા.૨૦ ।

સુરત મહાનગર પાલિકા સંચાલિત સ્મીમેર હોસ્પિટલના ડોક્ટર અને તેના મિત્રોએ એમ્બ્યુલન્સમાં ભાગીદારી કરી સારા પેસા કમાવવાની લાલચે પાંચ કરોડ રૂપિયા ગુમાવવાનો વારો આવ્યો છે.ઠગાઈ કરનાર ડોક્ટર પણ સ્મીમેર હોસ્પિટલમાં જ ફરજ બજાવતો હતોપહાલ તો સમગ્ર મામલે ક્રાઈમ બ્રાંચ પોલીસમાં ઠગાઈનો ભોગ બનેલ ડોકટરોએ પોલીસ ફરિયાદ નોંધાવી છે જેના આધારે પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

આ અંગે જાણવા મળતી વિગત મુજબ સુરતના અલથાણ ભીમરાડ કેનાલ રોડ પર આવેલા આકાશ એપાર્ટમેન્ટમાં રહેતા કપિલ કુમાર અરવિંદ સહાણે સહારા દરવાજા ખાતે આવેલી હોસ્પિટલમાં બાયો કેમેસ્ટ્રી વિભાગમાં શિક્ષક તરીકે ફરજ બજાવે છે. ઓગસ્ટ ૨૦૨૧ માં તેમની સાથે જ હોસ્પિટલમાં ટીચર તરીકે ફરજ બજાવતા ડોક્ટર હાર્દિક રમેશ પટવા સાથે બેઠા હતા. તે સમયે હાર્દિક પટવાએ કહ્યું હતું કે , હું મારા બે ભાગીદારો હેમંત પરમાર અને મયુર વાલ્મિકી ગોસ્વામી સાથે મળી એમ્બ્યુલન્સ અલગ અલગ જગ્યાએ ભાડેથી આપી સારો નફો કમાઉ છું અને તમારે જો અમારી સાથે ધંધો કરવો હોય તો હું તમને ૫૦% નફો આપીશ અને બાકીના ૫૦% અમે રાખી લેશુંપઆ સાથે તેને કહ્યું કે , અમે સનસાઈ એમ્બ્યુલન્સ સર્વિસ અને યગ્સ સર્વિસના નામથી ધંધો કરીએ છીએ. અને એક જે.એસ.ડબલ્યુ સ્ટીલ કંપની લિમિટેડનો સર્વિસ ઓર્ડર પણ બતાવ્યો હતો અને અમે આઠ એમ્બ્યુલન્સ આ કંપનીને આપી છે તેમ કહ્યું હતું અને જો દર્દીને ગુજરાતની બહાર લઈ જવાના હોય તો એક ટ્રીપના એક લાખ રૂપિયા મળતા હોવાની પણ ડોક્ટર કપિલને લાલચ આપી હતી..જેથી ડોક્ટર કપિલે પોતાના બીજા તબીબ મિત્ર કેયુર પ્રજાપતિને આ એમ્બ્યુલન્સના ધંધા વિશે વાત કરી

# નરનારાયણ દેવ ગાદી સંચાલિત સ્વામિનારાયણ મંદિર પેથાપુર ખાતે આગામી તા. ૨૧ મે થી ૨૫ મે દરમિયાન દ્વિ દશાબ્દી મહોત્સવ યોજાશે

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૦ ।

રાજશ્રી પાર્ટી પ્લોટ પેથાપુર ખાતે શ્રીમદ્ ભાગવત પંચાન્હ પારાયણ, ભવ્ય રાજોપચાર,શ્રી કૃષ્ણ જન્મો ત્સવ, રૂક્ષ્મણી વિવાહ તથા ભવ્ય પોથી યાત્રા જેવા અનેક વિધ કાર્યક્રમો યોજાશે

પેથાપુર મંદિર ખાતે બિરાજમાન શ્રી ઘનશ્યામ મહારાજ,શ્રી રાધા કૃષ્ણ દેવના સિંહાસન સહિત જીર્ણોધ્ધાર સંપન્નઃ મંદિર ખાતે મહાઅભિષેક, છપ્પનભોગનું આયોજન

ગાંધીનગરના પેથાપુર ખાતે અમારા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી નિર્મિત સ્વામિનારાયણ મંદિર ખાતે આગામી તા. ૨૧-૫-૨૦૨૪ મંગળવાર થી તા. ૨૫-૫-૨૦૨૪ દરમિયાન દ્વિદશાબ્દી મહોત્સવ અને મંદિરનો નૂતન જીર્ણોધ્ધાર મહોત્સવ નું ભવ્ય આયોજન કરવામાં આવનાર છે એમ પેથાપુર મંદિરના મહંત શ્રી સ.ગુ.સ્વામી શ્રી અજય પ્રકાશદાસજી દ્વારા જણાવાયું છે.

મહંત શ્રી અજય પ્રકાશદાસજી એ સમગ્ર મહોત્સવની વિગતો આપતા કહ્યું કે, સવાવતારી ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણ ની અસીમ કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પિઠાધીપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. ભાવી આચાર્ય ૧૦૮ લાલજીશ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. ગાદીવાળા શ્રી તથા સમગ્ર ધર્મકુળ પરિવારના રૂડા આશિર્વાદથી તથા અમારા ગુરુ અ.નિ. સદ્. પુજારી સ્વામી શ્રી જયપ્રકાશદાસજી - (મુળીધામ) ની દિવ્ય પ્રેરણાથી આ સમગ્ર કાર્યક્રમનું આયોજન કરાયું છે.

તેમણે ઉમેર્યું કે, શ્રી સ્વામિનારાયણ ભગવાનના ચરણાર્વિંદથી પાવન થયેલી પવિત્ર ભૂમિ એવા પેથાપુર ધામને આંગણે જયાં શ્રી સ્વામિ નારાયણ ભગવાનની પ્રસાદીની ભાખરી તથા સ.ગુ. ગોપાળાનંદ સ્વામી જેવા મહાનસંતો દ્વારા પવિત્ર થયેલ સાબરમતી નદીના કિનારે અનેક મહાન મુમુક્ષ ભક્તોનાં પ્રસાદીના મંદિર સમાન ધરોનો ઉજ્જળો અમર ઈતિહાસને સાકાર કરવા માટે આજથી ૨૦ વર્ષ પહેલા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી દ્વારા સુંદર ભવ્ય મંદિરનું નિર્માણ કાર્ય કરાવી શ્રી રાધાકૃષ્ણદેવ તથા શ્રી ઘનશ્યામ મહારાજ તથા શ્રી ગણપતિ દાદા તથા શ્રી હનુમાનજી દાદાની મૂર્તિ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી ત્યાર બાદ પ.પૂ. આચાર્ય મહા રાજશ્રીની આજ્ઞાથી સ.ગુ. મહંત સ્વામી શ્રી અજયપ્રકાશદાસજી દ્વારા મંદિરનો સંપૂર્ણ જીર્ણોધ્ધાર કરવામાં આવ્યો છે. આ મંદિરને ૨૦ વર્ષ પુર્ણ થતા દ્વિદશાબ્દી મહોત્સવ અને મંદિર નો નૂતન જીર્ણોધ્ધાર મહોત્સવ નિમિત્તે તા. ૨૧-૫-૨૦૨૪ મંગળવાર થી તા. ૨૫-૫-૨૦૨૪ શનિવાર દરમિયાન યોજાનાર આ મહોત્સવમાં વિવિધ કાર્યક્રમો યોજાશે. તેમણે ઉમેર્યું કે, રાજશ્રી પાર્ટી પ્લોટ પેથાપુર ચાર રસ્તા ખાતે શ્રીમદ્ ભાગવત પંચાન્હ પારાયણ,ભવ્ય રાજોપચાર, મહાઅભિષેક, છપ્પનભોગ, શ્રી કૃષ્ણ જન્મોત્સવ, રૂક્ષ્મણી વિવાહ તથા ભવ્ય પોથીયાત્રા જેવા અનેક વિધ ભવ્ય આયોજનો કરાયા છે.ભાગવત પંચાન્હ પારાયણની પોથીયાત્રા તા. ૨૧-૫-૨૦૨૪, બપોરે ૩:૩૦ કલાકે યજમાનશ્રીના ઘરે થી રાજશ્રી પાર્ટી પ્લોટ પેથાપુર ચોકડી કથા સ્થળે જશે. આ પારાયણ દરમિયાન તા.૨૨-૫-૨૦૨૪ સાંજે ૬:૦૦ કલાકે

શ્રી કૃષ્ણ જન્મોત્સવ, તા.૨૩-૫- ૨૦૨૪ રાત્રે ૮ થી ૧૧ કલાકે શ્રી રૂક્ષ્મણી વિવાહ અને તા.૨૪-૫- ૨૦૨૪ બપોરે ૨ થી ૪ દરમિયાન રાજોપચાર વિધી યોજાશે. આ ઉપરાંત તા. ૨૫-૫-૨૦૨૪ના રોજ સ્વામિનારાયણ મંદિર ખાતે સવારે ૭:૦૦ કલાકે મહાભિષેક અને સવારે ૯ થી ૧૨ કલાકે છપ્પનભોગ અન્નકૂટ નું પણ આયોજન કરાયું છે. આ જ દિવસે સવારે ૯:૦૦ કલાકે કથાનો પ્રારંભ થશે અને પ.પૂ. આચાર્ય મહારાજશ્રી કથાસ્થળે પધારશે અને સવારે ૧૦ કલાકે આશીર્વચન આપીને યજમાનશ્રીઓનું સન્માન પણ કરશે.

મહંત શ્રી એ ઉમેર્યું કે,સ.ગુ.શા. સ્વામી કો.શ્રુતિપ્રકાશ દાસજી તથા પાર્ષદ ભરત ભગત (મુળીધામ) તથા પેથાપુર સમસ્ત સત્સંગ સમાજ દ્વારા આયોજીત આ મહોત્સવમાં કલોલના

સ.ગુ.શા. સ્વામી શ્રી ઉત્તમચરણ દાસજી અને સ.ગુ.શા. સ્વામી શ્રી ગોપાલચરણદાસજી સભાનું સંચાલન કરાશે.જેનો તમામ સત્સંગીઓને બહોળો લાભ લેવા હૃદયથી ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે અત્રે ઉલ્લેખનીય છે કે,આ મહોત્સવ પ્રસંગે સમગ્ર ધર્મકુળ પધારશે.લાઈવ પ્રસારણ - શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુરની યુટયુબ ચેનલ તથા ફેસબુક પર લાઈવ કરવામાં આવશે.

# ગરમીથી બચવા અને શરીરને તંદુરસ્ત રાખવા આટલું જરૂર કરવું જોઈએ...

। (એજન્સી) અમદાવાદ, તા.૨૦ ।

ઉનાળાની ઋતુમાં ગરમીના કારણે ક્યારેક લોકોની તબિયત પર સીધી અસર થતી હોય છે જેના કારણે લુ લાગવી, ચક્કર આવવા, બેભાન થઈ જવું તેવી પરિસ્થિતિઓ બનતી હોય છે. તો આ બધી વિકટ પરિસ્થિતિઓ થી બચવા માટે કોઈ પણ વ્યક્તિએ દિવસ દરમિયાન ઓછામાં ઓછું ત્રણ લિટર પાણી પીવું જોઈએ. જો કદાચ તરસ ન લાગે તો પણ જ્યારે પણ શક્ય હોય ત્યારે પૂરતું પાણી પીવા જોઈએ. આ સાથે, ઓરલ રીહાઈડ્રેશન સોલ્યુશન (ઓઆરએસ)નો ઉપયોગ કરવું અને લીંબુ શરબત, છાશ, લસ્સી, ફળોના રસ સાથે મિશ્રિત થોડું મીઠું જેવા ઘરે બનાવેલા પીણાં પીવા જોઈએ. પાતળા, ઢીલા, સુતરાઉ કપડાં, આછા રંગના કપડાં પહેરવાની અને સીધા સૂર્યપ્રકાશના સંપર્કમાં આવે ત્યારે છત્રીઓ, ટોપીઓ ટુવાલ અને અન્ય પરંપરાગત માથાના આવરણનો ઉપયોગકરવું.હવામાનનાસમાચારોમાટેટીવીજોતા રહેવું. ઉનાળાની ભયંકર ગરમીમાં અબોલ પશુ – પક્ષીઓ માટે પણ શક્ય હોય તે બધાજ સ્થળો પર પાણી ભરીને રાખવું જોઈએ.

**મુખ્ય ધ્યાન રાખવાની બાબતો**

ભયંકર ગરમી દરમિયાન વધુ પડતા પ્રોટીન યુક્ત ખોરાક ખાવાનું અને રાંધવાનું ટાળવું જોઈએ.

ગરમીમાં ખાસ કરીને બપોરે ૧૨ થી ૪ વાગ્યા વચ્ચે ઘરે/ઓફિસથી બહાર જવાનું ટાળવું જોઈએ.

ભલે તમને તરસ ન લાગી હોય તો પણ પર્યાપ્ત માત્રામાં પાણી પીવાનું ભૂલવું જોઈએ નહીં.

ગરમીમાં ડિહાઈડ્રેશનથી બચવા માટે લીંબુ પાણી, દહી, લસ્સી, છાસ સાથે-સાથે ફળોના જ્યૂસ નું સેવન કેવું જોઈએ.



તાજા ફળો જેમ કે કાકડી, તરબૂચ, લીંબુ, નારંગીનું સેવન કરો.

હળવા રંગના પાતળા અને ઢીલા સુતરાઉ કપડાં પહેરવા જોઈએ.

બહાર તાપમાં ખુલ્લા પગે જવાનું ટાળવું જોઈએ. બહાર જતી વખતે કે ખુલ્લા તડકામાં જતી વખતે છત્રી, ટોપી, રૂમાલ, ટુવાલ અથવા કોઈપણ વસ્તુથી તમારા માથાને ઢાંકવાથી ગરમીથી રક્ષણ મળે છે.

હીટ સ્ટ્રોકના લક્ષણો પર વિશેષ ધ્યાન આપો, જેમ કે ચક્કર, બેભાન, ઉબકા કે ઉલટી, માથાનો દુખાવો, વધુ પડતી તરસ લાગવી, એકદમ પીળો પેશાબ, પેશાબ ઓછો થવો, શ્વાસ લેવાની ગતિ અને હૃદયમાં ધબકારા વધવા આવું કઈપણ લાગે અથવા મહેસુસ થાય તો તાત્કાલિક ડોક્ટરનો સંપર્ક કરવો જોઈએ જેથી કરીને સમયસર સારવાર મળી રહે.

બાળકો અને પાલતુ પ્રાણીઓને કારમાં એકલા ના મૂકવા જોઈએ, કારણ કે વાહનની અંદરનું તાપ માન વધી શકે છે જેનાથી ખતરનાક સ્થિતિ ઉત્પન્ન થવાની સંભાવના વધી શકે છે.

બહાર તડકામાં જતા પહેલા સનસ્ક્રીનનો ઉપયોગ કરવાનું રાખો અને નિયમિતપણે તેન લગાવતા રહો.

# કેસરીયા યૂથ ફેડરેશન દ્વારા અમદાવાદના ઇસનપુરમાં નિઃશુલ્ક છાસ વિતરણ કરવામાં આવ્યું

। (એજન્સી) અમદાવાદ, તા.૨૦ ।

અમદાવાદ શહેરના ઈસનપુર વિસ્તારમાં આવકાર હૉલ – અમૂલ કોર્નર પાસે કેસરીયા યૂથ ફેડરેશન દ્વારા ઉનાળાની ભયંકર ગરમીમાં રાહદારીઓ માટે લુ થી બચવા માટે નિઃ શુલ્ક છાસ વિતરણ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કેસરીયા યુથ ફેડરેશન ના પ્રમુખ અને પૂર્વ એએમટીએસ સભ્ય, ડીઆરયુસીસી ના સભ્ય શાર્દુલ દેસાઈ (શાહ) દ્વારા જણાવવામાં આવ્યું હતું કે છેલ્લા ઘણા વર્ષોથી ઉનાળાની ઋતુમાં આ નિઃ શુલ્ક છાસ વિતરણ કેમ્પનું આયોજન કરવામાં આવે છે અને તેની મુખ્ય વાત એ છે કે તેમના દ્વારા કોઈપણ વ્યક્તિ પાસેથી કોઈપણ જાતનું દાન સ્વીકારવામાં આવતું નથી. આ કેમ્પ સવારે ૧૧ વાગ્યાથી બપોરના ૪.૩૦ વાગ્યા સુધી કરવામાં આવે છે જેમાં રાહદારીઓને જોઈએ તેટલી વાર નિઃ સંકોચ છાસ આપવામાં આવે છે અને ત્યાં સ્થળ પર કોઈ પ્રકારની ગંદકી ના થાય તે માટે પણ કચરા પેટીની પણ પૂરતી વ્યવસ્થા કરવામાં આવે છે. આ નિઃ શુલ્ક છાસ વિતરણ કેમ્પમાં સાવરકુંડલાના ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલા, ઈસનપુર ના કાઉન્સિલર શંકરભાઈ ચોધરી, ઈસનપુર વોર્ડ ભાજપ પ્રમુખ રામકિશનભાઈ યાદવ ઉપસ્થિત રહ્યા હતા અને કેસરીયા યૂથ ફેડરેશન ની ટીમનો આ સત્કાર્યમાં ઉત્સાહ વધાર્યો હતો. આ નિઃ શુલ્ક છાસ વિતરણ કેમ્પમાં કેસરીયા યૂથ ફેડરેશનના સભ્યો શરદ પટેલ, રાકેશ મહેતા, નિશ્ચલ પટેલ, હાર્દિક સુખડીયા, જય દેસાઈ, ધ્રુમિત ઠક્કર, દીપેશ સથવારા, પરેશ પટેલ, તિલક શાહ હાજર રહ્યા હતા.

# આકાશમાંથી અગ્નવર્ષા થતી હોય એટલી ભયાનક ગરમીનો એહસાસ

। (એજન્સી) અમદાવાદ, તા.૨૦ ।

ગુજરાતમાં ભારે ગરમીના કારણે ૧૦૮ ઈમરજન્સી સેવાને મળતા કોલમાં લૂ સંબંધિત ફરિયાદોમાં વધારો થયો છે. છેલ્લા સાત દિવસમાં રાજ્યમાં ગરમીને કરણે તબિયત બગડવાના કુલ ૬૯૩ જેટલા કેસ નોંધાયા. સમગ્ર ગુજરાતમા હિટવેવ કહેર વરસાવી રહી છે.તેવામાં ગરમીને કારણે તબિયત બગડવાથી લઈ ઈમરજન્સી કેસમાં ધરખમ વધારો જોવા મળી રહ્યો છે. ગુજરાતમાં ભારે ગરમીના કારણે ૧૦૮ ઈમરજન્સી સેવાને મળતા કોલમાં લૂ સંબંધિત ફરિયાદોમાં વધારો થયો છે. છેલ્લા સાત દિવસમાં રાજ્યમાં ગરમીને કરણે તબિયત બગડવાના કુલ ૬૯૩ જેટલા કેસ નોંધાયા. જેમાં ચક્કર આવવા, શરીરમાં પાણીની કમીને કારણે પડી જવું, લૂ લાગવી જેવા કેસોનો સમાવેશ થાય છે. છેલ્લા એક સપ્તાહમાં અમદાવાદમાં ગરમી સંબંધિત ૧૧૨ કેસ ૧૦૮ ઈમરજન્સી સર્વિસને મળ્યા હતા. તો શનિવારે એટલેકે ૧૮મી મેના હિટવેવને કારણે સપ્તાહના સૌથી વધારે ૯૭ કોલ ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાને મળ્યા છે. હવામાન વિભાગે કાળજાળ ગરમીને



લઈને આગાહી કરી છે. હવામન વિભાગે રાજ્યમાં અનેક વિસ્તારોમાં ઓરેન્જ એલર્ટ અને યલો એલર્ટની આગાહી કરી છે. આગામી પાંચ દિવસ માટે અનેક વિસ્તારોમાં ગરમીનું એલર્ટ અપાયું છે. રાજ્યભરમાં બપોરે બહાર નીકળ્યા તો શેકાવાનું નક્કી છે. દિવસે બિનજરૂરી બહાર ન નીકળવાની સલાહ હવમાન વિભાગે આપી છે. રાજ્યના સાત શહેરોમાં હવામાન વિભાગે હીટવેવની આગાહી કરી છે. જેમાં કચ્છ, જૂનાગઢ, ભાવનગર, બનાસકાંઠામાં પણ હીટવેવની આગાહી કરવામાં આવી છે. ગાંધીનગર, અમદાવાદમાં પાંચ દિવસનું ઓરેન્જ એલર્ટ અપાયું છે. તો કચ્છ, રાજકોટ, પોરબંદર, ભાવનગરમાં ઓરેન્જ એલર્ટ અપાયું છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે વધારે પડતો પ્રવાસ તમને ઝનૂન પર લાવી મુકશે. લોકોની જરૂરિયાત શી છે તથા તમારી પાસેથી તેમને ચોક્કસ શું જોઈએ છે તે તમે જાણતા હો એવું લાગે છે-પણ તમારા ખર્ચમાં વધુ પડતા ઉડાઉ ન બનતા. તમારા બાળકના એવોર્ડ સમારંભમાં આમંત્રણ આનંદનું કારણ બની શકે છે. તમારા સંતાનને તમારી અપેક્ષાઓ પર પાર ઉતરતા જોઈ તમારૂં સપનું સાકાર થઈ રહ્યું હોવાનું લાગશે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજે તમારા સ્વાસ્થ્યમાં સુધારો લાવે એવી બાબતો પર કામ કરવા માટે લાભદાયક દિવસ. જો તમે યાત્રા પર જવાવાળા હો તો પોતાના કિંમતી સમાન નું ધ્યાન રાખો કેમકે ચોરી થવા ની શક્યતા છે, ખાસ કરીને પર્સ નું ધ્યાન રાખો। બાળકો શાળાને લગતા પ્રૉજેક્ટ્સ વિશે સલાહ માગી શકે છે. તમારી માટે પ્રેમ પવનમાં છે. તમારે માત્ર તમારી આસપાસ જોવાની જરૂર છે, બધું જ ગુલાબી દેખાશે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજે તમારો મૂડ બદલવા માટે કોઈક સામજિક મેળાવડામાં હાજરી આપો. લાંબા-ગાળાના લાભ માટે શેર્સ તથા મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરો. તમારી ઉડાઉ જીવનશૈલી ઘરમાં તણાવનું કારણ બનશે, આથી રાત્રે મોડા સુધી બહાર રહેવાનું તથા અન્યો પર ખર્ચ કરવાનું ટાળો. તમારા પ્રિયપાત્ર સાથે બહાર જતા હો ત્યારે દેખાવ અને વર્તનમાં તમે જેવા છો એવા જ રહો.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે તમારી અપેક્ષાઓ અને ઉમિદો પર ભયને કારણે અસર પડવાની ઊંચી શક્યાઓ જોવાય છે. પોતાનું ધન સંચય કેવી રીતે કરવું છે તે હુનર તમે આજે શીખી શકો છો અને આ હુનર ને શીખી તમે પોતાનું ધન બચાવી શકો છો. તમે જેની સાથે રહો છો તેની સાથે સંઘર્ષમાં ન ઉતરી પડાય તેની તકેદારી રાખજો-કોઈક વિવાદાસ્પદ મુદ્દા હોય તો-તેનો ઉકેલ સલાહસંપથી લાવવો રહ્યો.

**સિંહ (મ,ટ) :**

આજે તમારી અંદર વધુ ઉર્જા જોઈ શકાય છે. તમારું આરોગ્ય સંપૂર્ણપણે તમારો સાથ આપશે। નજીકી સંબંધીઓ ના ઘરે જવું આજે તમારી આર્થિક સ્થિતિ બગાડી શકે છે. તમે જો વધારે પડતા દયાળુપણ વર્તશો તો-તમારી નિકટના લોકો તમારો ગેરફાયદો ઉપાડશે. તમારૂં સ્મિત તમારા પ્રિયપ ાત્રની ખુશા માટેની અકસીર દવા છે. તમારા પ્રિયપાત્રને આજે આખો દિવસ તમારી ગેરહાજરી ખૂબ જ ખટકશે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે ખાસ ગર્ભવતી સ્ત્રીઓ જમીન પર ચાલતી વખતે ખાસ દરકાર રાખે. ઘર ના જરૂરી સમાન પર ધન ખર્ચ કરી તમને આર્થિક પરેશાની તો આજે જરૂર થશે પરંતુ આના થી તમે ભવિષ્ય ની ઘણી પરેશાનીઓ થી બચી જશો. બાળકો તથા તમારાથી ઓછો અનુભવ ધરાવતા લોકો સાથ તમારે ધીરજથી કામ લેવું પડશે. પ્રેમ એ ઈન્દ્રિઓની મર્યાદા બહારની બાબત છે

**તુલા (ર,ત) :**

આજના દિવસે તમારી દિનચર્યામાં મનોરંજનમાં રમતગમતની પ્રવૃત્તિઓ તથા બાહ્ય કાર્યક્રમોનો સમાવેશ થવો જોઈએ. પૈસા કમાવવાની નવી તકો લાભદાયી હશે. તમારા માતા-પિતાની તબિયત ચિંતા તથા બેચેની જન્માવશે. સપનામાંના ભયને છોડો અને તમારા રૉમેન્ટિક સાથીદારની સંગત માણશો. નોકરી માટેના ઈન્ટરવ્યુમાં હાજર થવા અથવા તમારો બાયો-ડૅટા મોકલવા માટે સારો દિવસ.

**વૃશ્ચિક (ન,ય) :**

આજે બ્લ્ડ પ્રૅશરના દરદીઓ લોહીનું દબાણ ઘટાડવા રૅડ વાઈનની મદદ લઈ શકે છે અને કૉલેસ્ટ્રૉલનું પ્રમાણ નીચું રાખી શકે છે. આનાથી તેમને વધુ રાહત થશે. સટ્ટાકીય પ્રવૃત્તિઓ નફો લાવશે. ખુશખુશાલ-ઊર્જાસભર-પ્રેમાળ મૂડમાં-તમારો આનંદી સ્વભાવ તમારી આસપાસના લોકો માટે ખુશી તથા આનંદ લાવશે. તમારા પ્રિયપાત્ર સાથે કેટલાક મતભેદોસ થઈ શકે છે.

**ધન (ભ,ધ,ફ) :**

શારીરિક માંદગીમાંથી સાજા થવાની શક્યતા છે. વધુ પડતો ખર્ચ કરાવાનું ટાળો તથા શંકાસ્પદ આર્થિક સ્કીમ્સથી દૂર રહો. મિત્રો સાથે સાંજ મોજ-મજા માટે તથા રજાઓના આયોજન માટે સારી રહેશે. તમારા રૉમેન્ટિક અભિપ્રાયોને જાહેર ન કરો. આજે તમે કેન્દ્રસ્થાન રહેશો-અને સફળતા પણ તમારી પહોંચમાં જ છે. વિદ્યાર્થીઓ ને સલાહ આપવામાં આવે છે કે મિત્રતા ના મામલે આ કિંમતી ક્ષણો બગાડે નહીં.

**મકર (ખ,જ) :**

તમારા વિચારોને કેટલાક હકારાત્મક વિચારોમાં વાળો કેમ કે તમે ભયના ડરામણા દૈત્ય સામે લડી રહ્યા છો, અન્યથા તમે આ કટ્ટર દૈત્યના નિષ્ક્રિય તથા આસાન ભોગ બની જશો. આજે તમે સારૂં એવું ધન કમાશો-પણ ખર્ચમાં વધારાને કારણે બચત કરવામાં તમને મુશ્કેલી પડશે. તમારા તરફથી કંઈ વધુ કર્યા વિના અન્યોનું ધ્યાન ખેંચવા માટે આ શ્રેષ્ઠ દિવસ છે. રૉમેન્ટિક પગલાં કામ નહીં આવે.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે શક્ય હોય તો લાંબી મુસાફરી ટાળવી કેમ કે મુસાફરી કરવા માટે તમે ખૂબ જ નબળા છો અને આ મુસાફરી તમને વધુ નબળા પાડી શકે છે. તમારું ધન ક્યાં ખર્ચ થાય છે આના ઉપર તમારે નજર રાખવાની જરૂર છે નહીંતર આવનારા સમય માં તમને તકલીફ થયી શકે છે. છેલ્લા થોડા સમયથી તમારૂં અંગત જીવન તમારા ધ્યાનનું મુખ્ય કેન્દ્ર રહ્યું છે-પમ આજે તમે સામાજિક જીવન પર ધ્યાન આપશો.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજે તમારે હળવાશ અનુભવવાની તથા નિકટના મિત્રો અને પરિવારના સભ્યો વચ્ચે ખુશી શોધવાનો પ્રયાસ કરવાની જરૂર છે. આજનો જ વિચાર કરીને જીવનના તમારા અભિગમને તથા મનોરંજન પાછળ વધુ પડતો સમય અને નાણાં ખર્ચવાના તમારા વલણ પર અંકુશ રાખો. તમારી વધારાની ઊર્જા તથા અસાધારણ ઉત્સાહ તમારી તરફેણમાં પરિણામો લાવશે તથા ઘરના મોરચે રહેલું ટૅન્શન હળવું કરશે.

## ન્યૂઝ બોક્ષ

### સરહદ પારથી સોનાના દાણચોરો સામે BSFની કાર્યવાહી

। (એજન્સી) ત્રિપુરા, તા.૨૦ ।

બીએસએફના એક અધિકારીએ જણાવ્યું કે ઈનપુટના આધારે, બીએસએફ જવાનોએ શનિવારે નિશ્ચિંતપુર બોર્ડર પોસ્ટ વિસ્તારમાં ઘણી જગ્યાએ જાળ બિછાવી હતી અને સરહદની નજીક બે શંકાસ્પદ લોકોની હિલચાલ જોવા મળી હતી. આ પછી, એક આરોપીની ધરપકડ કરવામાં આવી હતી, જ્યારે અન્ય એક વિસ્તારમાં સ્થિત ગાઢ જંગલ તરફ ભાગીને ભાગી ગયો હતો. પશ્ચિમ ત્રિપુરાના નિશ્ચિંતપુર વિસ્તારમાં BSFએ સોનાની દાણચોરી કરતા એક વ્યક્તિની ધરપકડ કરી છે. સુરક્ષા દળોએ વ્યક્તિ પાસેથી ૩૬.૬ લાખ રૂપિયાની કિંમતના ચાર સોનાના બાર જપ્ત કર્યા છે. રવિવારે, BSFના એક અધિકારીએ કહ્યું કે ઈનપુટના આધારે, BSF જવાનોએ શનિવારે નિશ્ચિંતપુર બોર્ડર પોસ્ટ વિસ્તારમાં ઘણી જગ્યાએ જાળ બિછાવી હતી અને સરહદની નજીક બે શંકાસ્પદ લોકોની હિલચાલ જોવા મળી હતી. આ પછી, એક આરોપીની ધરપકડ કરવામાં આવી હતી, જ્યારે અન્ય એક વિસ્તારમાં સ્થિત ગાઢ જંગલ તરફ ભાગીને ભાગી ગયો હતો. બીએસએફના એક વરિષ્ઠ અધિકારીએ કહ્યું, 'તેઓ (દાણચોરો) બાંગ્લાદેશથી ભારત તરફ આગળ વધી રહ્યા હતા.

### અજિત-પાટિલ-તટકરે શિંદે સાથે કામ કરવા નહોતા માંગતા

। (એજન્સી) મુંબઈ, તા.૨૦ ।

લોકસભા ચૂંટણીના ધમધમાટ વચ્ચે શિવસેના યુબીટીના નેતા સંજય રાઉતે એકનાથ શિંદેના મુખ્યમંત્રી પદ મુદ્દે ચોંકાવનારો ઘટસ્ફોટ કર્યો છે. રાઉતે દાવો કર્યો છે કે, વર્તમાન સરકારમાં સામેલ ભાજપ -એનસીપીના દેવેન્દ્ર ફડણવીસ, અજિત પવાર સહિતના ઘણા નેતાઓ ૨૦૧૯માં એકનાથ શિંદેને મુખ્યમંત્રી બનાવવા નહોતા ઈચ્છતા. ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વ હેઠળની શિવસેના યુબીટીના નેતા સંજય રાઉતે મીડિયા સમક્ષ એવો પણ દાવો કર્યો છે કે, અજિત પવાર, દિલીપ વલસે પાટિલ અને સુનીલ તટકરે જેવા એનસીપી નેતાઓએ એકનાથ શિંદેને મુખ્યમંત્રી બનાવવાનો વિરોધ કર્યો હતો અને કહ્યું હતું કે, તેઓ શિંદે જેવા જુનિયર અને બિનઅનુભવી વ્યક્તિ સાથે રહી કામ નહીં કરે.' તેમણે વધુમાં કહ્યું કે, 'કોંગ્રેસ અને એનસીપીએ કહ્યુ હતું કે, અમારી પાસે ઘણા વરિષ્ઠ નેતાઓ છે. ગઠબંધનનો નેતા એવો હોવો જોઈએ, જે અનુભવી, વરિષ્ઠ અને સૌને સાથે લઈને ચાલે. બીજીતરફ શિવસેનાએ સરકાર બનાવવા માટે મહા વિકાસ અઘાડી ગઠબંધન હેઠળ કોંગ્રેસ અને એનસીપી સાથે હાથ મિલાવ્યા હતા. જોકે આ ત્રણે પક્ષો એક થાય તે પહેલા જ દેવેન્દ્ર ફડણવીસ, ગિરીશ મહાજન અને સુધીર મુનગંટીવાર જેવા ભાજપ નેતાઓએ કહ્યુ હતું કે, તેઓ એકનાથ શિંદેને મુખ્યમંત્રી તરીકે પસંદ નહીં કરે.' ઉલ્લેખનીય છે કે, અજિત પવાર અને ફડણવીસ હાલ મુખ્યમંત્રી શિંદેના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકારમાં નાયબ મુખ્યમંત્રી છે. સંજય રાઉતે એવો પણ દાવો કર્યો કે, 'જ્યારે મહા વિકાસ અઘાડીમાં શિવસેનાને મુખ્યમંત્રી બનાવવાની તક મળી, ત્યારે ઉદ્ધવ ઠાકરે એકનાથ શિંદેને મુખ્યમંત્રી બનાવવા માંગતા હતા.

# કોંગ્રેસના નેતા સુખપાલ સિંહ ખૈરાએ કાયદાની માંગ કરી છે

### ભગવંત માને કહ્યું, પંજાબ બધાને ખવડાવે છે, આપણા નાગરિકો પણ વિદેશમાં સ્થાયી થયા છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।



સંગરુર લોકસભા મતવિસ્તારના કોંગ્રેસના ઉમેદવાર સુખપાલ સિંહ ખૈરાએ પંજાબમાં બહારના લોકોને જમીન ખરીદવા, મતદાર બનવા અને સરકારી નોકરીઓ મેળવવા પર પ્રતિબંધ મૂકવા માટે કાયદો બનાવવાની માંગ કરીને વિવાદ સર્જ્યો છે. રવિવારે સંગરુરમાં મીડિયા સાથે વાત કરતા સુખપાલ ખૈરાએ કહ્યું કે, તેમણે 'પંજાબની ઓળખ' બચાવવા માટે ૨૦૨૩માં કાયદો બનાવવાની માંગ કરી હતી. તેમણે કહ્યું કે, મેં જાન્યુઆરી ૨૦૨૩માં વિધાનસભાના અધ્યક્ષ સમક્ષ આ વિષય પર એક ખાનગી બિલ પણ રજૂ કર્યું હતું, પરંતુ તેનો કોઈ ફાયદો થયો ન હતો. પંજાબમાં બિન-પંજાબીઓને જમીન ખરીદવાની મંજૂરી આપવી જોઈએ નહીં. પંજાબમાં તેમને મતદાન કરવાનો અને સરકારી નોકરી મેળવવાનો અધિકાર ન આપવો જોઈએ. સુખપાલ ખૈરાએ કહ્યું કે પંજાબની વસ્તી લગભગ ૩ કરોડ હતી, જેમાંથી ૭૨ થી ૭૫ લાખ લોકો વિદેશ ગયા છે.ખૈરાએ વધુમાં કહ્યું કે જો બિન-પંજાબી લોકોને જમીન ખરીદવાની મંજૂરી આપવામાં આવે તો આગામી ૧૫થી ૨૦ વર્ષમાં તમને પાઘડી નહીં મળે. આપણી ઓળખની રક્ષા માટે કાયદો બનાવવો જોઈએ. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે તેમના નિવેદનની લુધિયાણા જેવા શહેરોમાં રહેતા બિન-પંજાબીઓ પર શું અસર પડશે. આ સવાલ પર ખૈરા બેકફૂટ પર આવી ગયા. તેમણે કહ્યું કે બિન-પંજાબીઓને પંજાબમાં આવવાની મંજૂરી આપવી જોઈએ, પરંતુ તેમને સંપત્તિના અધિકારો આપવા જોઈએ નહીં કે કાયમી નિવાસી બનાવવો જોઈએ નહીં.ખૈરાએ કહ્યું, 'મારું કહેવાનો અર્થ એ છે કે પંજાબમાં તમારું સ્વાગત છે, અહીં પૈસા કમાઓ, તમારા પરિવારને સપોર્ટ કરો. પંજાબ એક વિશેષ રાજ્ય છે જ્યાં શીખ બહુમતીમાં છે. સુખપાલ ખૈરા એકલા કોંગ્રેસી નથી જેમણે આવું વિવાદાસ્પદ નિવેદન આપ્યું છે. આ પહેલા પૂર્વ મુખ્યમંત્રી ચરણજીત સિંહ ચન્નીએ પણ આવા નિવેદન આપ્યા હતા. ૨૦૨૨ માં, તેમણે પ્રિયંકા ગાંધીની હાજરીમાં કહ્યું હતું કે તેઓ ઉત્તર પ્રદેશ, બિહાર અને નવી દિલ્હીના 'ભાઈઓ'ને પંજાબ પર શાસન કરવા દેશે નહીં. બાદમાં તેણે ખુલાસો પણ કર્યો હતો.દરમિયાન, પંજાબના મુખ્ય પ્રધાન ભગવંત માને, બિન-પંજાબીઓ વિરુદ્ધ સુખપાલ ખૈરાની ટિપ્પણી પર પ્રતિક્રિયા આપતા કહ્યું કે આવી માનસિકતા વિદેશમાં સ્થાયી થયેલા પંજાબીઓ પર પણ પ્રશ્નો ઉભા કરશે. ભગવંત માને કહ્યું, 'પંજાબ બધાને ખવડાવે છે. આપણા નાગરિકો પણ વિદેશમાં સ્થાયી થયા છે. આપણી આવી માનસિકતા શા માટે હોવી જોઈએ? પંજાબ બીજેપીના વડા સુનીલ જાખરે સુખપાલ ખૈરાના નિવેદનની ટીકા કરી હતી અને તેમને નફરત ન ફેલાવવાની સલાહ આપી હતી. સુનીલ જાખરે કોંગ્રેસના પૂર્વ સીએમ ચરણજીત સિંહ ચન્નીએ આપેલા સમાન નિવેદનની યાદ અપાવી અને કહ્યું, 'ખૈરા જવાબદાર છે.

### ૩ લોકોને ૬ મહિનાની જેલ

# પતંજલિની સોનપાપરી ગુણવત્તા પરીક્ષણમાં ફેલ

### કંપનીના આસિસ્ટન્ટ જનરલ મેનેજર અભિષેક કુમારને ૨૫,૦૦૦ રૂપિયાના દંડ સાથે છ મહિનાની જેલની સજા ફટકારવામાં આવી છે

। (એજન્સી) ઉત્તરાખંડ, તા.૨૦ ।




કંપનીના આસિસ્ટન્ટ જનરલ મેનેજર અભિષેક કુમારને ૨૫,૦૦૦ રૂપિયાના દંડ સાથે છ મહિનાની જેલની સજા ફટકારવામાં આવી છે. તેમણે કહ્યું કે ત્રણેયને ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ ૨૦૦૬ હેઠળ દોષિત ઠેરવવામાં આવ્યા છે. ઉત્તરાખંડની એક અદાલતે પતંજલિ એલચીની સોનપાપડી બનાવવામાં ખાદ્ય સુરક્ષાના ધોરણોનું ઉલ્લંઘન કરવા બદલ ત્રણ લોકોને છ મહિનાની જેલની સજા ફટકારી છે. આસિસ્ટન્ટ પ્રોસિક્યુશન ઓફિસર રિતેશ વર્માએ જણાવ્યું કે શનિવારે પિથોરાગઢના ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ સંજય સિંહે જેલની સજા ઉપરાંત તેના પર ૫,૦૦૦ થી ૨૫,૦૦૦ રૂપિયાનો દંડ પણ લગાવ્યો હતો. ન્યૂઝ એજન્સી અનુસાર, વર્માએ કહ્યું કે કોર્ટે પિથોરાગઢના બેરીનાગ શહેરના દુકાનદાર લીલાધર પાઠકને ઉત્પાદન વેચવા બદલ છ મહિનાની જેલની સજા અને ૫,૦૦૦ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. કોર્ટે પતંજલિના અધિકૃત પ્રતિનિધિ, નૈનીતાલના રામનગર, કાન્હાજી ડિસ્ટ્રીબ્યુટર્સ પ્રાઈવેટ લિમિટેડના આસિસ્ટન્ટ મેનેજર અજય જોશીને છ મહિનાની જેલની સજા અને રૂ. ૧૦,૦૦૦નો દંડ ફટકાર્યો છે. કંપનીના આસિસ્ટન્ટ જનરલ મેનેજર અભિષેક કુમારને ૨૫,૦૦૦ રૂપિયાના દંડ સાથે છ મહિનાની જેલની સજા ફટકારવામાં આવી છે. તેમણે કહ્યું કે ત્રણેયને ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ ૨૦૦૬ હેઠળ દોષિત ઠેરવવામાં આવ્યા છે. વર્માએ જણાવ્યું હતું કે ૧૭ સપ્ટેમ્બર, ૨૦૧૯ ના રોજ પાઠકની દુકાનમાંથી પતંજલિ એલચી નવરત્ન સોનપાપડીના નમૂનાઓ એકત્ર કર્યા પછી, તેઓને ઉત્તર પ્રદેશના ગાઝિયાબાદની રાષ્ટ્રીય પ્રયોગશાળામાં પરીક્ષણ માટે મોકલવામાં આવ્યા હતા. ૨૦૨૧ માં આ સંદર્ભમાં કેસ નોંધવામાં આવ્યો હતો જ્યારે રિપોર્ટમાં જાણવા મળ્યું હતું કે નમૂનાઓ ખાદ્ય સુરક્ષા ધોરણોને અનુરૂપ નથી.

### '૧૫૧ નોટિસ મોકલવામાં આવી રહી છે'

# પોલીસ મતદાન પહેલા અમારા કાર્યકરો અને આગેવાનોને નોટિસ આપી રહી છે : UBT સેનાનો આક્ષેપ

### લોઢા ફાઉન્ડેશનના નામે 'પ્રેમ કોર્ટ', 'મહેશ્વરી નિકેતન' અને 'આનંદ દર્શન'ને તેમની સમસ્યાઓ વિશે જાણવા માટે આમંત્રણ મોકલવામાં આવ્યું છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।

મુંબઈમાં મતદાનના થોડા કલાકો પહેલાં, UBT સેના (શિવસેના ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરે) એ આરોપ લગાવ્યો કે મુંબઈ પોલીસ અધિકારીઓ સેનાના કાર્યકરો અને નેતાઓને નોટિસ આપી રહ્યા છે. યુબીટી સેનાનો એવો પણ આરોપ છે કે ભાજપ મંગલપ્રભાત લોઢા દ્વારા દક્ષિણ મુંબઈમાં ખોટો પ્રચાર કરી રહી છે.UBT સેનાના નેતા અનિલ પરબે કહ્યું કે મુંબઈ પોલીસ મુંબઈના જુદા જુદા ભાગોમાંથી અમારા કાર્યકરો અને નેતાઓને ઉપાડી રહી છે. ૧૫૧ નોટિસ મોકલવામાં આવી રહી છે. અમને જ નહીં એનસીપીને પણ મોકલવામાં આવી રહી છે. તેઓ માત્ર અમારા લોકોને ડરાવવાનો પ્રયાસ કરી રહ્યા છે અને અમને વોટ ન કરવા દે.તેમણે કહ્યું કે ચૂંટણી પંચ કંઈ જ કરવા જઈ રહ્યું નથી. પરંતુ તેમ છતાં અમે તમામ પુરાવા આપવા તૈયાર છીએ. આવતીકાલે અમે મુંબઈ પોલીસ અધિકારીઓના તમામ પુરાવા અને નંબર આપીશું જે અમને ફોન કરીને નોટિસ મોકલી રહ્યા છે. અમે આ બાબતને આગળ લઈ જઈશું. અમને ડરાવવાથી ફાયદો થશે નહીં.દરમિયાન, આદિત્ય ઠાકરેએ ચૂંટણી પંચને ટેગ કરીને ટ્વીટ કર્યું. આદિત્ય ઠાકરેએ લખ્યું, પ્રિય @ECISVEEP, તમારી પાસેથી વધુ પગલાંની અપેક્ષા નથી, પરંતુ તેમ છતાં તમારી આંખો ખોલવાનો પ્રયાસ કરી રહ્યો છું. મુંબઈમાં આજે ગેરકાયદે શાસનના પાલક મંત્રી લોઢા વતી ધીરજ એપાર્ટમેન્ટ, પેડર રોડમાં પ્રોક્સી ઝુંબેશ ચાલી રહી છે. લોઢા ફાઉન્ડેશનના નામે 'પ્રેમ કોર્ટ', 'મહેશ્વરી નિકેતન' અને 'આનંદ દર્શન'ને તેમની સમસ્યાઓ વિશે જાણવા માટે આમંત્રણ મોકલવામાં આવ્યું છે. ચૂંટણીના એક દિવસ પહેલા આ એક પ્રોક્સી કેમ્પેઈન સિવાય બીજું કંઈ નથી.તેમણે વધુમાં કહ્યું કે અમને આશ્ચર્ય થાય છે કે શું તમે દરમિયાનગીરી કરીને તેને અટકાવશો? આ ગુના માટે બિલ્ડીંગ પ્રેસિડેન્ટ/સેક્રેટરીઓ સામે કેમ કેસ ન કરવો જોઈએ? આ ચૂંટણીની આચારસંહિતાનો ખુલ્લેઆમ ભંગ છે અને જો તેને રોકવામાં નહીં આવે તો અમે પણ તે જ સ્થળે જઈને સ્થાનિક પ્રશ્નોની જાણકારી આપીશું.મંગલ પ્રભાત લોઢાએ આદિત્ય ઠાકરેના ટ્વીટનો જવાબ આપ્યો. તેમણે કહ્યું કે છેલ્લા ૩૦ વર્ષથી હું જાહેર જીવનમાં સક્રિયપણે સેવા આપીને સતત લોકો સાથે જોડાયેલો છું. આજે મેં આદર્શ આચાર સંહિતાનું ઉલ્લંઘન કર્યું નથી અને હું તેનું પાલન કરવાનું ચાલુ રાખીશ. આચારસંહિતાનો અર્થ એ નથી કે ઘરમાં રહેવું કે જાહેરમાં વાતચીત કરવાનું ટાળવું. લોકોને મળવું એ ગુનો નથી!

### આઈપીસીની કલમ ૪૧૯ અને ૪૨૦ હેઠળ કેસ નોંધવામાં આવ્યો

# ક્રેડિટ કાર્ડ બનાવવાના નામે છેતરપિંડી કરતા ચાર આરોપીઓની ધરપકડ કરાઈ

### બેંકના કર્મચારી હોવાનો ઢોંગ કરીને લોકોને મફત ક્રેડિટ કાર્ડ બનાવવાની લાલચ આપીને છેતરપિંડીથી લિંક્સ મોકલતા હતા

। (એજન્સી) ભોપાલ, તા.૨૦ ।

આ ફરિયાદના આધારે આઈપીસીની કલમ ૪૧૯ અને ૪૨૦ હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો અને તપાસ શરૂ કરવામાં આવી હતી. સાયબર ક્રાઈમ ડિસ્ટ્રિક્ટ ભોપાલની ટીમ દ્વારા ટેકનિકલ વિશ્લેષણના આધારે મળેલા પુરાવાના આધારે ક્રેડિટ કાર્ડ બનાવવાના નામે છેતરપિંડી કરનારા ૦૪ આરોપીઓની દિલ્હીના રોહિણી વિસ્તારમાંથી ધરપકડ કરવામાં આવી હતી. સાયબર ક્રાઈમ બ્રાન્ચ ડિસ્ટ્રિક્ટ ભોપાલે ICICI બેંકનું ક્રેડિટ કાર્ડ અપાવવાની લાલચ આપીને લોકોને છેતરતી ગેંગનો પર્દાફાશ કર્યો છે અને ૪ લોકોની ધરપકડ કરી છે. આ લોકોએ એક ગેંગ બનાવી છે અને લાંબા સમયથી લોકોને છેતરતા હતા. ખરેખર, સાયબર ક્રાઈમ બ્રાન્ચને એક અરજદાર તરફથી ફરિયાદ મળી હતી કે તેને ICICI બેંકનું ક્રેડિટ કાર્ડ બનાવવાના બહાને નકલી લિંક મોકલીને બેંક ખાતામાંથી કુલ રૂ. ૬૦૧૮૦ ઉપાડી લેવામાં આવ્યા હતા. ઉપાડીને છેતરપિંડી આચરવામાં આવી છે.આ ફરિયાદના આધારે આઈપીસીની કલમ ૪૧૯ અને ૪૨૦ હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો અને તપાસ શરૂ કરવામાં આવી હતી. સાયબર ક્રાઈમ ડિસ્ટ્રિક્ટ ભોપાલની ટીમ દ્વારા ટેકનિકલ વિશ્લેષણના આધારે મળેલા પુરાવાના આધારે ક્રેડિટ કાર્ડ બનાવવાના નામે છેતરપિંડી કરનારા ૦૪ આરોપીઓની દિલ્હીના રોહિણી વિસ્તારમાંથી ધરપકડ કરવામાં આવી હતી. તેમની પાસેથી ગુનામાં વપરાયેલ ૧૦ મોબાઈલ ફોન, ૦૯ સીમકાર્ડ અને બેંક પાસબુક જપ્ત કરવામાં આવી છે. પૂછપરછ દરમિયાન, આરોપીઓએ જણાવ્યું કે તેઓ ICICI અને HDFC બેંકના કર્મચારી હોવાનો ઢોંગ કરીને લોકોને મફત ક્રેડિટ કાર્ડ બનાવવાની લાલચ આપીને છેતરપિંડીથી લિંક્સ મોકલતા હતા. લિંકમાં માહિતી ભરીને તેઓ લોકોના ખાતામાં છેતરપિંડી કરે છે અને પૈસા લેવા માટે આરોપીઓ ટેલિગ્રામ એપનો સંપર્ક કરીને કોલિંગ માટે એકાઉન્ટ અને મોબાઈલ નંબર મેળવે છે.

### આ ઘટનામાં બે લોકો ઘાયલ થયા છે

# મણિપુરમાં ઝારખંડના 3 મજૂરો પર ગોળીબાર, એક વ્યક્તિનું મોત થયું

### હુમલા પાછળનો હેતુ અસ્પષ્ટ છે, અને પોલીસ લોકોને એવી માહિતી આપવા અપીલ કરી રહી છે જે તપાસમાં મદદ કરી શકે

। (એજન્સી) મણિપુર, તા.૨૦ ।

પોલીસના જણાવ્યા અનુસાર, ઈમ્ફાલ પશ્ચિમ જિલ્લાના લામ્ફેલ પોલીસ સ્ટેશન હેઠળ નૌરેમ-થોંગ ખુમંથેમ ટાકેલ કોંગબાલ ખાતે નામ્બુલ નદી કિનારે એક અજાણ્યા વ્યક્તિ (૪૧)ને ગોળી વાગી હતી, આ ઘટનામાં તે વ્યક્તિનું મૃત્યુ થયું છે. આ ઘટનામાં બે લોકો ઘાયલ થયા છે. મણિપુરમાં હિંસાની ઘટનાઓ અટકી રહી નથી. તાજેતરના કિસ્સામાં, ઝારખંડના ત્રણ મજૂરોને ગોળી વાગી છે, જેમાંથી એકનું મોત થયું છે. ઘટનામાં બે પીડિત ગંભીર રીતે ઘાયલ છે અને હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

આ ઘટના ૧૯ મેના રોજ બની હોવાનું કહેવાય છે. પોલીસના જણાવ્યા અનુસાર, ઈમ્ફાલ પશ્ચિમ જિલ્લાના લામ્ફેલ પોલીસ સ્ટેશન હેઠળ નૌરેમ-થોંગ ખુમંથેમ ટાકેલ કોંગબાલ ખાતે નામ્બુલ નદી કિનારે એક અજાણ્યા વ્યક્તિ (૪૧)ને ગોળી વાગી હતી, આ ઘટનામાં તે વ્યક્તિનું મૃત્યુ થયું છે. આ ઘટનામાં બે લોકો ઘાયલ થયા છે.ઘટના રવિવારે રાત્રે લગભગ ૭.૩૦ વાગ્યાની આસપાસની છે. મૃતકની ઓળખ ઝારખંડના રહેવાસી શ્રીરામ હંગસાડા તરીકે થઈ છે.

ઘાયલ થયેલા બે વ્યક્તિઓ ૨૨ વર્ષીય બિટ્ટુ મુર્મુ અને ૫૦ વર્ષીય મિતાલાલ સોરન પણ ઝારખંડના રહેવાસી છે. ત્રણેય પીડિતો કીસ્ટોન ઈન્ળા પ્રાઈવેટ લિમિટેડમાં મજૂર તરીકે કામ કરતા હતા. કહેવામાં આવી રહ્યું છે કે ઘટનાની જાણકારી મળતા જ સુરક્ષાદળોને તાત્કાલિક ઘટનાસ્થળે મોકલવામાં આવ્યા હતા. પોલીસના જણાવ્યા અનુસાર લામ્ફેલ પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો છે. આરોપીને પકડવા માટે તપાસ શરૂ કરવામાં આવી છે. હુમલા પાછળનો હેતુ અસ્પષ્ટ છે, અને પોલીસ લોકોને એવી માહિતી આપવા અપીલ કરી રહી છે જે તપાસમાં મદદ કરી શકે.

### ૯૦ વર્ષીય વ્યક્તિ ૧૦ મિનિટની મુસાફરી બાદ પરત ફર્યા

# અમેરિકાના પ્રથમ અશ્વેત ઉમેદવારને અવકાશમાં જવાનો મોકો મળ્યો

### રાષ્ટ્રપતિ જ્હોન એફ. કેનેડીએ તેમને નાસાના ઉદ્ઘાટન અવકાશયાત્રી કોર્પ્સ ઉમેદવાર તરીકે પસંદ કર્યા ત્યારે તેઓ એરફોર્સના પાઇલટ હતા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।



અમેરિકાના પ્રથમ અશ્વેત અવકાશયાત્રી ઉમેદવાર જેફ બેઝોસની રોકેટ કંપની સાથે અવકાશમાં ગયા છે. તેઓ ૯૦ વર્ષના છે, જેમની ૧૯૬૩માં યુએસ પ્રશાસન દ્વારા ભલામણ કરવામાં આવી હતી પરંતુ તેઓ આ યાત્રા માટે પસંદ થઈ શક્યા ન હતા. હવે જ્યારે તે અવકાશ યાત્રામાંથી પરત ફર્યો છે ત્યારે તેણે તેને જીવન બદલી નાખનાર અનુભવ ગણાવ્યો છે. અમેરિકાના પ્રથમ અશ્વેત અવકાશયાત્રી ઉમેદવારને આખરે અવકાશમાં જવાનો મોકો મળ્યો. ૬૦ વર્ષ પહેલા તેમના નામની સ્પેસ ટ્રાવેલ માટે નાસાને ભલામણ કરવામાં આવી હતી પરંતુ તેઓ આ યાત્રા માટે પસંદ થઈ શક્યા ન હતા. તે રવિવારે જેફ બેઝોસની રોકેટ કંપની સાથે સ્પેસ ટ્રીપ પરથી પરત ફર્યો હતો. રાષ્ટ્રપતિ જ્હોન એફ. કેનેડીએ તેમને નાસાના ઉદ્ઘાટન અવકાશયાત્રી કોર્પ્સ ઉમેદવાર તરીકે પસંદ કર્યા ત્યારે તેઓ એરફોર્સના પાઈલટ હતા. જોકે, ૧૯૬૩ની અવકાશ સફર માટે એડ ડ્વાઈટની પસંદગી થઈ શકી ન હતી. તે હવે ૯૦ વર્ષનો છે અને તેણે બ્લુ ઓરિજિન કેપ્સ્યૂલ પર સવાર અન્ય પાંચ મુસાફરો સાથે સ્પેસ વોક કર્યું છે. તે લગભગ દસ મિનિટ સુધી વર્ગમાં રહ્યો. તેણે તેને "જીવન-બદલતા અનુભવ" તરીકે વર્ણવ્યું. એડ ડ્વાઈટ અવકાશમાં મુસાફરી કરનાર સૌથી વૃદ્ધ વ્યક્તિ છે. તે "સ્ટાર ટ્રેક" અભિનેતા વિલિયમ શેટનર કરતા લગભગ બે મહિના મોટો છે, જે ૨૦૨૧ માં અવકાશમાં ગયો હતો. લગભગ બે વર્ષમાં બ્લુ ઓરિજિનનું આ પ્રથમ ક્રૂ લોન્ચ હતું. કંપની ૨૦૨૨ માં એક અકસ્માત પછી બંધ થઈ ગઈ હતી જેમાં બૂસ્ટર ક્રેશ થયું હતું પરંતુ પ્રયોગોથી ભરેલી કેપ્સ્યુલ સુરક્ષિત રીતે ઉતરી ગઈ હતી. ગયા ડિસેમ્બરમાં ફ્લાઈટ્સ ફરી શરૂ થઈ, પરંતુ બોર્ડમાં કોઈ મુસાફરો નહોતા. અવકાશ પ્રવાસીઓ માટે બ્લુ ઓરિજિનની આ સાતમી ફ્લાઈટ હતી. ડેન્વરના શિલ્પકાર ડ્વાઈટ, અમેરિકા અને ળાન્સના ચાર ઉદ્યોગપતિઓ અને એક નિવૃત્ત એકાઉન્ટન્ટ સાથે તાજેતરની ફ્લાઈટનો ભાગ હતા. તેમની ટિકિટની કિંમતો જાહેર કરવામાં આવી નથી. ડ્વાઈટ આંશિક રીતે એનજીઓ સ્પેસ ફોર હ્યુમેનિટી દ્વારા પ્રાયોજિત હતી. વાયુસેના દ્વારા નાસાને ભલામણ કરાયેલ સંભવિત અવકાશયાત્રીઓમાં ડ્વાઈટનો સમાવેશ થતો હતો, પરંતુ ૧૯૬૩ની ફ્લાઈટ માટે તેમની પસંદગી કરવામાં આવી ન હતી, જેમાં જેમિની અને એપોલો અવકાશયાત્રીઓનો સમાવેશ થતો હતો. નાસાએ ૧૯૭૮ સુધી કાળા અવકાશયાત્રીઓની પસંદગી કરી ન હતી.

### બેકાબૂ ચાલકે બાઇકને ટક્કર મારી હતી

# પુણે કાર અકસ્માતના સગીર આરોપીને જામીન મળ્યા

### પુણેમાં હાઈપ્રોફાઈલ કાર અકસ્માતના આરોપીઓને જિલ્લા અદાલતે ૧૪ કલાકમાં જ જામીન આપ્યા હોવાનું પ્રકાશમાં આવ્યું છે

। (એજન્સી) પુણે, તા.૨૦ ।



પુણેમાં હાઈપ્રોફાઈલ કાર અકસ્માતના આરોપીઓને જિલ્લા અદાલતે ૧૪ કલાકમાં જ જામીન આપ્યા હોવાનું પ્રકાશમાં આવ્યું છે. બે આઈટી ઈજનેરોના મોતના કેસમાં બિલ્ડરના પુત્રને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો ત્યારે કોર્ટે તેને અમુક નિયમો અને શરતો હેઠળ જામીન આપ્યા હતા. મહારાષ્ટ્રના પુણેમાં થયેલા કાર અકસ્માત કેસમાં કોર્ટે સગીર આરોપીને જામીન આપી દીધા છે. સગીર પુણેના પ્રખ્યાત બિલ્ડર સાથે સંબંધિત છે. આ અકસ્માતમાં મહિલાનું ઘટનાસ્થળે જ મોત થયું હતું જ્યારે તેના સાથીનું સારવાર દરમિયાન મોત થયું હતું. પોલીસે કાર ચાલક સામે યરવડા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધ્યો હતો. અકસ્માતમાં માર્યા ગયેલા લોકોની ઓળખ અનીસ દુધિયા અને અશ્વિની કોસ્ટા તરીકે થઈ હતી. બંને રાજસ્થાનના છે. આ કેસમાં પોલીસે આરોપી સગીરને જામીન આપી દીધા છે. પુણેમાં હાઈપ્રોફાઈલ કાર અકસ્માતના આરોપીઓને જિલ્લા અદાલતે ૧૪ કલાકમાં જ જામીન આપ્યા હોવાનું પ્રકાશમાં આવ્યું છે. બે આઈટી ઈજનેરોના મોતના કેસમાં બિલ્ડરના પુત્રને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો ત્યારે કોર્ટે અમુક નિયમો અને શરતો હેઠળ તેને જામીન આપ્યા હતા. રવિવારે રાત્રે લગભગ ૨.૩૦ વાગ્યાની આસપાસ પોર્શ કાર અને ટુ-વ્હીલર વચ્ચેની અથડામણમાં બે આઈટી એન્જિનિયરોના ઘટનાસ્થળે જ મોત થયા હતા. અકસ્માત બાદ આરોપીએ ભાગવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ટોળાએ તેને માર માર્યો હતો અને પોલીસને હવાલે કર્યો હતો. સગીર વિરુદ્ધ IPC ૩૦૪ (બેદરકારી) હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો. પોલીસને પ્રાથમિક દ્રષ્ટિએ શંકા છે કે આરોપી વાહન ચલાવતી વખતે દારૂ પીતો હતો. આ માટે તેના લોહીની તપાસ કરવામાં આવી હતી. જો કે આ ટેસ્ટનો રિપોર્ટ આવે તે પહેલા જ કોર્ટે તેને જામીન આપી દીધા હતા. કોર્ટને સગીર દ્વારા કરાયેલો ગુનો ગંભીર જણાતો ન હતો, તેથી જ પોલીસે જણાવ્યું હતું કે સગીરને જામીન આપવામાં આવ્યા છે. બંને મૃતકો રાજસ્થાનના હોવાનું બહાર આવ્યું છે. તેઓ પાટી બાદ નજીકના પબમાંથી આવી રહ્યા હતા. આ ઘટના વિશે એક પ્રત્યક્ષદર્શીએ જણાવ્યું કે, હું રાત્રે રિક્ષા લઈને ઉભો હતો. છોકરો અને છોકરી વીસ વર્ષની ઉંમરમાં હતા અને રોડ ક્રોસ કરી રહ્યા હતા. ત્યારે અચાનક પોર્શ કાર પૂરપાટ ઝડપે આવી હતી અને બંનેને ઉડાવી દીધી હતી. છોકરીએ હવામાં ૧૦ ફૂટ કૂદકો માર્યો અને છોકરો હલનચલન કરી શકતો ન હતો કારણ કે તેની પાંસળી તૂટી ગઈ હતી.

## આ ઘટનામાં બે આરોપીઓને પોલીસે રાઉન્ડઅપ કર્યા

# વરરાજાની ગાડીને ઓવરટેક કરીને બંદૂક બતાવી દુલ્હનનું અપહરણ

। (એજન્સી) દાહોદ, તા.૨૦ ।

ગુજરાતમાં મહિલાઓની સુરક્ષા બાબતે ફરી સવાલો ઉભા થયાં છે. દાહોદના ભાટીવાડા ગામના રોહિત અમલીયારની જાન મધ્યપ્રદેશના ઝાબુઆના જાલાપાડા ગામે ગઈ હતી. ત્યારે મધ્યપ્રદેશથી લગ્ન પતાવી જાન પરત આવી રહી હતી. તે દરમિયાન અધવચ્ચે જ ૨૦થી ૨૫ લોકોનું ટોળું બાઈક પર આવી પહોંચ્યું હતું. વરરાજાની ગાડીને ઓવરટેક કરીને બંદૂક બતાવી દુલ્હનનું અપહરણ કરી લીધું હતું. બેથી ત્રણ લોકોએ વરરાજાની ગાડીની ચાવી કાઢી લીધી હતી. આરોપીઓએ દુલ્હનને ઢસડીને બાઈક પર બેસાડી દીધી હતી. આ સમગ્ર ઘટનાથી ચકચાર મચી જવા પામી છે. આ મામલે પોલીસને જાણ કરવામાં આવતા પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. આ ઘટનામાં બે આરોપીઓને પોલીસે રાઉન્ડઅપ કરી લીધા છે. પ્રાપ્ત વિગતો પ્રમાણે દાહોદના ભાટીવાડા ગામના રોહિત અમલીયારની જાન મધ્યપ્રદેશના ઝાબુઆના જાલાપાડા ગામે ગઈ હતી. ત્યારે મધ્યપ્રદેશથી લગ્ન પતાવી જાન પરત આવી રહી હતી. તે દરમિયાન અધવચ્ચે જ ૨૦થી ૨૫ લોકોનું ટોળું બાઈક પર આવી પહોંચ્યું હતું. વરરાજાની ગાડીને ઓવરટેક કરીને બંદૂક બતાવીને બેથી ત્રણ લોકોએ ગાડીની ચાવી કાઢી લીધી હતી. જે બાદ દરવાજો ખોલીને દુલ્હન ઉષાને ઢસડીને બાઈક પર બેસાડી દીધી હતી.વરરાજા સહિત જાનૈયાઓ કઈ સમજે તે પહેલા તો તેઓ દુલ્હનને ઉઠાવી ગયા હતા. વરરાજા રોહિત અમલીયારે જણાવ્યું હતું કે, ભાટીવાડાથી અમે મારી જાન જાલાપડા ગામ લઈ ગયા હતા. જ્યા અમે ફેરાફરીને ત્યાથી નિકળ્યા હતા. ત્યારે નવાગામ ચાર રસ્તા પર ૨૦થી ૨૫ લોકો હથિયારો સાથે આવી પહોંચ્યા હતા. તેઓએ અમારી ગાડીને ઓવરટેક કરીને સામે તેઓની ગાડીને ઉભી રાખી હતી. જે બાદ રિવોલ્વર બતાવીને મારી દુલ્હનને લઈ ગયા હતા.

વરરાજાના સંબંધીઓએ જણાવ્યું કે, અમે જાન લઈને ગયા હતા ૬ વાગ્યા સુધીમાં લગ્ન પુરા થઈ ગયા હતા. અમે દુલ્હનને લઈને જતા હતા. ત્યારે નવાગામ ચોકડી પાસે આરોપીઓએ ઓવરટેક કરીને કહ્યું કે, તમે લોકો અકસ્માત કરીને આવ્યાં છો. તેમ કહીને અમને રોક્યા હતા. જે બાદ બોલેરોની ચાવી કાઢી લીધી અને રિવોલ્વર દેખાડી હતી. જેથી બધા ડરી ગયા હતા. ગાડીનો દરવાજો ખોલીને બે ત્રણ લોકો ઢસડીને દુલ્હનને ઉઠાવી ગયા હતા. તેઓ પાસે ધારિયા સહિતના હથિયારો હતા. જે બાદ તેઓ બાઈક પર જ રવાના થઈ ગયા હતા.

**ન્યૂઝ બ્રિફ**

### સોજીત્રામાં પાણીજન્ય રોગચાળાએ માથું ઉચક્યું

। (એજન્સી) આણંદ, તા.૨૦ ।

સોજિત્રા નગરપાલિકા વિસ્તારમાં છેલ્લા એક સપ્તાહથી પાણીજન્ય રોગચાળાએ માથું ઉંચક્યું હોય તેવી સ્થિતિ સર્જાઈ છે અને પાણીજન્ય રોગચાળાની ઝપેટમાં આવેલ દર્દીઓની સંખ્યામાં વધારો નોંધાતા મોટાભાગના દર્દીઓ સોજિત્રા પીએચસી સેન્ટર તથા અન્ય કેટલાક ખાનગી દવાખાનાઓમાં સારવાર લઈ રહ્યાં હોવાની માહિતી પ્રાપ્ત થઈ છે. વધુમાં સોજિત્રા પીએચસીના ડોક્ટરના જણાવ્યા અનુસાર છેલ્લા એક સપ્તાહથી રોજની ૧૦૦થી વધુ ઓપીડી નોંધાઈ રહી છે. જેમાં ઝાડા ઉલટીની તકલીફવાળા દર્દીઓની સંખ્યા વધુ જોવા મળી રહી છે. આવા દર્દીઓને દાખલ કરીને બોટલ ચડાવવી, ઈન્જેક્શન આપવા સહિતની સારવાર તબીબ દ્વારા કરવામાં આવી રહી છે. છેલ્લા એક સપ્તાહ દરમ્યાન અંદાજીત ૧૫૦થી વધુ દર્દીઓને દાખલ કરી સારવાર આપવામાં આપવામાં આવી હોવાનું તથા સામાન્ય બીમાર દર્દીઓને દવા આપી હોવાનું તબીબ દ્વારા જણાવાયું છે.

### વિવાદિત બોલથી ઠાકોર અને કોળી સમાજ ભડક્યો

। (એજન્સી) ગીર સોમનાથ, તા.૨૦ ।

ગુજરાતમાં નેતાઓ બાદ હવે કથાકારની જીભ લપસી છે. સ્વામીનારાયણ સંતોના વિવાદિત નિવેદનો બાદ હવે એક કથાકારના બોલ બગડ્યા છે. ગીર સોમનાથના ઉનામાં કથા દરમિયાન કથાકારના વિવાદિત બોલ થતા ઠાકોર સમાજ ભડક્યો છે. સીમરધામમાં રાજુ બાપુના વ્યાસાસને કથા ચાલી રહી હતી. ત્યારે પ્રેમ લગ્નનું ઉદાહરણ આપતા સમયે મહારાજના બોલ બગડ્યા હતા. ચોક્કસ સમાજના યુવાન સાથે લગ્ન કરવા પર બોલ્યા કથાકાર બોલ્યા હતા. જેથી કથાકારના નિવેદન સામે સમાજમાં રોષ વ્યાપી ગયો છે. વિરોધ થતા રાજુબાપુએ બાદમાં માફી માંગતો વીડિયો રજૂ કર્યો છે. જોકે, કથાકાર સામે પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. ગીર સોમનાથના ઊના નજીક સીમરધામ ખાતે કથાકાર રાજૂબાપુના વ્યાસ આસને ચાલતી કથામાં કથાકારની જીભ લપસી હતી.

**ઘણા જિલ્લામાં રેડ અને યલો એલર્ટની આગાહી**

## અમદાવાદમાં ગરમીનો પારો જશે ૪૫ ડિગ્રીને પાર

। (એજન્સી) અમદાવાદ, તા.૨૦ ।

ગુજરાતમાં વરસાદી માહોલ પછી હવે આગ ઓકતી ગરમી પડી રહી છે. ગુજરાતમાં હાલ પશ્ચિમથી ઉત્તર પશ્ચિમના પવનો ફૂંકાઈ રહ્યા છે. જેના કારણે રાજ્યમાં ગરમીનું પ્રમાણ વધી રહ્યાનું હવામાન વિભાગે જણાવ્યુ છે. આ સાથે હવામાન વિભાગે આજે કેટલાક જિલ્લાઓમાં ઓરેન્જ એલર્ટ આપ્યું છે. આ સાથે કેટલાક વિસ્તારોમાં બે દિવસ વોર્મ નાઈટની પણ ચેતવણી આપવામાં આવી છે. હવામાન વિભાગના અમદાવાદ કેન્દ્રના મોસમ વૈજ્ઞાનિક, રામાશ્રય યાદવે ગુજરાતમાં પાંચ દિવસના હવામાન અંગેની આગાહી કરી છે. જેમાં તેમણે જણાવ્યુ છે કે, સૌરાષ્ટ્ર, કચ્છ સહિત ગુજરાતમાં પાંચ દિવસ માટે છૂટાછવાયા સ્થળો પર હીટવેવની આગાહી આપવામાં આવી છે. બનાસકાંઠા, પાટણ, મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, આણંદ, સુરત, વલસાડ આ સાથે સૌરાષ્ટ્રમાં સુરેન્દ્રનગર, ભાવનગર, જૂનાગઢ અને પોરબંદર જિલ્લાઓમાં ઓરેન્જ એલર્ટ આપાવમાં આવ્યું છે. આ સાથે અમરેલી અને સાબરકાંઠામાં પાંચ દિવસ યલો એલર્ટની ચેતવણી આપવામાં આવી છે. આગામી પાંચ દિવસ માટે રાજકોટ મહાનગર પાલિકા દ્વારા રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ સાથે રામાશ્રય યાદવે બે દિવસ વોર્મ નાઈટની પણ આગાહી કરી છે. તેમણે જણાવ્યુ છે કે, આજે અને આવતીકાલ માટે ભાવનગર, અમદાવાદ અને વડોદરામાં વોર્મ નાઈટની વોર્નિંગ આપવામાં આવી છે. મહત્તમ તાપમાન અંગે તેમણે જણાવ્યુ કે, આગામી પાંચ દિવસ માટે મહત્તમ તાપમાનમાં મોટો ફેરફાર નહીં થાય. છેલ્લા ૨૪ કલાકમાં અમદાવાદમાં ૪૪.૯ ગાંધીનગરમાં ૪૪.૨ ડિગ્રી તાપમાન નોંધાયુ છે. જ્યારે આગામી ૨૪ કલાકમાં ૪૫ ડિગ્રી તાપમાન જવાની આગાહી આપવામાં આવી છે. રામાશ્રય યાદવે જણાવ્યુ કે, ગુજરાતમાં પાંચ દિવસ પશ્ચિમથી ઉત્તર પશ્ચિમના પવનો ફૂંકાશે. ઉત્તર પશ્ચિમના પવનો ફૂંકાવવાને કારણે રાજ્યમાં ગરમીનું પ્રમાણ વધી રહ્યુ છે. આગામી પાંચ દિવસમાં એકથી બે ડિગ્રી તાપમાન વધવાની ટેન્ડેન્સી રહેશે. આ સાથે તેમણે જણાવ્યુ કે, હાલ ગુજરાતમાં ગરમીમાંથી રાહત મળશે નહીં. જોકે, બે દિવસ સામાન્ય કરતા થોડો વધારે પવન ફૂંકાશે. ગુજરાતના દરિયાકાંઠે આગામી પાંચ દિવસ માટે હોટ એન્ડ હ્યુમિડની સ્થિતિ બનશે. રાજ્યમાં વધતી ગરમીના કારણે છેલ્લા કેટલાક દિવસોથી ઈમરજન્સી કેસમાં વધારો થયો છે.

**ફાયર બ્રિગેડે ભારે જહેમત બાદ આગને કાબુમાં લીધી**

## ચંડોળા વિસ્તારમાં ત્રણ ગોડાઉનમાં આગની ઘટના

**પ્લાસ્ટિકના ગોડાઉનમાં લાગેલી આગ વિકરાળ બની બાજુના કેમિકલ અને ઓઇલના ગોડાઉન સુધી પ્રસરી ગઈ હતી**

। (એજન્સી) અમદાવાદ, તા.૨૦ ।

અમદાવાદના ચંડોળા વિસ્તારમાં બીઆરટીએસ વર્કશોપ પાછળ આવેલા ત્રણ ગોડાઉનમાં આગ લાગવાની ઘટના બની હતી. ઘટનાની જાણ થતા ફાયર બ્રિગેડની ૧૦થી વધુ ગાડીઓ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. પ્લાસ્ટિકના ગોડાઉનમાં લાગેલી આગ વિકરાળ બની બાજુના કેમિકલ અને ઓઈલના ગોડાઉન સુધી પ્રસરી ગઈ હતી. ફાયર બ્રિગેડની ટીમે ત્રણ કલાકની ભારે જહેમત બાદ આગને કાબુમાં લેવામાં સફળતા મેળવી હતી. આગની ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. ધુમાડાના ગોટેગોટા દુર-દુર સુધી જોવા મળ્યા હતા.

શહેરના ચંડોળા વિસ્તારમાં આવેલા બીઆરટીએસ વર્કશોપની પાછળના ભાગે કેમિકલ અને પ્લાસ્ટિકના ગોડાઉન આવેલા છે. તેમાં પ્લાસ્ટિકના એક ગોડાઉનમાં આગ લાગી હતી, જે પવન અને પ્લાસ્ટિક હોવાના કારણે આગ વધુ ફેલાઈ ગઈ હતી.

**અજાણયા વ્યક્તિના કપાયેલા પગ મળી આવતા ચકચાર**

## આજી નદીના પટમાંથી કોઈ કપાયેલા પગ મળી આવ્યા

**રાજકોટના આજી નદીમાં છોકરાએ હાથ પગ ધોવા જતા એવું કંઈક જોયું કે ક્રાઈમ બ્રાંચ થઇ ગઈ દોડી આવી**

। (એજન્સી) રાજકોટ, તા.૨૦ ।

રાજકોટ શહેરમાં દિવસે ને દિવસે ક્રાઈમની ઘટનામાં વધારો થઈ રહ્યો છે. ત્યારે આજી નદીના પટમાંથી અજાણ્યા વ્યક્તિના કપાયેલા પગ મળી આવતા ભારે ચકચાર મચી છે. માનવ શરીરના કપાયેલા પગને લઈ આસપાસના લોકોમાં કૂતુહૂલ જોવા મળી રહ્યું છે. એક વેપારીએ નદી પાસે આવતા આ પગ જોતા સમગ્ર મામલો સામે આવ્યો હતો. આ અંગે પોલીસને જાણ કરતા ક્રાઈમ બ્રાંચની ટીમે તપાસ હાથ ધરી છે. જણાવી દઈએ કે, પોલીસ આ પગ કોના છે તે અંગે અને બીજા બોડી પાટર્સ ક્યાં છે તે દિશામાં પોતાની તપાસ હાથ ધરી છે. મળતી માહિતી પ્રમાણે, શહેરના આજીડેમ રવિવારી બજાર પાસે આવેલ આજી નદીના પટ માંથી માનવ શરીરના કપાયેલા પગ મળી આવ્યા છે. આજુ નદીના આ પટ્ટમાં દર રવિવારે રવિવારી બજાર ભરાઈ છે. રવિવારીમાં વેપાર કરતા એક યુવકે આ પગ જોતા મામલો સામે આવ્યો હતો.

## અમદાવાદમાં આર.સી. ટેક્નિકલ ખાતે ડિપ્લોમા એડમિશન અંગે માર્ગદર્શન સેમિનાર યોજાશે

। (માહિતી) અમદાવાદ, તા.૨૦ ।

આર.સી. ટેક્નિકલ ઈન્સ્ટિટ્યૂટ, ઝોનલ માહિતી અધિકારીની અખબારી યાદીમાં જણાવાયું છે કે, એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ ડિપ્લોમા કોર્સિસ, અમદાવાદની નોડલ સંસ્થા આર.સી. ટેકનિકલ ઈન્સ્ટિટ્યૂટ, અમદાવાદ દ્વારા ધોરણ ૧૦ પછીના પ્રથમ વર્ષ અને સીટુડીમાં બીજા વર્ષના ડિપ્લોમા ઈજનેરી અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા માટેની ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયાનાં ક્રમિક પગથિયાં સમજવા તથા તેમાં વિદ્યાર્થીઓ અને વાલીઓને પડતી મુશ્કેલીઓ નિવારવા માટે આર.સી.ટી.આઈ, અમદાવાદના તજજ્ઞ અધિકારીઓ દ્વારા ડિપ્લોમા એડમિશન માર્ગદર્શન સેમીનારનું આયોજન તારીખ ૨૩.૦૫.૨૦૨૪ના રોજ બપોરે ૩:૦૦ કલાકે સેમિનાર હોલ, એનેક્ષી બિલ્ડીંગ, આર.સી.ટી.આઈ., અમદાવાદ ખાતે યોજાનાર છે.

## મચ્છી પીઠ વિસ્તારમાં બે જૂથની વચ્ચે પથ્થરમારો

। (એજન્સી) મોરબી, તા.૨૦ ।

મોરબીમાં મોડી રાત્રે મચ્છી પીઠ વિસ્તારમાં જૂથ અથડામણની ઘટના સામે આવી છે. બે જૂથ વચ્ચે પથ્થરમારો અને સોડાની બોટલોથી હુમલો કરવામાં આવ્યો છે. ગુજરાતમાં અવારનવાર જૂથ અથડામણની ઘટના સામે આવતી હોય છે. ત્યારે આવી જ એક ઘટના મોરબીમાં બની છે. મોરબીમાં મોડી રાત્રે મચ્છી પીઠ વિસ્તારમાં જૂથ અથડામણની ઘટના સામે આવી છે. બે જૂથ વચ્ચે પથ્થરમારો અને સોડાની બોટલોથી હુમલો કરવામાં આવ્યો હતો.

## અમદાવાદની ૧૫ મદરેસાએ માહિતી આપવાનો કર્યો ઈનકાર

। (એજન્સી) અમદાવાદ, તા.૨૦ ।

અમદાવાદ શહેરમાં મદરેસાના સરવેનો મામલો સામે આવી રહ્યો છે, જેમાં શહેરની કુલ ૧૭૫ મદરેસાની તપાસ કરાઇ હતી. ત્યારે આમાંથી ૧૫ મદરેસાઓએ માહિતી આપવાનો કર્યો ઈક્રાર કરી દીધો હતો. મદરેસાના સંચાલન અંગે તપાસમાં મોટી જાણકારી સામે આવી છે. મદરેસાને મળતા ફંડિંગ અંગે શિક્ષણ વિભાગને ઠોસ માહિતી મળી ન હતી. મદરેસાનું ફંડિંગ વિદ્યાર્થી પાસેથી અને દાનમાં આવતી રકમથી ચાલતી હોવાની બાબત સામે આવી છે. ત્યારે આ અમદાવાદ ગ્રામ્ય વિસ્તારની ૨૯ મદરેસા પૈકી ૩એ વિગતો આપવાનો ઈક્રાર કરી દીધો હતો. દિલ્હી ખાતેના રાષ્ટ્રીય બાળ અધિકાર સંરક્ષણ આયોગને, રાજ્યના મદરેસાઓને લઈને ફરિયાદ મળી હતી જે બાદ સમગ્ર ગુજરાત રાજ્યમાં ૧૧૦૦થી વધુ મદરેસામાં સર્વે હાથ ધરવામાં આવ્યો હતો.







## હું ફેનિલનો ભાઈ જ છું, ગ્રીષ્માની જેમ તને મારી નાંખીશ

। (એજન્સી) સુરત, તા.૨૦ ।

સુરતની વધુ એક ઘટનાએ ગ્રીષ્મા હત્યાકાંડની યાદ અપાવી છે. ગ્રીષ્માના હત્યારા ફેનિલનું નામ લઈ એક યુવકે યુવતીને ધમકી આપી છે. યુવકે કોર્ટ મેરેજના ફોર્મ પર સહી કરવા યુવતીને દબાણ કર્યુ હતું. ફોર્મ પર સહી નહીં કરે તો હું ફેનિલનો ભાઈ જ છું, ગ્રીષ્માની જેમ તને મારી નાખીશ એવી ફરિયાદી યુવતીને જતીન ગજેરા નામના યુવાને ધમકી આપી હતી. આમ, કતારગામની યુવતીએ જતીન નામના યુવક સાથે સોશિયલ મીડિયા પર મિત્રતા કરવી ભારે પડી હતી. જતીને વ્હોટ્સ એપ પરના ફોટો વાયરલ કરવાની ધમકી આપી લગ્ન કરવા દબાણ કર્યું હતું. જેના બાદ યુવતીએ ચોક બજાર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી છે. પોલીસે જતીન ગજેરાની ધરપકડ કરી છે. સુરતના ચોક બજાર વિસ્તારમાં ઈન્સ્ટાગ્રામ પર મિત્રતા કેળવવી યુવતીને ભારે પડી છે.




માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨